# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका   Bajkhedawal Patrika



વર્ષ : ૦૨   ૨૦૨૬ : જૂન
અંક : ૦૬

**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)
અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન
૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી બાજખેડાવાળ હિત વર્ધક સમિતિ - ભરૂચ

### અખિલ ગુજરાત કક્ષાએ કરાઓકે સિંગિંગ કોમ્પિટિશન

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ ભરૂચ દ્વારા તારીખ ૧૫ ઓગસ્ટ શનિવારના રોજ ભરૂચ ખાતે રાજ્ય કક્ષાએ જ્ઞાતિના ગાયકો -ગાયિકાઓ માટે "કરાઓકે સિંગિંગ કોમ્પિટિશનનું" આયોજન કરવામાં આવ્યું છે. ૧૮ વર્ષથી મોટી ઉંમરના જ્ઞાતિ જનો ભાગ લઈ શકશે. તારીખ ૨૦ જૂન સુધીમાં ફોર્મ તૈયાર થઈ જશે જે ગુજરાતના અગ્રણી જ્ઞાતિજનોને તથા ભાગ લેનારને whatsapp મેસેજ દ્વારા મોકલવામાં આવશે. વિજેતાઓને રોકડ પુરસ્કાર સ્મૃતિ ભેટ, પ્રમાણપત્ર આપવામાં આવશે. ફોર્મમાં સંપૂર્ણ માહિતી હશે

ફોર્મ મેળવવા માટે સંપર્ક - રાકેશ દણાક - ૯૮૯૮૮૫૯૫૯૬, અતુલ ડોલિયા - ૭૬૦૦૭૦૨૬૨૧, કાર્યક્રમ સંબંધી માહિતી માટે સંપર્ક - દીપેન ભટ્ટ-૮૮૬૬૮૫૧૫૫૩

### ચોપડા વિતરણ

દર વર્ષની જેમ રાહત દરે ચોપડાનું વિતરણ કરવામાં આવેલું જેમાં કંદર્પભાઈ દવે રૂ. ૧૧,૧૧૧/- તરફથી તેમના માતાશ્રી સ્વ. દર્શનાબેન પંકજભાઈ દવેના સ્મરણાર્થે અમૂલ્ય દાન આપવામાં આવે છે. જ્ઞાતિના વિદ્યાર્થીઓએ ચોપડા વિતરણમાં ઉત્સાહ ભેર ભાગ લીધો.

| ટ્રસ્ટી/ માનદ મંત્રી | ટ્રસ્ટી/ પ્રમુખ |
|---|---|
| રાકેશ દણાક | પરેશ ભટ્ટ |
| ૯૮૯૮૮૫૯૫૯૬ | ૯૪૦૯૦૪૪૯૪૭ |

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### ગંગાપૂજન

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૫-૫-૨૦૨૬ના રોજ ગંગાપૂજનનું આયોજન પુનિતાશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. આ પૂજનમાં આશરે ૬૫ જેટલા ભાઈ-બહેનોએ ભાગ લઈને શ્રદ્ધાપૂર્વક ગંગાપૂજન સંપન્ન કરેલ.

### ડાન્સ કોમ્પીટીશન

તા. ૩૧-૦૫-૨૦૨૬ના રોજ શ્રી મુક્તજીવન ઓડીટોરિયમ સ્વામિનારાયણ મંદિર ખાતે ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ વર્ષના બાળકથી લઈને ૬૨ વર્ષ સુધીના મહિલાઓએ ભાગ લીધો હતો. ખૂબ જ અદ્દભુત ટેલેન્ટ હતું. બધા જ સ્પર્ધકોએ પોતાની કલાના પ્રદર્શન માટે જીવજાન રેડીને મહેનત કરી હતી. આશરે ૪૬ સોલો ડાન્સ તથા ૧૫ ગ્રુપ ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. માનનીય જજશ્રી તિર્થ રાજ ત્રિવેદી તથા સાથી રીતુ મેડમ દ્વારા ખૂબ જ તટસ્થ રીતે જજમેન્ટ આપવામાં આવ્યા હતા. તેઓનો ખૂબ ખૂબ આભાર. માનનીય શ્રી હિમાંશુભાઈ ભટ્ટ દ્વારા ૨ વાગ્યેથી સાંજે ૭ વાગ્યા સુધી સતત સમગ્ર ઈવેન્ટનું સંચાલન કર્યું હતું. સમગ્ર શ્રી બાજખેડાવાલ મહિલા મંડળ, અમદાવાદના તમામ હોદ્દેદારો,

ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓએ ખૂબ જ જહેમત ઉઠાવીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બધાને ખૂબ ખૂબ અભિનંદન. વિજેતાઓને અભિનંદન તથા તમામ ભાગ લેનારા સ્પર્ધકોનો ખૂબ ખૂબ આભાર કેમ કે જો તેઓ અત્રે ભાગ લેવા માટે જ ન આવ્યા હોત તો આ સમગ્ર કાર્યક્રમ યોજાત જ નહીં. આપ સર્વે જ્ઞાતિજનોનો આમંત્રિત મહેમાનો તથા જ્ઞાતિની ગામેગામથી તથા અમદાવાદ સ્થિત પધારેલ તમામ સંસ્થાઓના સભ્યો, પ્રતિનિધિઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**મેડિકલ હેલ્થ સેમિનાર**

તા. ૧૪–૦૬–૨૦૨૬ના રોજ પૃથ્વી હોટલ ખાતે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા એક મેડિકલ હેલ્થ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેન્ટીસ્ટ શ્રી પૂનમબેન પંડ્યા, ડૉ. મહર્ષિ દ્વારા દાંતની કાળજી, સારવાર અંગેની તમામ માહિતી જ્ઞાતિજનોને આપી હતી તથા તેમને ત્યાં સારવાર લેવા આવનારને ગીફ્ટ વાઉચર આપેલ. જેનો જ્ઞાતિજનોને લાભ મળે. ત્યારબાદ જ્ઞાતિના શ્રી વંદનાબેન ભટ્ટ દ્વારા વેઈટલોસ, વેલનેસ ટ્રીટમેન્ટ, ન્યુટ્રીસન્સના શરીરમાં લાભ, વજન ઘટાડવા તથા નિરોગી રહેવા માટેના તમામ ઉપાયોમાં જીવનની દીનચર્યામાં ફેરફાર કરવાથી થતા ફાયદા અંગેની માહિતી પ્રદાન કરી હતી. સ્ત્રી રોગ નિષ્ણાંત શ્રી કામીનીબેન – વાણી હોસ્પિટલ દ્વારા સ્ત્રીઓના શરીરને લગતા ક્યા કેન્સરની કઈ સારવાર કરવી, કઈ રીતે પ્રીકોશન લેવા, તેને અટકાવવા માટે ક્યા ઉપાય કરવા, તેના અંગે સુંદર માર્ગદર્શન અને માહિતી આપી. સર્વે ડોક્ટરનો ખૂબ ખૂબ આભાર. હાજર જ્ઞાતિના બહેનોએ પોતાને મુંઝવતા પ્રશ્નો પૂછેલ જેના સંતોષકારક જવાબ ત્રણેય વક્તાઓએ આપેલ. સૌ એક સુંદર માહિતી સભર કાર્યક્રમને માણીને ચા–નાસ્તો કરી છૂટા પડ્યા હતા.

**સંસ્થાને મળેલ દાન–ફંડ ભેટ**

(૧) શ્રી ભારતીબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી રૂ. ૧,૨૦,૦૦૦/– (૨) શ્રી પલ્લવીબેન એસ. જોષી તરફથી સ્વ. શ્રી હસુમતીબેન જોષીના સ્મરણાર્થે રૂ. ૧૦૦૦૦/– (3) શ્રી વિજયાબેન ત્રિવેદી રૂ. ૫૦૦૦/– (૪) શ્રી અકુલ પીયુષભાઈ દવે રૂ. ૫૦૦૦/– (૫) ચિ. નમ્રતા તથા ચિ. દેવાંશી રૂ. ૧૪૦૦૦/– (૬) શ્રી મંજરીબેન ત્રિવેદી તથા શ્રી રત્નાબેન ડણાક રૂ. ૧૧૦૦૦/– (૭) શ્રી દીનાબેન રાજેશભાઈ ત્રિવેદી રૂ. ૧૧૦૦૦/– (૮) શ્રી દીપીકાબેન દીલીપભાઈ પંડ્યા રૂ. ૫૦૦૦/– (૯) શ્રી સુરેન્દ્રભાઈ ઠાકર રૂ. ૧૦૦૦/– (૧૦) શ્રી નયનાબેન પી. દવે રૂ. ૫૦૦/– (૧૧) શ્રી રક્ષાબેન ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૧૨) શ્રી કૈલાશબેન પંડ્યા રૂ. ૨૫૦૦/– (૧૩) શ્રી મહેશભાઈ ઠાકર રૂ. ૧૦૦૦/– (૧૪) શ્રી ધારા જોષી રૂ. ૫૦૦/– (૧૫) શ્રી દિપ્તીબેન જોષી રૂ. ૫૦૦/– (૧૬) ચિ. બ્રમાંશ રસેશ દેસાઈ રૂ. ૧૦૦૦/– (૧૭) શ્રી તૃપ્તીબેન જાગૃતિબેન રૂ. ૧૦૦૦/– (૧૮) શ્રી પ્રજ્ઞાબેન દવે રૂ. ૫૦૦/– (૧૯) શ્રી પુષ્પાબેન પંડ્યા રૂ. ૫૦૦/– (૨૦) શ્રી પ્રજ્ઞાબેન દુષ્યંતભાઈ દવે રૂ. ૫૦૦/– (૨૧) શ્રી ભાવનાબેન દવે રૂ. ૫૦૦/– (૨૨) શ્રી શૈલેષભાઈ શેલત રૂ. ૫૦૦/– (૨૩) શ્રી ફાલ્ગુનીબેન પંડ્યા રૂ. ૫૦૦/– (૨૪) શ્રી ભાવનાબેન રૂ. ૫૦૦/– (૨૫) શ્રી પૂર્વીબેન–રેખાબેન રૂ. ૭૫૧/– (૨૬) શ્રી રશ્મીબેન પંડયા રૂ. ૧૦૦૦/– (૨૭) શ્રી શોભનાબેન ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૮) ડૉ. કોમલ પાર્થ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૯) સ્વ. પ્રેમીલાબેન રૂ. ૧૦૦૦/– (30) શ્રી મીનાબેન નરેન્દ્રભાઈ ભટ્ટ રૂ. ૧૦૦૦/– (3૧) શ્રી આરતી શેલત રૂ. ૫૦૦/– (3૨) શ્રી નેહલ રમેશચંદ્ર શેલત રૂ. ૧૦૦૨/– (33) શ્રી સવિતાબેન

શંકરપ્રસાદ દવે રૂ. ૨૦૦૦/- (૩૪) સ્વ. રમેશચંદ્ર ઠાકોરલાલ દવે રૂ. ૧૦૦૦/- (૩૫) શ્રી છાયાબેન આશીકભાઈ મહેતા રૂ. ૫૦૦/- (૩૬) શ્રી હર્ષ દીપકભાઈ ડોલીયા રૂ. ૧૦૦૦/- (૩૭) શ્રી મૃગેશાબેન દેસાઈ રૂ. ૧૦૦૦/- (૩૮) શ્રી ભારતીબેન જે. દવે રૂ. ૧૫૦૦/- (૩૯) શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ રૂ. ૧૦૦૦/- (૪૦) શ્રી નયના પ્રકાશ દવે રૂ. ૧૦૦૦/- (૪૧) શ્રી કુસુમબેન શૈલેન્દ્ર દવે રૂ. ૨૦૦૦/- (૪૨) શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, અમદાવાદ રૂ. ૫૦૦/- (૪૩) શ્રી ભાવિક ડણાક રૂ. ૧૦૦૦/- (૪૪) શ્રી રાજુલબેન ડણાક રૂ. ૫૦૦/- (૪૫) શ્રી બાજખેડાવાળ મહિલા પાંખ-વિદ્યાનગર રૂ. ૧૦૦૦/- (૪૬) શ્રી રક્ષાબેન રતીલાલ દવે રૂ. ૧૦૦૦/- (૪૭) શ્રી નયાબેન ગુણવંતલાલ દવે રૂ. ૫૦૦/- (૪૮) શ્રી સમીરભાઈ સુભાષચંદ્ર દવે રૂ. ૫૦૦૦/- (૪૯) શ્રી ડૉ. વિધી વત્સલ કોટડીયા રૂ. ૧૫૦૧/- (૫૦) શ્રી દુષ્યંતભાઈ ગોપીનાથ દવે રૂ. ૫૦૦૦/- (૫૧) વાણી હોસ્પીટલ - હસ્તે શ્રી દિલીપભાઈ પંડ્યા રૂ. ૫૦૦૦/- (૫૨) શ્રી શૈલેષભાઈ વિનાયકરાવ શુકલના સ્મરણાર્થે હસ્તે મંજુલાબેન વિનાયકરાવ શુકલ રૂ. ૫૧૦૦/-

**ઈનામ વિતરણ**

આગામી નવરાત્રિમાં પાંચમાં નોતરાથી અપાતા ઈનામ અંતર્ગત જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે અભ્યાસ કરતા તથા અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીની દિકરીઓએ પોતાના અરજી શ્રી બાજખેડાવાળ મહિલા મંડળમાં આપી દેવી. તા. ૧૫-૧૦-૨૦૨૬ને ગુરૂવારથી તા. ૧૯-૧૦-૨૦૨૬ સુધીમાં અરજી જમા કરાવી દેવી. દા.ત. એમ.એ., એમ.એસ.સી., એમ.ઈ., એમ.ડી. તથા તમામ માસ્ટર કોર્સ માટે અરજી સ્વીકાર્ય છે.

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ - અમદાવાદ

**હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં પંચકુડી હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરે છે. તો યજ્ઞમાં નામ નોંધાવી દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ મેળવવાની અમૂલ્ય લાભ લેશો.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજીત પંચકુડી હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ તા. ૧૬-૦૮-૨૦૨૬ રવિવાર શ્રાવણ સુદ-૪, સમય સવારે ૮.૦૦ કલાકે પ્રારંભ, શ્રી ફળ હોમવાનો સમય સાંજે ૫.૦૦ કલાકે સ્થળ - શ્રી સોમનાથ મહાદેવ, ગ્યાસપુર, પીરાણા રોડ, શાહવાડી અમદાવાદ

શ્રી લઘુરૂદ્રમાં યથાશક્તિ દાન આપી પવિત્ર શ્રાવણ માસમાં દાનગંગા વાહીવને દેવાધિદેવ મહાદેવશ્રીની કૃપા મેળવવા આપની સહયોગ જરૂરથી આપશો. વધુ માહિતી માટે નીચે મુજબ સંપર્ક કરવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| સ્નેહલભાઈ ભટ્ટ | તરલભાઈ ભટ્ટ | કિરીટભાઈ દવે | અમરીષભાઈ ભટ્ટ |
| પ્રમુખ | મંત્રી | કન્વીનર | સહ-કન્વીનર |
| (મો.) ૯૮૨૪૦૭૭૮૮૧ | (મો.) ૭૦૪૬૦૨૩૯૨૨ | (મો.) ૯૮૭૯૭૫૨૮૦૫ | (મો.) ૯૭૧૪૭૦૭૩૪૯ |

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઅ**

નામ : ચિ. મયંક જીતેન્દ્રભાઈ જોષી ઊંચાઈ : ૫’–૪’’ વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૨૭–૦૮–૨૦૦૩ જન્મસ્થળ : સોજીત્રા જન્મસમય : ૦૮.૦૫ રાત્રે

અભ્યાસ : બી.સી.એ., એમ.સી.એ. (સોફ્ટવેર એન્જીનીયર)

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : ધંધો

માસિક આવક : રૂા. ૪૫૦૦૦/–




ગોત્ર : વચ્છસ્વ

રાશિ : સિંહ

નક્ષત્ર : મઘા

નાડી : અંત્ય

માતાનું નામ : રસીલાબેન જીતેન્દ્રભાઈ જોષી

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : જીતેન્દ્રભાઈ અંબાલાલ જોષી

સરનામું : બી–૧૦૧, પરમ પેરાડાઇઝ, રામેશ્વર સ્કૂલની બાજુમાં, ગોત્રી, વડોદરા

ફોન/મોબાઈલ : ૮૩૪૭૬૪૨૦૬૫, ૯૪૨૪૮૨૯૦૯૩

---

નામ : ચિ. ધ્રુવ જીતેન્દ્રભાઈ જોષી ઊંચાઈ : ૫’–૧’’ વજન : ૬૮ કિલો

જન્મતારીખ : ૧૬–૧૨–૨૦૦૧ જન્મસ્થળ : મુંબઈ જન્મસમય : ૦૫.૩૬ સાંજે

અભ્યાસ : બી.કોમ., એમ.કોમ.

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૫૦,૦૦૦/–




ગોત્ર : વચ્છસ્વ

રાશિ : ધન

નક્ષત્ર : અશ્વિન

નાડી : મધ્ય

માતાનું નામ : રસીલાબેન જીતેન્દ્રભાઈ જોષી

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : જીતેન્દ્રભાઈ અંબાલાલ જોષી

સરનામું : બી–૧૦૧, પરમ પેરાડાઇઝ, રામેશ્વર સ્કૂલની બાજુમાં, ગોત્રી, વડોદરા

ફોન/મોબાઈલ : ૮૩૪૭૬૪૨૦૬૫, ૯૪૨૪૮૨૯૦૯૩

નામ : ચિ. નિકેત હરેશકુમાર શુક્લ ઊંચાઈ : ૫'-૧૦'' વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૧૭-૦૪-૧૯૯૮ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૯.૪.૫૯ સવારે

અભ્યાસ : બેચલર ઓફ એન્જીનીયરીંગ ઈન કમ્પ્યુટર સાયન્સ

મૂળવતન : મહુધા વ્યવસાય : બિઝનેસ

માસિક આવક : -




ગોત્ર : પૌનસ

રાશિ : ધન

નક્ષત્ર : મૂળ

નાડી : આદ્ય

માતાનું નામ : તૃપ્તિબેન હરેશકુમાર શુક્લ

ભાઈ/બહેન : ૧-ભાઈ-પરણિત

પિતાનું નામ : હરેશકુમાર નરહરિપ્રસાદ શુક્લ

સરનામું : ૧૨, ઈન્દ્રપુરી સોસાયટી, જે. કે. નજીક, આણંદ-૩૮૮૦૦૧

ફોન/મોબાઈલ : ૯૮૨૫૨૯૦૮૬૦

## રત્નકણિકા

- દરેકની વાત સાંભળો, બધા પાસેથી કંઈક શીખો કારણ કે, કોઈ પણ એક વ્યક્તિ બધુ નથી જાણતી, પરંતુ દરેક વ્યક્તિ કંઈક ને કંઈક તો જરૂર જાણે છે.
- દરેક માણસો પોતાની એક અલગ પ્રતિભા હોય છે પણ આજનો માણસ પોતાની પ્રતિભા ભૂલીને બીજા પર વધારે ધ્યાન આપે છે.
- બોલશો તો તમે કેવા છો, તે દુનિયાને ખબર પડશે, મૌન રહેશો તો દુનિયા કેવી છે તે તમને ખબર પડશે.
- સફળતાના માર્ગ પર તડકાનું બહુ મહત્વ હોય છે કેમ કે છાંયડો મળતા જ આપણા કદમ રોકાઈ જાય છે.
- "મેં કર્યું", "હું કરી શકું" અને "મારીથી જ થાય" આ ત્રણના હવન કરી દો જિંદગી જીવવાની મજા આવશે.
- એ વ્યક્તિની શક્તિનો કોઈ મુકાબલો થઈ શકતો નથી, જેની પાસે શક્તિની સાથે સહનશક્તિ પણ હોય.
- ભુલી જવું એ સુખી રહેવાની ચાવી છે.
- રખડવું એ ખોટું નથી, પણ રસ્તો સાચો હોવો જોઈએ.
- મનને બદલી શકાય છે, પણ મનમાં હોય તેને નથી બદલી શકાતું.

| | | |
|---|---|---|
| નામ | : | ચિ. નિશાંત જીજ્ઞેશભાઈ દવે (H1B-U.S.A.) |
| ઊંચાઈ | : | ૫'–૧૦'' |
| વજન | : | ૭૮ કિલો |
| જન્મ તારીખ | : | ૦૮–૦૮–૨૦૦૦ |
| જન્મ સમય | : | ૨૧.૨૪ રાત્રે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | બી.ટેક., મુંબઈ, માસ્ટર ઓફ કોમ્પ્યુટર – યુ.એસ.એ. |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | ૧૦૦૦૦ USD |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | જ્યોતિબેન જીજ્ઞેશભાઈ દવે |
| ભાઈ/બહેન | : | ૧–ભાઈ–અપરણિત |
| મોસાળ | : | – |
| પિતા | : | જીજ્ઞેશભાઈ ભરતભાઈ દવે |
| સરનામું | : | ઈ–૧૮૦૫, ઓર્ચીડ સુબરબીયા ઓફ લીંક રોડ, દનસુખવાડી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭ |
| ફોન નં. | : | ૯૮૨૦૯૯૦૦૯૨ |
| મોબાઈલ નં. | : | ૯૮૨૦૯૯૦૦૯૩ |
| ઈ–મેઈલ | : | jiganeshdave@gmail.com |
| સંપર્ક | : | જીજ્ઞેશભાઈ દવે |
| સરનામું | : | ઉપર મુજબ |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | – |
| નોંધ | : | મંગળ–નથી, શનિ–નથી |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | વચ્છસ |
| નક્ષત્ર | : | અનુરાધા |
| રાશિ | : | વૃશ્ચિક |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | વિપ્ર |
| યોનિ | : | મૃગ |
| વર્ગ | : | સર્પ |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પાર્થ કલ્પેશકુમાર ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'–૨'' |
| વજન | : | ૭૦ કિલો |
| જન્મ તારીખ | : | ૧૮–૦૯–૨૦૦૧ |
| જન્મ સમય | : | ૦૩.૧૫ બપોરે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | ધોરણ–૧૨ પાસ |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૨૫૦૦૦/– |
| મૂળ વતન | : | મોઘરોલી |
| માતાનું નામ | : | દિપિકાબેન કલ્પેશકુમાર ભટ્ટ |
| ભાઈ/બહેન | : | નથી |
| મોસાળ | : | અમદાવાદ |
| પિતા | : | કલ્પેશકુમાર નટવરલાલ ભટ્ટ |
| સરનામું | : | એચ–૪૦૪, ધનરાજ હેબીટસ, એસ.એલ.એમ. રોડ, એ.એમ.સી. ગાર્ડનની બાજુમાં, વટવા, અમદાવાદ |
| મોબાઈલ નં. | : | ૯૪૨૭૮૫૨૮૫૯ |
| ઈ–મેઈલ | : | bhattkalpesh2409@gmail.com |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | ૯૪૨૭૮૫૨૮૫૯ |
| પસંદગી | : | સારી–સુશીલ અને સંસ્કારી કન્યા |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | જાતુલસ |
| નક્ષત્ર | : | ઉત્તર ફાલ્ગુની |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | મનુષ્ય |
| વર્ગ | : | ઉંદર |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. આસુતોષ જયેશભાઈ જોષી – કેનેડા સિટીઝન |
| ઊંચાઈ | : | ૫'–૭'' |
| વજન | : | ૫૫ કિલો |
| જન્મ તારીખ | : | ૨૭–૦૧–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૦૯.૩૦ સવારે |
| જન્મ સ્થળ | : | વડોદરા |
| અભ્યાસ | : | બી. ઈ. ઈલેક્ટ્રીકલ |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | કલ્પનાબેન જયેશભાઈ જોષી |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–પરણિત |
| મોસાળ | : | મહેન્દ્રપ્રસાદ પ્રાણશંકર દવે<br>૩, સ્નેહ પાર્ક સોસા., શંકરદાના કુવા પાસે, વૈશાલી રોડ, નડીયાદ |
| પિતા | : | જયેશભાઈ જોષી |
| સરનામું | : | ૧૧, પંચવટી સોસાયટી, બ્રાઈટ સ્કુલ પાસે, વી.આઈ.પી. રોડ,<br>વડોદરા–૨૨ |
| ફોન નં. | : | ૦૨૬૫–૨૪૮૭૭૭૭ |
| મોબાઈલ નં. | : | ૯૪૨૮૭૭૨૨૯૯, ૯૪૯૯૭૭૭૨૭૨ |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | સમકક્ષ |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | પૌનસ |
| નક્ષત્ર | : | અશ્વિની |
| રાશિ | : | મેષ |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | અશ્વ |
| વર્ગ | : | – |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Mrugank Sadaiv Shukla |
| Height | : | 5’-6’’ |
| Weight | : | 52 Kg. |
| Birth Date | : | 28-11-2002 |
| Birth Time | : | 05.25 p.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | M.Tech Aerospace Engineering, (Guided Missiles)<br>B.E. (Aeronautical Eng.) |
| Profession | : | Job |
| Annual Income | : | Rs. 14 Lacs Annual |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Archna Sadaiv Shukla |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Late. Nalinkant Jashvantlal Dave<br>85, Sankalp Residency, Piplag Chowkdi, Nadiad<br>Darshanaben - 8141313806 |
| Father | : | Sadaiv Ghanshyambhai Shukla |
| Address | : | “Karunalay”, A/6, Shyamshundar Sciety,<br>Umabhavan Road, Near Akashdeep Banglows,<br>Anand-388001 |
| Mobile No. | : | 9099017636 |
| E-mail | : | shuklasadaiv@gmail.com |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | 9638118811 (Mother) |
| Choice | : | Well Educated and Family Oriented |
| Note | : | - |
| Gotra | : | Paunanas |
| Nakshatra | : | Purva Falguni-4 |
| Rashi | : | Sinh (Leo) |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Shaktriya |
| Yoni | : | Undar |
| Varg | : | Swan |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Miunal Vasudav Bhatt |
| Height | : | 5’-11” |
| Weight | : | 72 Kg. |
| Birth Date | : | 26-12-1991 |
| Birth Time | : | 10.10 p.m. |
| Birth Place | : | Umreth |
| Education | : | M.Com, CA Inter |
| Profession | : | Business |
| Monthly Income | : | Rs. 50000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Pratimaben A. Bhatt |
| Borther/Sisters | : | 1-Brother-Married, 1-Sister-Unmarried |
| Maternal Place | : | Kantilal Desai-Nadiad |
| Father | : | Vasudev (Ashokbhai) Shantilal Bhatt |
| Address | : | Vagnath Chakla, Umreth |
| Phone No. | : | 9879957019 |
| Mobile No. | : | 9016743106 |
| E-mail | : | - |
| Contact | : | Same |
| Address | : | Same |
| Phone | : | Same |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | લંકાનસ |
| Nakshatra | : | પુ.ફાલ્ગુની |
| Rashi | : | સિંહ |
| Nadi | : | મધ્ય |
| Gan | : | જાતુકર્ણ |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



## સત્ય ઘટના

મોડી રાતનો ૩ વાગ્યાનો સમય

ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન

પ્લેટફોર્મ પર ચારેબાજુ લોકો સૂતા છે. તેની વચ્ચે એક ૭૮ વર્ષના વડીલ બેઠા છે. સફેદ ધોતી અને શર્ટ. હાથમાં વાંસની એક ટોપલી, જે ગરમાગરમ ઈડલીઓથી ભરેલી છે.

"ઈડલી.... ગરમાગરમ ઈડલી... એક રૂપિયો... માત્ર એક રૂપિયો..."

કોઈ ખરીદતું નથી. વર્ષ ૨૦૨૬ ચાલે છે. એક રૂપિયામાં તો ચોકલેટ પણ નથી મળતી, તો ઈડલી ક્યાંથી ? લોકો હસે છે, તેમને પાગલ કહે છે.

મારું નામ અરવિંદ છે. હું એક આઈટી (IT) કંપનીમાં કામ કરું છું. નાઈટ શિફ્ટ પતાવી ઘરે જઈ રહ્યો હતો. એસી ગાડી હતી, ભૂખ પણ લાગી હતી. પણ સ્ટેશનના સ્ટોલ પર ઈડલીનો ભાવ ૫૦ રૂપિયા હતો.

મેં પેલા વૃદ્ધને જોયા. ટોપલીમાં લગભગ ૧૦૦ ઈડલીઓ હતી, પણ એકેય ગ્રાહક નહોતો. તેમની આંખો ભીની લાગતી હતી.

હું ગાડીમાંથી નીચે ઉતર્યો.

"દાદા, એક રૂપિયામાં ઈડલી ? તમને નુકસાન નહીં થાય ?"

તેઓ મલકાયા.

"દીકરા, આ નુકસાન નથી, નફો છે."

"કેવી રીતે દાદા ? ચોખાનો ભાવ, ગેસનો ભાવ એક ઈડલી બનાવતા ઓછામાં ઓછા ૫ રૂપિયા થાય. તમે ૧ રૂપિયામાં વેચો છો ?"

તેમણે ટોપલી બંધ કરી.

"ચાલ તને એક વાત કહું."

"૧૯૭૫ની સાલ હતી. હું ૨૫ વર્ષનો હતો. રેલ્વેમાં કુલીનું કામ કરતો. મહિનાનો પગાર ૧૦૦ રૂપિયા. એક દિવસ ભારે વરસાદ પડ્યો. કામ ન મળ્યું, પૈસા પણ નહોતા. ૩ દિવસથી ભૂખ્યો હતો. સ્ટેશનની બેન્ચ પર જ બેભાન થઈ ગયો."

"ત્યારે એક માજી – જે પ્લેટફોર્મ પર ઈડલી વેચતા હતા, એક રૂપિયાની એક. તેમણે મને બેઠો કર્યો, મોઢા પર પાણી છાંટ્યું અને ૪ ઈડલી ખવડાવી. પૈસા ન માંગ્યા."

"હું રડવા લાગ્યો... મેં કહ્યું મારી પાસે પૈસા નથી. તેમણે મને કહ્યું –

'દીકરા, હું પણ એકવાર ભૂખી હતી. તે દિવસે કોઈકે મને ખવડાવ્યું હતું. મેં સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી એક રૂપિયામાં ઈડલી વેચીશ જેથી કોઈ ભૂખ્યું ન રહે. તું પણ વચન આપ – જ્યારે તું મોટો માણસ બને, ત્યારે કોઈ ભૂખ્યાને આમ જ જમાડજે.'"

વડીલે પોતાની આંખો લૂછી.

"૧૯૯૫માં એ માજી ગુજરી ગયા. મરતા પહેલા તેમણે મારો હાથ પકડ્યો અને પૂછ્યું, 'તું તારું વચન પાળીશ ને?' મેં હા પાડી."

"ત્યારબાદ મેં રેલ્વેના કોન્ટ્રાક્ટ લીધા. ઘણું કમાયો. ત્રણ મકાન છે. બે છોકરાઓ અમેરિકામાં છે. પણ ૧૯૯૫ થી આજ સુધી – રોજ સવારે ૩ વાગ્યે – ૧૦૦ ઈડલી, એક

રૂપિયો. આ સ્ટેશન પર. છેલ્લા ૩૦ વર્ષથી."

મારા રૂંવાડા ઉભા થઈ ગયા.

"દાદા રોજનું ૪૦૦ રૂપિયાનું નુકસાન. મહિને ૧૨,૦૦૦/– વર્ષે દોઢ લાખ ! ૩૦ વર્ષમાં ૪૫ લાખ રૂપિયા !"

"દીકરા, પૈસાની ગણતરીએ નુકસાન છે, પણ દિલની ગણતરીએ નફો છે. ૩૦ વર્ષમાં મેં કેટલા લોકોને જમાડ્યા ? ૧૦ લાખ ઈડલી, ૧૦ લાખ પેટ ઠર્યા, ૧૦ લાખ આશીર્વાદ. એની કિંમત કેટલા કરોડ થાય ?"

ત્યાં જ એક છોકરો દોડતો આવ્યો. ફાટેલું શર્ટ. ઉંમર લગભગ ૧૨ વર્ષ.

"દાદા, ઈડલી ૩ દિવસથી કંઈ ખાધું નથી. મમ્મી હોસ્પિટલમાં છે. પૈસા નથી."

વડીલે પાન પર ૪ ઈડલી મૂકી, ચટણી આપી.

"ધીમે ખા, દીકરા."

છોકરો ખાવા લાગ્યો અને રડવા લાગ્યો.

"હું કાલે પૈસા આપી દઈશ."

"જરૂર નથી. જ્યારે તું મોટો થાય, ત્યારે બીજા કોઈ ભૂખ્યાને જમાડજે. એટલું જ કાફી છે. એ જ મારી ચૂકવણી છે."

છોકરો તેમના પગે પડ્યો.

"હું વચન આપું છું દાદા. હું પણ એક રૂપિયામાં ઈડલી વેચીશ."

મેં ૧૦૦૦ રૂપિયા કાઢ્યા.

"દાદા, પ્લીઝ હું આ બધી ઈડલી ખરીદી લઉં છું."

તેઓ હસ્યા.

"આ કોઈ એક વ્યક્તિને વેચવા માટે નથી. આ ભૂખ્યા લોકો માટે છે. જો તને ભૂખ લાગી હોય તો એક ઈડલી લે. એક રૂપિયો મૂક. બસ એટલું જ."

મેં ૧ રૂપિયો મૂક્યો. એક ઈડલી લીધી. એ મારા જીવનનું સૌથી સ્વાદિષ્ટ ભોજન હતું. હું રડતી આંખે એ ઈડલી ખાતો રહ્યો.

"દાદા, એક વાત પૂછું ?"

"પૂછ, દીકરા."

"તમારા છોકરાઓ વિરોધ નથી કરતા ? એમ નથી કહેતા કે આ પૈસાનો બગાડ છે ?"

તેમણે પોતાનો ફોન કાઢ્યો. વિડીયો કોલ કર્યો. તેમનો દીકરો અમેરિકાથી લાઈવ હતો.

"પપ્પા, ઈડલી વેચાઈ ગઈ ? તમે ઠીક છો ને ? ડોક્ટરે શું કહ્યું ?"

"હું મજામાં છું. આજે એક યુવાન આવ્યો છે, એને આપણી વાત કહી."

તેમના દીકરાએ મને જોઈને સ્મિત આપ્યું.

"સર, આભાર. પ્લીઝ મારા પપ્પાનું ધ્યાન રાખજો. અમે દર મહિને ૫૦,૦૦૦ રૂપિયા મોકલીએ છીએ – માત્ર આ ઈડલીઓ માટે. આ તેમની ઈચ્છા છે અને અમારા આશીર્વાદ છે. તેમનું વચન એ જ અમારું વચન છે."

વડીલે ફોન મૂક્યો.

"જોયું દીકરા ? મારા સંતાનોએ પણ આ વ્રત લીધું છે. હું મરી જઈશ તો પણ આ ટોપલી નહીં અટકે. એક રૂપિયા વાળી ઈડલી નહીં અટકે."

આજે ૨૦૨૬નું વર્ષ છે. એ વડીલ હવે આપણી વચ્ચે નથી. ગયા વર્ષે ૭૯ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. મરતા પહેલા તેમણે મારો હાથ પકડીને કહ્યું હતું :

"દીકરા, આ ટોપલી સંભાળજે. વચન પાળજે."

હવે, રોજ સવારે ૩ વાગ્યે, ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનની એ જ બેન્ચ પર હું બેઠો હોઉં છું. ઈડલીથી ભરેલી ટોપલી સાથે. એક રૂપિયો.

મેં મારી આઈટીની નોકરી નથી છોડી. પણ રોજ સવારે ૨ કલાક ઈડલી માટે આપું છું.

મારી કંપનીમાં ૨૦૦ કર્મચારીઓ છે. દરેક વ્યક્તિ દર મહિને ૧૦૦ રૂપિયાનો ફાળો આપે છે.

"વન રૂપી ઈડલી ટ્રસ્ટ" (એક રૂપિયા ઈડલી ટ્રસ્ટ).

પેલો ૧૨ વર્ષનો છોકરો " ગણેશ" હવે ૧૨માં ધોરણમાં છે. તે ભણે છે અને સાંજે મદદ કરવા આવે છે.

"ભાઈ, મેં પણ વચન લીધું છે. હું જ્યારે મોટો થઈશ, ત્યારે હું પણ આ જ કરીશ."

મિત્રો, પૈસા કમાવવા એ કોઈ મોટી વાત નથી. પણ પૈસાનો ઉપયોગ કરીને પુણ્ય કમાવવું, એ જ સાચી મોટાઈ છે.

જો તમારા ઘરે બાળકો હોય, તો એક નાની બચત પેટી રાખો. રૂ. ૧ પેટી.

તેમને કહો કે રોજ તેમાં ૧ રૂપિયો નાખે. મહિને ૩૦ રૂપિયા થશે. એ પૈસાથી કોઈ ભૂખ્યા વ્યક્તિને ભોજન અપાવો.

કારણ કે ૩૦ રૂપિયા તમારા માટે કદાચ પિઝ્ઝાનો એક નજીવો ખર્ચ હશે.

પણ કોઈ બીજા માટે, એ ૩૦ દિવસનું ભોજન હોઈ શકે છે.

સંકલ્પ કરો : ઓછામાં ઓછા એક ભૂખ્યાને જમાડો.

પૈસા જશે, પણ પુણ્ય રહેશે.

ટોપલી ખાલી થઈ જશે પણ તમારું હૃદય ભરાઈ જશે.

---

પીન્ટુને UK થી ફોન આવ્યો લગ્ન સાદાઈથી કરવા છે.

હું ૧૫ દિવસ માટે ઇન્ડિયા આવું છું. હવે મમ્મી અને તમને હું સાથે લઈને જવાનો છું.

તમારે ઘરનો જે નિર્ણય લેવો હોય તે ત્યાં સુધી માં લઇ લેજો.

કોર્નર ટૅબલ ઉપર મુકેલ પિન્ટુની દાદી અને મારી માઁ ના ફોટો સામે જોઈ હું રડી પડ્યો આજે મારી વાઘણ જેવી માઁ હાજર ન હતી. પપ્પાના અચાનક અવસાન પછી મધદરિયે ચક્રવાર્તી પવન વચ્ચે ફસાયેલ સંસારરૂપી નાવને પુરા આત્મવિશ્વાસ અને હિંમત થી તે કિનારે લાવી.

તેને યાતના ભોગવી લીધી પણ કદી કોઈ પાસે યાચના કરી ન હતી.

આ મધદરિયે ચક્રવાર્તી પવનમાં ફસયેલ સંસારરૂપી નાવને યોગ્ય દિશા ચીંધનાર મારી માઁ હતી અને એ નાવને હલેસા મારનાર હું પોતે હતો.

હું ધીરે ધીરે મારા ભૂતકાળ માં સરકતો ગયો.

મારો પુત્ર પિન્ટુ એન્જીનીયર થઈ ગયો હતો. ભવિષ્યનો વિચાર કરી બે બેડરૂમને બદલે ત્રણ બેડરૂમનો ફ્લેટ લેવાનું અમે વિચાર્યુ જેથી અમને દરેકને અલગ અલગ બેડરૂમ મળે.

વર્તમાન સંજોગમાં ફ્લેટના ભાવો એટલા હતા કે તેટલી મૂડી કાઢવી મારે માટે અશક્ય હતી. નિવૃત્તિના ગણતરીના મહિનાઓ બાકી હતા એટલે લોન માટે વિકલ્પ બચ્યા ન હતા. નિવૃત્તિ સમયે મળતી રકમ પણ નવા ફ્લેટ પાછળ નાખી મારુ નિવૃત જીવન જોખમમાં મુકવા હું માંગતો ન હતો એટલે જૂનો ફ્લેટ વેચી બે પાંચ લાખ ઉમેરી થોડા દૂરના અંતરે ત્રણ બેડરૂમ ના ફ્લેટ માટે અમે વિચાર્યું.

જુનો ફ્લેટ સારા વિસ્તાર માં હોવાથી ભાવ અંદાજે ૮૫ થી ૯૦ લાખ મળતા હતા. અમે ફ્લેટ વેચવાની છાપામાં જાહેરાત આપી. જાહેરાત વાંચી લગ્ન કરેલ મારી નાની બે બહેનો અને બનેવીઓ રવિવારે અચાનક અમારે ઘરે પ્રધાર્યા બન્ને બહેન મારાથી નાની હતી. એક દીપ્તિ બીજી પ્રાપ્તિ દીપ્તિ બોલી મોટા ભાઈ અમે છાપામાં વાંચ્યું છે. તમે પપ્પાનો ફ્લેટ વેચી રહ્યા છો.

મારા વતી હમેશા બોલતી અને ઢાલ બનીને ઉભી રહેતી મારી વાઘણ જેવી માઁ તુરંત બોલી હા તો શું છે ?

મારી માઁની અનુભવી આંખો સમજી ગઈ હતી બેન બનેવીઓ આજે મળવા નથી આવ્યા પણ ફ્લેટ વેચાય તેમાંથી સરખો ભાગ મળે એ માટે ચણો દબાવવા આવ્યા છે.

મેં ૧૨ ધોરણ પાસ કર્યું અને પપ્પાનું અચાનક વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. બન્ને મારી નાની બહેન મમ્મી અને ઘર ચલાવવાની અચાનક જવાબદારી મારા માથે આવી. મારા કોલેજમા જવાના સ્વપ્નાં તૂટી ગયા. મમ્મી નાની ઉંમરે વિધવા બની પણ અમારા બધાની ઉંમર નાની હોવાથી એ તુરત દુ:ખને અંદર દબાવી સ્વસ્થ થઈ ગઈ. મમ્મીએ આસુંની કિંમત મને સમજાવતા કીધું હતું.

લોકોને આપણી ફરિયાદ કે તકલીફમાં રસ નથી, જો જીવન જીવવાનો નિર્ણય જ કર્યો હોય તો સ્વમાન થી ઉચ્ચા માથે પરિસ્થિતિ સામે લડી બહાર આવવું જ રહયું. મમ્મીએ સિવણ કામ ચાલુ કર્યું અને ઘર બેઠા ટ્યૂશન ચાલુ કર્યા મને પપ્પાની જગ્યાએ બેકમાં ક્લાર્ક તરીકે રાખી લેવામાં આવ્યો.

નાની બહેન બોલી ફ્લેટ વેચતા પહેલા અમને જાણ તો કરવી જોઈએ. ને મમ્મી મમ્મી દીપ્તિ સામે જોઈ બોલી. વાત સાચી પપ્પા જીવતાએ મકાન પપ્પાનું હતું. હવે ભાઈનું છે. વેચવું કે ન વેચવું એ તેનો અંગત નિણર્ય છે. તમને જાણ કરવી જરૂરી નથી.

પણ મકાન તો પપ્પાનું હતું તો કાયદેસર ફ્લેટની કિંમતનો સરખા ત્રણ ભાગ ન થાય ? દીપ્તિ બોલી પિન્ટુ અને સ્મિતાને મારી કડક સૂચના હતી અમારી પારિવારિક ચર્ચા થતી હોય ત્યારે તમને પૂછવા માં આવે ત્યારે જ જવાબ આપવો એટલે એ લોકો મૌન બની તમાશો જોઈ રહ્યા હતા.

પિન્ટુને ખબર હતી તેની દાદી દસ ને ભારે પડે તેવી હતી એટલે પિન્ટુ અને સ્મિતા રંગ બદલતી દુનિયા અને સંબધોને ઝીણી આંખે જોઈ રહ્યો હતો.

મારી જિંદગીની કિતાબ આજ સુધી મેં પિન્ટુ સામે ખોલી ન હતી એ કિતાબના એક એક પન્ના આજે અચાનક ચર્ચા દરમિયાન ખુલવા લાગ્યા. પન્ના જેમ જેમ ખુલતા ગયા તેમ તેમ

પિન્ટુની આંખો માંથી આંસુ ટપકવા લાગ્યા.

મારી મમ્મી બોલી કાયદેસરની વાતો તું મને ન સમજાવતી દીપ્તિ તારા બાપના અચાનક અવસાન પછી તારા ભાઈએ પોતાના કોલેજના અને યુવાનીના દિવસો અને અરમાનોની આહુતિ આપી હતી.

૧૨ ધોરણ પાસ કરીએ નોકરીએ લાગી ગયો આ ફ્લેટના અધૂરા હપ્તા જે બાકી હતા તે પેટે પાટા બાંધી તારા ભાઈ ભાભી ભર્યા છે.

મોટા ભાઈએ આ ઘર ચલાવવાની કે તમને માસ્ટર ડીગ્રી સુધી પહોચાડવાની અને લગ્નની જવાબદારીઓ ન સ્વીકારી હોત તો અત્યારે ચાલી ના કોઈ મકાનમાં આપણે જીવન જીવી રહ્યા હોત સમજી.

તારા પપ્પા ગુજરી ગયા ત્યારે તું જાણે છે. તું સાતમાં ધોરણમાં અને પ્રાપ્તિ નવમાં ધોરણમાં હતી.

પોતે બાર ધોરણ સુધી ભણી શક્યો પણ પોતાની બન્ને બહેનો ને માસ્ટર ડીગ્રી અપાવી.

ધામધૂમથી લગ્નમાં કન્યાદાન તારા પિતાતુલ્ય મોટાભાઈ અને ભાભી એ આપ્યું છે. આ બધા ખર્ચ હવામાંથી નથી થયા બેંકેથી છૂટી પાર્ટ ટાઈમ ૪ કલાક નોકરી કરી ઘરે ૧૦ વાગે થાકી ને  આવતો ત્યારે આ પપ્પા ના ગયા પછી ઘર ચાલ્યું છે.

ઘરની જવાબદારી ને કારણે પોતાનું દાંપત્યજીવન પણ બરાબર જીવી નથી શક્યો. LTC મળતી છતાં તમને મૂકી ફરવા નથી ગયો. એ ભાઈ સાથે મકાનમાંથી સરખો હિસો માંગવાની હિંમત તમારી કેમ ચાલી ? શરમ જેવું કંઈ છે કે નહીં ?

મારી અને સ્મિતાની આંખો ભીની હતી. પિન્ટુ તો નીચું માથું કરી સાંભળતો રહ્યો.

મેં કીધું મમ્મી આટલી ગરમ ન થા તેમને તેમના ભાગ ના રૂપિયા મળી જશે.

મેં હાથ જોડી બન્ને બેન બનેવી ને કીધું. મમ્મીનું ખરાબ ન લગાડતા. એ સાચી છે પણ કાયદાની કલમો ફક્ત હક્કની વાત સમજાવવામાં સફળ થાય છે પણ એ વ્યક્તિની ફરજ શુ બને છે એ સમજાવવા માં નિષ્ફળ ગયો છે.

મને થોડો સમય આપો તમે મારી નાની બહેનો છો. તમારા હક્કનું મારાથી ન લેવાય. હાલ પૂરતું ઘર વેચવાનું હું મોકૂફ રાખું છું. પણ તમને ખાતરી આપું છું. જ્યારે પણ ઘર વેચાશે ત્યારે તમને સરખો ભાગ મળી જશે. આટલું બોલી હું અંદર જતો રહ્યો મારી પાછળ મારી મમ્મી અને પિન્ટુ પણ અંદર ના રૂમમાં જતા રહ્યા.

મારી બહેનો એટલું ન સમજી શકી કે હક્ક મેળવવા જતા લાગણીઓના સંબધો પણ ગુમાવ્યા.

આ વાતને પાંચ વર્ષ વીતી ગયા. આજે મમ્મીના ફોટા પાસે મને રડતા જોઈ સ્મિતા પાણી લઈને આવી. મેં સ્વસ્થ થઈ મારી બે બહેનોને ફોન કરી સાંજે ઘરે બોલાવી કીધુ.

હું કાયમ માટે ઇન્ડિયા છોડું છું. પાવર ઓફ એટેરની મેં તમારા નામે કરી છે. આ મકાનનો જે વહીવટ કરવો હોય એ તમારા ઉપર છોડું છું.

પિન્ટુએ તે દિવસના બનાવ પછી મને કીધું હતું પપ્પા પાંચ વર્ષ મોડા લગ્ન કરીશ તો કંઈ

લૂંટાઈ જવાનું નથી. જ્યાં લાગણીના સોદા થતા હોય ત્યાં મારે રહેવું નથી. તમે તમારું જીવન બરબાદ કર્યું પપ્પા હું લાગણીના આવેશમાં આવી મૂર્ખામી કરવા હવે નથી માંગતો. હવે મારુ મન અહીંથી ઉઠી ગયું છે. મારે ઇન્ડિયા માં રહેવું જ નથી.

તેને પાંચ વર્ષ દરમિયાન વિદેશમાં પોતાની લાઈફ બનાવી દીધી છે આવતા અઠવાડિયે ઇન્ડિયા આવે છે. કોર્ટ મેરેજ કરી અમે સહપરિવાર ભારત છોડીયે છીયે.

પપ્પાના ગયા પછી મારા તરફથી તમારી દેખભાળ કરવામાં અથવા પ્રેમ આપવામાં કોઈ કચાશ રહી હોય તો માફ કરજો. તમને મોટા કરતા મને પણ ઘણી આર્થિક માનસિક શારીરિક તકલીફો પડી હશે. છતાં પણ મેં તમને કદી મારા વાક્યબાણથી ઘાયલ નથી કર્યા.

ગત જન્મના કોઈ ખોટા કર્મને કારણે મારા ઉપર અયોગ્ય ઉંમરે મોટી જવાબદારીઓ આવી ગઈ. પણ આ જન્મમાં તમારા હક્કના રૂપિયા મારે પડાવી મારો આવતો જન્મ નથી બગાડવો તમે સદા સુખી સુહાગન રહો એ જ મોટાભાઈના આશીર્વાદ છે. બસ રક્ષાબંધને રાખડી મોકલવાનું ભૂલતા નહિ. તમારો પસલીનો હક્ક તો ચાલુ જ રહેશે કહી હું રડી પડ્યો.

નાની બહેનો પણ રડી પડી. પોતાના બોલવા ઉપર પસ્તાવો થતો હતો. તેઓ એ મારી માફી પણ માંગી.

એ લોકો ના ગયા પછી મેં સ્મિતા સામે જોઈ કીધું.

કોઈએ કવિ સુંદર લખ્યું છે.

દરિયા જેટલું વહાલ ના કરશો કોઈને
ઓટ સમયે બહુ તકલીફ પડે છે
તો મને થયું કે જિંદગી કેટલી ?
અને આજે મને લખવાનું મન થયું
પ્રેમ મળે ત્યાં ડૂબી જઈએ નફરતની ઐસી તૈસી
પ્રેમ મળે ત્યાં બેસી જઈએ, સમયની ઐસી તૈસી
જીવાય એટલું જીવી લઈએ, ધબકારાની ઐસી તૈસી
ચાલ જીવી લઈએ સ્મિતા દુનિયાના જીતાય તો કંઈ નહિ
ચાલ આપણે એકબીજા ના દિલ અને મન જીતી લઈએ..

ચલ સ્મિતા હવે જીવી લઈએ જવાબદારીઓ અને લાગણીઓના બંધનથી મુક્ત થઈ. ચલને સ્મિતા વિશાળ આકાશમાં ઉડતા શીખી લઈએ.

મને માફ કર સ્મિતા મેં પરિવારની જવાબદારી નિભાવતા નિભાવતા તને જાણતા અજાણતા અન્યાય કર્યો છે. તારી આશા અને અરમાનોને કચડી નાખ્યા છે.

સ્મિતા મને ભેટી ભીની આંખે બોલી સંબંધ સાચવતા સાચવતાં સ્વભાવ બદલાઈ ગયો.

માણસ તો એ જ રહ્યો પણ માણસાઈનો ભાવ બદલાઈ ગયા.

જરૂરી નથી કે કોઈને ગિફ્ટ આપવી હોય તો વસ્તુ જ આપવી પડે. પ્રેમ, સન્માન અને લાગણી પણ સૌથી મોટી ગિફ્ટ જ છે.

## એક ડિલિવરી જે જિંદગી બદલી ગઈ

હું ડિલિવરી બોય છું. મોટે ભાગે સાંજની શિફ્ટ કરું છું.

તે દિવસે રાત્રે લગભગ ૯ વાગ્યે છેલ્લો ઓર્ડર ઉપાડ્યો.

રેસ્ટોરન્ટમાંથી પેકેટ લીધું તો જોયું–ઓર્ડર નાનો હતો, બસ એક સાદી ખીચડી, દહીં અને બે કેળાં.

સરનામું શહેરના જૂના વિસ્તારનું હતું.

એક જર્જરિત–સી બિલ્ડિંગ. ઉપર ત્રીજો માળ.

ડોરબેલ દબાવી.

દરવાજો એક વૃદ્ધ અમ્માએ ખોલ્યો.

સફેદ વાળ, કાંપતા હાથ, આંખે જાડા ચશ્માં.

ચહેરા પર થાક હતો, પણ અવાજમાં મીઠાશ –

“બેટા, જરા અંદર મૂકી દેપ હાથ કાંપે છે.”

હું ખાવાનું ટેબલ પર મૂકીને પાછો ફર્યો જ હતો કે તેમણે પૂછ્યું –

“બે મિનિટ બેસીશ?

એકલા ખાવું ગમતું નથી.”

મેં ઘડિયાળ જોઈ.

શિફ્ટ પૂરી થઈ ગઈ હતી.

થોડો થાક્યો હતો.

પણ ખબર નહીં કેમ, હું બેસી ગયો.

રૂમમાં સન્નાટો હતો.

દીવાલ પર જૂની ઘડિયાળ ટક–ટક કરતી હતી.

એક ખૂણામાં ભગવાનની નાની તસવીર.

અને સામે દીવાલ પર ડઝનબંધ ફોટા.

તેમણે થાળી ખોલી.

ધીરે–ધીરે ખીચડી ખાવા લાગ્યાં.

દર બે કોળિયા પછી મારી તરફ જોઈને હસી દેતાં.

પછી બોલ્યાં –

“ખબર છે બેટા, હું રોજ બહારથી ખાવાનું મંગાવતી નથી.

આજે બસ મન થયુંપ કોઈ માણસનો અવાજ સાંભળવાનું.”

હું ચૂપ રહ્યો.

તેમણે સામે લાગેલી તસવીર તરફ ઈશારો કર્યો.

“આ મારા પતિ છે. રેલવેમાં હતા.

પાંચ વર્ષ પહેલાં ચાલ્યા ગયા.”

પછી બીજી તસવીર –

“આ દીકરો છે. કેનેડામાં રહે છે.

ઘણો સારો છે. દર મહિને પૈસા મોકલે છે.”
પછી થોડી વાર ચૂપ રહ્યાં.
હસ્યાં, પણ આ વખતે આંખો ભીની થઈ ગઈ –
“બસ સમય મોકલી શકતો નથી.”
રૂમમાં અચાનક ઘડિયાળની ટક–ટક બહુ જોરથી સંભળાવા લાગી.
તેમણે એક કોળિયો વધુ ખાધો.
“આ દીકરી છે. બેંગલુરુમાં.
પોતાની દુનિયામાં ખુશ છે.
હોવી પણ જોઈએ.
બાળકો જો ઉડે નહીં, તો મા–બાપે ઉછેર્યા જ શું?”
બોલતા–બોલતા તેમનો અવાજ ભરાઈ આવ્યો.
પણ ચહેરા પર ફરિયાદ નહોતી.
બસ ખાલીપો હતો.
તેમણે મને પૂછ્યું –
“તારી મા છે?”
મેં કહ્યું –
“હા.”
“રોજ ફોન કરે છે?”
હું ચૂપ થઈ ગયો.
સાચું એ હતું કે હું પણ કેટલાય દિવસો સુધી ઘરે ફોન કરતો નહોતો.
થાક, કામ, દોડધામ
દર વખતે એમ વિચારીને ટાળી દેતો કે કાલે કરી લઈશ.
તેમણે મારી ચૂપ્પી વાંચી લીધી.
હળવેથી બોલ્યાં –
“મા–બાપ પૈસા ગણતા નથી બેટા અવાજ ગણતા હોય છે.”
મારી અંદર કંઈક ચૂપચાપ તૂટી ગયું.
ખાવાનું પૂરું થયું.
તેમણે પાણી પીધું.
પછી પર્સમાંથી ૫૦૦ રૂપિયા કાઢીને મારી તરફ ધર્યા.
“આ ટિપ નથી.આ એ અડધા કલાકની કિંમત છે, જેમાં તેં મને એકલા ખાવા ન દીધી.”
મેં તરત ના પાડી–“નહીં અમ્મા, આ ન લઈ શકું.”
એ હસ્યાં – “લઈ લે. તેં ખાવાનું પહોંચાડ્યું નથી. આજે તેં સાથ પહોંચાડ્યો છે.”
મેં પૈસા લઈ લીધા. પણ ખિસ્સામાં ન મૂક્યા. હાથમાં જ પકડી રાખ્યા.
જતી વખતે તેમણે કહ્યું – “અને હાપ આજે ઘરે જઈને માને ફોન જરૂર કરજે.”
તે રાત્રે મેં બિલ્ડિંગની નીચે બાઈક સ્ટાર્ટ ન કરી.

પહેલાં માને ફોન લગાવ્યો.

સામેથી અવાજ આવ્યો –

"આજે અચાનક? બધું ઠીક છે ને?"

બસ એટલું સાંભળતાં જ ગળું ભરાઈ આવ્યું.

મેં કહ્યું –

"હા માપ બસ તમારો અવાજ સાંભળવો હતો."

સામે થોડી સેકન્ડ ખામોશી રહી.

પછી મા બોલી –

"જમી લીધું ?"

અને હું રસ્તાની બાજુમાં ઊભો રડી પડ્યો.

તે રાત પછી હું રોજ માને ફોન કરવા લાગ્યો.

અને માત્ર માને જ નહીં – દરેક ડિલિવરી હવે મારા માટે માત્ર ઓર્ડર ન રહી.

કોઈ ઘરમાં દવા જાય છે. કોઈ ઘરમાં એકલતા. કોઈ ઘરમાં રાહ. કોઈ ઘરમાં બસ એક અવાજની જરૂર હોય છે. હું હવે દરવાજો ખુલે ત્યારે ઉતાવળ કરતો નથી.

ચહેરો જોઉં છું. અવાજ સાંભળું છું. ક્યારેક પૂછી લઉં છું –

"અને બધું બરાબર ?"

મોટાભાગના લોકો બસ "હા" કહે છે.

કેટલાક લોકો હસી દે છે.

અને કેટલાકના ચહેરા કહી દે છે કે તેમણે આખો દિવસ કોઈ સાથે વાત નથી કરી.

બે મહિના પછી તે જ સરનામે ફરી ઓર્ડર આવ્યો.

હું દોડીને ગયો.

દરવાજો બીજા કોઈએ ખોલ્યો.

પાડોશવાળા આંટી હતાં.

ધીરેથી બોલ્યાં – "અમ્મા ગયા અઠવાડિયે ચાલી ગયાં."

થોડી સેકન્ડ સુધી હું દરવાજે ઊભો રહ્યો.

હાથ ખાલી હતા, પણ અંદર કંઈક ભારે પડી ચૂક્યું હતું.

તેમણે અંદરથી એક નાનું કવર લાવીને આપ્યું.

"તારા માટે મૂકી ગયાં હતાં."

હાથ કાંપતા કાંપતા ખોલ્યું.

અંદર ૫૦૦ રૂપિયા હતા.

અને એક નાની ચિઠ્ઠી.

એના પર લખ્યું હતું –

"બેટા, જો આ વાંચી રહ્યો છે, તો હું જતી રહી છું. આભાર તે રાત્રે મારી સાથે જમવા બદલ. તેં મને ખાવાનું નહીં, સન્માન આપ્યું. અને હા – માને ફોન કરતો રહેજે

અમ્મા

આજે પણ એ ૫૦૦ રૂપિયા મારી બેગના અંદરના ખિસ્સામાં રાખ્યા છે.
ખર્ચ્યા નથી.
કારણ કે તે રાત્રે પહેલી વાર સમજાયું –
દરેક દરવાજા પાછળ માત્ર એક ગ્રાહક નથી હોતો.
ક્યારેક એક મા હોય છે.
ક્યારેક એક રાહ.
ક્યારેક એક છેલ્લી વાતચીત.
આપણે બધા પોતપોતાની ભૂખ લઈને જીવી રહ્યા છીએ –
કોઈને રોટી જોઈએ,
કોઈને દવા,
અને કોઈને બસ બે મિનિટ સાથ.
માણસને હંમેશા પૈસાની નહીં,
ક્યારેક બસ હાજરીની ડિલિવરી જોઈએ છે.

---

મીસ્ટર દેવાંગ દવે, ટી.વાય.નું વર્ષ છે,એટલે કૉલેજથી આવ્યા પછી ક્યાંય રખડવા જવાનું નથી.” પ્રેમથી આદેશ આપીને અર્ચનાએ મોટાભાઈ સામે હાથ લંબાવ્યો. “બકા, એક્ટિવાની ચાવી આપ. કૉલેજના સમયે મળી જશે.” “અરે મારી બહેન, પપ્પાએ પૈસા મારા ભણવા માટે ખર્ચ્યા છે. તું બહેનપણીઓ જોડે ફરે એ માટે એક્ટિવા નથી અપાવ્યું, સમજી ?”

“તમારે બીજું કંઈ કામ નથી ?” સીમાબહેને બંનેને ધમકાવ્યાં. “રોજ–રોજ ઝઘડવાનું શોભે છે તમને ?” .

“મારાથી દોઢ વર્ષ નાની છે તોય દોઢી થાય છે.” ફરિયાદ સાથે દેવાંગે મમ્મી સામે જોયું. “તેં ચડાવી મારી છે, એટલે મનમાની કરે છે. પપ્પા પણ એને છાવરે છે. મારી નાનકડી ભૂલ હોય તો પૂરું પોણા કલાકનું લેક્ચર સંભળાવે છે ને એને કંઈ કહેતા નથી.”

સીમાબહેન હસી પડ્યાં. “હાઈસ્કૂલના પ્રિન્સિપાલ છે એટલે લેક્ચર આપવાની એમને ટેવ છે.”

“એને ટેવ નહીં, કુટેવ કહેવાય. આપણે સ્કૂલનાં બચ્ચાંઓ નથી.” દેવાંગની રીસ હજુ અકબંધ હતી. એણે ઉભરો ઠાલવ્યો. “એમના હાથ નીચે હતા એ બધા ટ્યુશન કરીને માલામાલ થઈ ગયા. ગણિત અને વિજ્ઞાનમાં માસ્ટરી હોવા છતાં પપ્પાએ સિદ્ધાંતની પૂંછડી પકડી રાખી છે.”

સીમાબહેને એને અટકાવ્યો. “આપણને ઘરમાં શેની ખોટ છે ? વચ્ચે તેં આવી ચર્ચા કરેલી ત્યારે એમને પારાવાર પીડા થયેલી. વિદ્યા અને જ્ઞાનની હાટડી ના મંડાય એવું એ માને છે. એમની માન્યતાને ઠેસ પહોંચે ત્યારે એ દુ:ખી થઈ જાય છે.”

બહાર સાઈકલની ઘંટડી વાગી અને એક યુવાન અંદર આવ્યો. સુખદ આશ્ચર્ય સાથે આવકાર આપીને દેવાંગ એને પોતાના રૂમમાં લઈ ગયો. જતા અગાઉ સીમાબહેનને ચા માટે ઈશારો કરતો ગયો. સીમાબહેન ચા લઈને ઓરડામાં ગયાં ત્યારે દેવાંગ કંઈક બોલતો હતો. પેલો યુવાન ગંભીરતાથી સાંભળતો હતો.

"આ સૌરભ છે, મમ્મી, સૌરભ શુક્લ. કૉલેજના પહેલા દિવસથી અમે સાથે છીએ, પણ ત્રણ વર્ષમાં પહેલી વાર ઘેર આવવાની એને નવરાશ મળી." સીમાબહેને સૌરભ સામે જોયું. ખડતલ શરીર, પારદર્શક નિખાલસ આંખો અને આત્મવિશ્વાસથી છલકાતો ચહેરો. સાદા વસ્ત્રોમાં પણ એનું વ્યક્તિત્વ પ્રભાવશાળી લાગતું હતું. "એફ.વાય. અને એસ.વાય.માં યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવ્યો છે. આ વર્ષે પણ નંબર આવશે, સાથોસાથ સી.એ.ની પણ જોરદાર તૈયારી છે એટલે એ પણ પહેલી ટ્રાયલે થઈ જશે." મમ્મીની સામે જોઈને એ બોલતો હતો એટલે પપ્પા આવીને પાછળ ઊભા હતા એનો એને ખ્યાલ નહોતો. આવા હોંશિયાર ભાઈબંધ પાસેથી કંઈક શીખો, દીકરા !

જિતુભાઈએ પુત્રના ખભે હાથ મૂક્યો. "એની નોટસ્ વાંચીને તો ફર્સ્ટ ક્લાસ લાવું છું." દેવાંગે હસીને જવાબ તો આપ્યો, પણ આંખના ઈશારાથી મમ્મીને કહ્યું કે હવે તું પપ્પાને લઈ જા. સીમાબહેને સૂચન માન્યું. થોડી વાર પછી એ ચા લઈને ત્યાં ગયાં ત્યારે દેવાંગ ચિડાઈને બોલતો હતો. "હવે પછી એક શબ્દ બોલીશ તો આપણો સંબંધ કટ !" ચાના કપ તરફ આંગળી ચીંધીને એણે સૌરભને કહ્યું. "ચા પીને ભાગ"

સૌરભે કપ હાથમાં લીધો. ઝડપથી ચા પતાવીને એણે સાઈકલ મારી મૂકી.

"ઘેર આવેલા ભાઈબંધને આમ ભગાડી મૂકાય ? તારામાં અક્કલ નથી ?" સીમાએ ઠપકો આપ્યો.

"એનામાં અક્કલ નથી, એટલે ધમકાવવો પડ્યો." દેવાંગે ખુલાસો કર્યો. "મને તો એના માટે માન છે. બહુ ખુદ્દાર છે, ત્રણ વર્ષથી સાથે છીએ, સ્વમાની એવો કે ભૂખ્યો રહે તોય કોઈની પાસે હાથ ના લંબાવે. એ છતાં, આજે પહેલી વાર આપણા ઘેર આવ્યો ને ચાર દિવસ માટે ત્રણ હજાર રૂપિયાની જરૂર છે એવું કહ્યું. મેં એને આપ્યા એટલે જાણે હું ભગવાન હોઉં એ રીતે એ મારાં વખાણ કરવા લાગ્યો. મને એ ના ગમ્યું એટલે ધમકાવ્યો."

"તારી વાતમાં વિરોધાભાસ છે. તેં જ કહ્યું કે ભૂખ્યો રહે તોય હાથ ના લંબાવે; તો અત્યારે એણે શું કર્યું ?" જિતુભાઈએ પુત્રની સામે જોયું.

"આપણા ઘેર એ પહેલી વાર આવ્યો એટલે તમે એને ઓળખતા નથી. બાકી અમારી કૉલેજમાં પ્રિન્સિપાલથી માંડીને પટાવાળા સુધીના બધા એને ઓળખે. એ એકલો વટથી સાઈકલ લઈને આવે છે. મા બાપ ગામડે રહે છે. બાપા કર્મકાંડ કરીને ગુજરાન ચલાવે છે. બારમા સુધી ગામની હાઈસ્કૂલમાં ભણ્યો. જિલ્લામાં પહેલો નંબર હતો એટલે હાઈસ્કૂલ તરફથી ઈનામમાં સાઈકલ મળી.

બાપાએ કહ્યું કે શહેરમાં મોકલવાની તારા બાપની શક્તિ નથી. તારામાં ત્રેવડ હોય તો જાતે ગોઠવણ કરીને ભણ. એણે આ પડકાર ઝીલી લીધો. માર્કસ્ સૌથી વધારે હતા એટલે ફી માફી મળી ગઈ. જ્ઞાતિની બોર્ડિંગ એવી જૂનવાણી અને ખખડધજ કે કોઈ સુખી ઘરનો છોકરો એમાં રહેવા માટે તૈયાર ના થાય. એને લીધે એમાં પાંચેક ગરીબ વિદ્યાર્થીઓ જ રહે. અગાઉ એમાં જમવાની સગવડ હતી પણ સંખ્યાના અભાવે રસોડું બંધ કરી દીધેલું. રહેવાનું મફત પણ જમવાની વ્યવસ્થા જાતે કરી લેવાની." દેવાંગ સૌરભની કથા સમજાવતો હતો. "એના ગામના જે લોકો અહીં રહેતા હતા, એમની મદદથી સૌરભે ટ્યુશન શોધી કાઢ્યાં.

સાઈકલ લઈને દોડાદોડી કરીને સેટ થઈ ગયો. પાછો એવું કહે કે ફૂટપાથ ઉપરની હોટલવાળા પાસે ફ્રીઝ ના હોય એટલે ત્યાં ગરમાગરમ રોટલી-શાક ખાવાથી માંદા ના પડાય. કોઈનાય પ્રભાવમાં આવ્યા વગર પોતાની રીતે વટથી જીવે છે. આજ સુધીમાં ક્યારેય બૂટ નથી પહેર્યા કહે કે ટ્યુશન માટે જવાનું હોય એમાં બૂટથી સમય બગડે. મોબાઈલ રાખતો નથી. સાઈકલની એને શરમ નથી. ટ્યુશન આપે તોય યુનિવર્સિટીમાં નંબર લાવે અને સાથોસાથ સી.એ.ની પણ તૈયારી કરે. સાવ ઊંધી ખોપરીનો પણ રીયલી જિનિયસ! મેં મોબાઈલની સલાહ આપી તો કહે કે સી.એ. થઈ ગયા પછી શાંતિથી જીવીશ."

આટલો પરિચય આપીને એણે ખુલાસો કર્યો. "એની બૉર્ડિંગના વૃદ્ધ ગૃહપતિ એમની પત્ની અને દીકરી સાથે ત્યાં એક રૂમમાં જ રહે છે, સાવ ગરીબ છે. એ માજીનો પગ મચકોડાયો ને હાડવૈદ પાસે લઈ જવાના પૈસા નહોતા, એટલે આવેલો. ટ્યુશનના પૈસા ચાર દિવસ પછી આવશે ત્યારે મને પાછા આપી દેશે." "આટલી નૈતિક હિંમતવાળા મિત્રનો તને ગર્વ હોવો જોઈએ." જિતુભાઈએ કહ્યું. "એને જમવાનું કેમ ના કહ્યું ? એ બાપડાને ઘરનું ક્યારે ખાવા મળે?" દેવાંગે હસીને સમજાવ્યું. "અમારા પ્રોફેસર જૈનસાહેબની દીકરીનાં લગ્નની પાંચસો કંકોત્રી લખવાની હતી.

સૌરભના અક્ષર મોતીના દાણા જેવા એટલે રવિવારે સવારે આઠ વાગ્યે સાહેબે એને ઘેર બોલાવ્યો. દોઢ વાગ્યે કામ પત્યું એટલે સાહેબે પ્રેમથી જમવાનો આગ્રહ કર્યો. સૌરભે નિખાલસતાથી સ્પષ્ટતા કરી કે એક જ વાર જમું છું અને એ પણ શુદ્ધ બ્રાહ્મણની જેમ. છતાં સાહેબે પરાણે જમવા બેસાડ્યો. સાહેબનો પરિવાર ચાર માણસનો. દીકરો-દીકરી બહાર હતાં. સાહેબ અને એમનાં મિસિસ એ આવે એ પછી જમવાનાં હતાં. સર્કસનો ખેલ જોતા હોય એમ એ પતિ-પત્ની જોઈ રહ્યા. ચારેયનું ભોજન તળિયાઝાટક કરીને સૌરભ થેંક્યુ કહીને ઊભો થયો !" લગીર અટકીને એણે ઉમેર્યું. "બીજા દિવસે જરાયે શરમ કે સંકોચ વગર આ કથા કહીને અમને હસાવેલા!" "દંભ વગરના આવા માણસ ઉપર આંધળો વિશ્વાસ મૂકી શકાય." આટલું બોલીને જિતુભાઈ ઊંડા વિચારમાં ડૂબી ગયા.

એ પછી તો પંખીની પાંખે બેસીને સમય પસાર થવા લાગ્યો. બી.કોમ.થયા પછી દેવાંગને એના મામાએ મુંબઈ બોલાવીને પોતાના ધંધામાં બેસાડી દીધો. એ દિવસે પપ્પા કયા વિચારમાં ખોવાઈ ગયા હતા એનો તાળો દેવાંગને ત્રણ વર્ષ પછી મળ્યો. અર્ચના માટે મુરતિયાની શોધ ચાલતી હતી, પણ મેળ પડતો નહોતો. દેવાંગ મુંબઈથી આવ્યો ત્યારે પપ્પાએ મોં ખોલ્યું. "બહુ મુરતિયા જોયા પણ મન માનતું નથી. તારો મિત્ર સૌરભ ક્યાં છે? મારી દૃષ્ટિએ અર્ચના માટે એનાથી ઉત્તમ કોઈ નથી." "તારા પપ્પાની પરખ સો ટચના સોના જેવી છે." મમ્મીએ ઉમેર્યું. "અર્ચનાને એ સુખી કરશે. આવો પાણીદાર અને નિખાલસ જમાઈ મળે તો આપણે કોઈ ઉપાધિ નહીં. તું એને ઘેર બોલાવ."

દેવાંગને આનંદ થયો. આ ત્રણ વર્ષમાં સંપર્ક રહ્યો નહોતો. મિત્રો પાસેથી માહિતી મળી કે સારા રેક સાથે સી.એ. થઈને સૌરભ એક મલ્ટિનેશનલ કંપનીમાં જોડાયો છે. દેવાંગ એની ઑફિસે પહોંચ્યો. આલિશાન ચેમ્બરમાં બ્રાન્ડેડ વસ્ત્રો અને બૂટ છતાં, સૌરભના ચહેરા પર હજુ એ જ નિખાલસતા ઝળહળતી જોઈને દેવાંગની આશાને ટેકો મળ્યો. "મુંબઈમાં મામાના

ધંધામાં જોતરાયા પછી અમદાવાદ નહોતું અવાતું. આ વખતે બે દિવસનો ચાન્સ મળ્યો એટલે તને શોધી કાઢ્યો. હાઉ ઈઝ લાઈફ ?" આટલું કહીને સૌરભનો જવાબ સાંભળવા એણે ખુરશી નજીક ખેંચી. "સારો પગાર છે, કંપનીએ ફર્નિશ્ડ ફ્લેટ અને કાર માટે વગર વ્યાજે લોન આપી છે. સ્વપ્નામાં પણ નહોતું જોયું એવું સુખ સાચુકલું મળ્યું એટલે ભાગ્ય ઉપર ભરોસો નથી બેસતો." આટલું કહીને એણે દેવાંગ સામે જોયું. "અલબત્ત, અંદરથી નથી બદલાયો. ફૂટપાથની હોટલમાં વીસ રૂપિયામાં જમીને આખો દિવસ સાઈકલ લઈને દોડતો હતો, એ જ સૌરભ છું."

"હવે તો વ્યવસ્થિત જમે છે ને ?" પરોક્ષ રીતે જાણકારી મેળવવા દેવાંગે પૂછ્યું. "હવે સમયસર ના જમું તો કલ્યાણી કકળાટ કરી મૂકે." સૌરભ બોલ્યો એટલે દેવાંગ આશ્ચર્યથી તાકી રહ્યો. "અચાનક તદ્દન સાદાઈથી લગ્ન કર્યાં એટલે કોઈ મિત્રને નહોતા બોલાવ્યા." એનો અવાજ ગંભીર બન્યો. "સી.એ.નું રિઝલ્ટ આવ્યું એ અગાઉ માતા–પિતાને ગૂમાવી ચુક્યો હતો. નોકરી ના મળે ત્યાં સુધી બોર્ડિંગમાં રહેવા માટે સંમતિ મેળવી લીધેલી.

નોકરીનો ઑર્ડર આવ્યો એ જ અરસામાં એક કરૂણ ઘટના બની. ગૃહપતિ હરિકાકા સવારે દૂધ લેવા જતા હતા ત્યાં કોઈ વાહનની ટક્કરથી અવસાન પામ્યા. બચતના નામે મીંડું અને આવક બંધ. ઉપર આભને નીચે ધરતી જેવી દશામાં માજી અને દીકરી કલ્પાંત કરતા હતા." એના અવાજની વેદના વધુ ઘેરી બની. "બૉર્ડિંગમાં રહ્યો એ વર્ષો દરમિયાન હરિકાકા, કાકી અને એમની દીકરી કલ્યાણીનું અનાયાસે નિરીક્ષણ કરેલું. બારમા પછી કલ્યાણીએ અભ્યાસ છોડી દીધો હતો.દેખાવે નમણી ને આખા ઘરનું કામ સંભાળતી હતી.

માજી માથું પટકીને રડતાં હતાં કે હવે ક્યાં જઈશું ને શું કરીશું ? દેવા, સતત અભાવમાં ઉછર્યો છું અને ગરીબીનો પૂરો પરિચય છે. કાચી સેકન્ડમાં નિર્ણય લઈને મેં પૂછ્યું કે મારા ઉપર ભરોસો છે ? તમારી દીકરી દુઃખી નહીં થાય ને તમે પણ સાથે રહેજો." ઊંડો શ્વાસ લઈને એણે ઉમેર્યું. "આકાશમાંથી જાણે કોઈ દેવદૂત આવ્યો હોય એમ ભીની આંખે માજી મારી સામે તાકી રહ્યાં ને કલ્યાણીએ મારા પગ પકડી લીધા. એનાં આંસુનો અભિષેક મારા પગ ઉપર થતો હતો.

આમ, ગરીબ મા–દીકરીને બેહાલ થતાં બચાવ્યાં અને ઘરસંસાર વસાવ્યો." સામે બેઠેલા સૌરભના વિરાટ વ્યક્તિત્વ સામે આદરભાવથી તાકી રહેવા સિવાય દેવાંગને હવે કંઈ બોલવાનું નહોતું.

–મહેશ યાજ્ઞિક

---

## ગડબડ ક્યાં થઈ ?

એક બહુ જ હોશિયાર છોકરો હતો. હમેશા ફર્સ્ટ જ આવતો.

આવા છોકરાવને બહુ જ જલ્દી સિલેક્સન મળી જાતુ હોય છે એમ આ છોકરાને પણ મળી ગયું. IIT ચેન્નઈ માં B.Tech કર્યું અને પછી અમેરિકા જઇ ને સ્મ્છ કર્યું.

તરત જ નોકરી મળી ગઈ અને દેશ માં ખૂબ જ સુંદર કન્યા સાથે પરણી ગયો અને ૩ બેડના ફ્લેટમાં આરામની જિંદગી જીવવા લાગ્યો.

સુખ અને માત્ર સુખ જ હતું છતાં એણે એક દિવસ સ-પરિવાર આત્મહત્યા કરી લીધી.

What Went Wrong ? ગડબડ ક્યાં થઈ ?

આ પગલું ભરતા પહેલા એણે કાયદેસર રીતે બધુ જ સમજી વિચારી ને પોતાની પત્ની સાથે ચર્ચા કરી ને સ્યૂસાઇડ નોટ માં લખ્યું કે અત્યારની પરિસ્થિતી માં આ જ પગલું શ્રેષ્ઠ છે !

એના આ કેસ ને અને સ્યૂસાઇડ નોટ ને California Institute of Clinical Psychology એ 'What went wrong ?' જાણવા માટે સ્ટડી કર્યો !

કારણો મળ્યા, અમેરિકાની આર્થિક મંદીના લીધે એની નોકરી ગઈ. પછી બીજી નોકરી મળી જ નહીં. પગાર ઓછો કરવા છતાં ૧૨ મહિના નોકરી ના મળી અને મકાનના હપ્તા અને ઘર ખર્ચ કાઢતા રોડ પર આવી જાય એવી હાલત થઈ.

થોડા દિવસ પેટ્રોલ પંપ પર નોકરી કરી ને ઘર ચલાવ્યું એવું જાણવા મળ્યું, પણ પછી થોડા જ સમયમાં સ-પરિવાર આત્મહત્યા કરી લીધી !

આ કેસને સ્ટડી કરતાં એક્સપર્ટ તારણ પર આવ્યા કે "This man was programmed for success but he was nO trained how to handle failure." મતલબ કે આ વ્યક્તિને સફળ કેમ થાવું એ તો શીખવાડવામાં આવ્યું હતું પણ અસફળતાનો સામનો કેમ કરવો એ નો'તુ શિખવાડ્યું !"

એના માં બાપે હમેશા એણે ફર્સ્ટ કેમ આવવું એ જ શીખવ્યું અને દુનિયાના ઉતાર ચડાવ દેખાડયા જ નહીં અને બસ રૂમ માં બેસાડી ને ભણ-ભણ જ કહ્યે રાખ્યું.

મિત્રો, બાળકોને શિક્ષણ જરૂર આપો પણ સાથે સાથે આ જંગલરૂપી દુનિયામાં કેમ ટકવુ એ સંસ્કાર અને શીખ પણ આપો.

દરેક પરિસ્થિતીનો ધીરજ સાથે સામનો કેમ કરવો, વિવેક રાખવો અને સહનશીલતા રાખવી એ પણ શીખવાડો !

---

## ડો. શરદ ઠાકર

મને બચાવવાનો એક જ રસ્તો છે, મારી સાથે લગ્ન કરી તમારા દેશમાં બોલાવી લો !

હું તમને બોજારૂપ નહીં બની રહું. ત્રીસ વરસનો વરદાન વસાવડા નવરાશની પળોમાં લેપટોપ સાથે સંવનન કરતો બેઠો હતો, ઇન્ટરનેટ ઉપર એક મેઇલ વાંચીને એ ચમક્યો

'મારું નામ શર્લી.' હું સેનેગલ નામના દેશમાં જન્મેલી એક કમનસીબ યુવતી છું. કુંવારી છું. મારી ઉંમર ચોવીસ વરસ છે. મારી દાસ્તાન બહુ કરુણ છે. વરદાનને રસ પડ્યો. આ દેશમાં જુવાન છોકરીઓની કરુણકથામાં રસ ધરાવતા લાગણીશીલ યુવાનોની કમી નથી.

શર્લી આગળ લખતી હતી: 'જો તમને જગતની ગતિવિધિઓ જાણવાનો શોખ હશે તો તમને એ વાતની ખબર હશે જ કે સેનેગલમાં અત્યારે ભયંકર ઊથલપાથલ ચાલી રહી છે. આખો દેશ સિવિલ વોરમાં સપડાઇ ચૂક્યો છે. બે અલગ-અલગ કોમો વચ્ચે ભયાનક ખૂનામરકી જામેલી છે.' વરદાનને યાદ આવ્યું, થોડાક સમય પહેલાં એણે અંગ્રેજી અખબારમાં સેનેગલના આંતરવિગ્રહ વિશે આવું કશુંક વાંચ્યું હતું ખરું, પણ સેનેગલ અમેરિકા, ઇંગ્લેન્ડ કે ઓસ્ટ્રેલિયા જેટલો દેશ ન હોવાને કારણે અને ત્યાં ભારતીય વસાહતીઓની સંખ્યા ઝાઝી નહીં હોવાને

કારણે એણે એ સમાચારો પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું ન હતું, પણ એ તો અંગ્રેજી અખબાર હતું, જ્યારે અહીં તો શર્લી જેવી ખૂબસૂરત આપવીતી પીરસી રહી હતી. પછી તો ધ્યાન આપવું જ પડે ને, ભાઇ !

કુમારી શર્લી લખતી હતી: 'હાલમાં હું રાહત છાવણીમાં જીવી રહી છું. મારા પપ્પા સેનેગલ ગવર્નમેન્ટના ઉચ્ચ સ્તરના સચિવ હતા. અમે વર્ણવી ન શકાય એવી સમૃદ્ધિમાં જીવતા હતા. પપ્પા ખૂબ ધન કમાયા હતા. એક દિવસ અચાનક ઝનૂની તોફાનીઓનું એક મોટું ધાડું અમારા મહેલ જેવડા મકાન ઉપર ધસી આવ્યું. પપ્પા કોઇને ફોન કરે તે પહેલાં જ આક્રમણખોરોએ એમની હત્યા કરી નાખી. પછી તો હત્યારાઓએ મારી મા, બહેન અને બે ભાઇઓને પણ મારી નાખ્યા. હું તે સમયે બંગલાની પાછળના મેદાનમાં 'જોગિંગ' કરતી હતી, એટલે બચી ગઇ. બંગલામાં લૂંટફાટ કરીને તોફાનીઓ નાસી ગયા. હું જ્યારે પાછલા બારણેથી ઘરમાં પ્રવેશી ત્યારે.' શર્લીએ ત્યારે શું જોયું એ એણે તો લખ્યું જ હતું, પણ ન લખ્યું હોત તોયે વરદાન સમજી શક્યો હોત.

લૂંટાઇ ગયેલું ઘર અને ફૂટી ગયેલું તકદીર. લોહીના ખાબોચિયા અને લાશોનો સમૂહ. ઓરડામાં ઘૂમરાતી દહેશતની હવા અને ગમે તે ઘડીએ બીજો હુમલો થવાની આશંકા. શર્લી શું કહેતી હતી ? વાંચો : 'આટલો ઓછો સમય મળ્યો હતો, તો પણ મારી બહેનની લાશ નિર્વસ્ત્ર હતી. હું ફફડી ઊઠી. દોડીને પોલીસ સ્ટેશને જઇ પહોંચી. ત્યાં પણ મને સલામતી ન લાગી.

સરકારે મને રાહત છાવણીમાં મોકલી આપી. અહીં મારા જેવી અસંખ્ય છોકરીઓ જોવા મળે છે. એ બધીઓની દાસ્તાન મારા જેવી જ છે. અમે ભયંકર ઓથાર હેઠળ દિવસો પસાર કરીએ છીએ. અમારી રક્ષા કરવા માટે તૈનાત કરાયેલા સંત્રીઓ પણ અમારી તરફ વાસનાભરી નજરે જોઇ રહ્યા છે. સ્નાન કરવા માટે અહીં કંતાનની દીવાલો ઊભી કરીને કામચલાઉ બાથરૂમ બનાવવામાં આવ્યા છે, પણ અમને ડર લાગે છે. ત્યાં સ્નાન માટે ગયેલી ચાર છોકરીઓ ચોકિયાતોના હાથે બંદૂકની અણીએ પીંખાઇ ગઇ છે. હું વિશ્વભરના પુરુષોને હૃદયપૂર્વક અરજ કરું છું કે અમને આ નરકમાંથી છોડાવો.'

વરદાને ત્યારે ને ત્યારે જ ઇ–મેઇલ મોકલી આપ્યો : 'બીજી બધી છોકરીઓની વાત પછી, પહેલાં તને છોડાવવા માટે શું કરી શકાય એ બતાવ.' એક કલાક પછી શર્લીનો જવાબ આવ્યો: 'તમારી લાગણી માટે આભારી છું. આ નર્કમાંથી મને બચાવવાનો એક જ રસ્તો છે, મારી સાથે લગ્ન કરી લો !

મને પત્ની બનાવીને તમારા દેશમાં બોલાવી લો! હું તમને બોજારૂપ નહીં બની રહું. મારા પપ્પા અત્યંત ધનાઢ્ય હતા. બેંક ઓફ કુવૈતની ઇંગ્લેન્ડની શાખામાં એમના પંચોતેર લાખ પાઉન્ડ જમા બોલે છે. કાયદેસર હું એમની તમામ સંપત્તિની એકમાત્ર વારસદાર છું. વરદાને જોયું કે શર્લીએ એના ફોટોગ્રાફ્સ પણ સ્ક્રીન ઉપર મોકલ્યા હતા. શર્લી શ્યામવર્ણી હતી, ઉપરથી પંચોતેર લાખ પાઉન્ડનો માલિકી હક્ક ? કંચન અને કામિનીના બેવડા મોહપાશમાં બંધાઇ જવાનું કોને ન ગમે ?

પણ વરદાન વસાવડા જરાક જુદી માટીનો પુરુષ હતો. બત્રીસમા વરસ સુધીએ સ્વેચ્છાએ કુંવારો રહ્યો હતો. માત્ર પરણવા ખાતર પરણી નાખવું એ એનું ધ્યેય ન હતું. આજે પહેલી વાર

એને લાગ્યું લગ્ન કરવા માટે એ ઇચ્છતો હતો એવું મજબૂત કારણ એને મળી ગયું હતું.

પરાજિત રાજાના કેદખાનામાં પુરાયેલી રાજકુંવરીઓને છોડાવવા શ્રીકૃષ્ણનો આદર્શ વરદાનમાં જાગ્રત થઇ ઊઠ્યો. એણે લખી મોકલ્યું : 'શર્લી, ડોન્ટ વરી. હું તારી સાથે લગ્ન કરીશ. મારા મિત્રોને સમજાવીશ, તેઓ પણ તારી છાવણીમાં જીવતી યુવતીઓને.' હવે લાખ રૂપિયાનો પ્રશ્ન સામે આવતો હતો: 'આ બધું પાર શી રીતે પાડવું ? લંકાની લાડી ને ઘોઘાનો વર. સેનેગલની શર્લી અને અમદાવાદના વાડજનો વરદાન.'

ઉપાય શર્લીએ બતાવ્યો : 'તમે દિલ્હી જઇને અમારા હાઇકમિશ્નરને મળો. પછી મને ઇન્ડિયામાં બોલાવવા માટેની વિધિ પાર પાડો. મારી પાસે તો પાસપોર્ટ-વિઝા કઢાવવા જેટલાયે પૈસા નથી. એના માટેના એક હજાર પાઉન્ડ તમારે જ મોકલવા પડશે. હું ત્યાં આવું એટલે પછી તરત આપણું લગ્ન અને પછી બ્રિટનની બેંકમાં પડેલા પંચોતેર લાખ પાઉન્ડ તમારા એકાઉન્ટમાં ટ્રાન્સફર !

આપણે હનિમૂન માટે ક્યાં જઇશું, ડિયર ? વરદાનને યાદ આવી ગયું, આવી રીતે છેતરપિંડીઓ આજ-કાલ બહુ ચાલે છે. એણે સેનેગલની એમ્બેસીમાં ફોન કર્યો. પછી સેનેગલમાં ભારતીય દૂતાવાસમાં પૂછપરછ કરી. બંને ઠેકાણેથી માહિતી આવી ગઇ, 'સેનેગલમાં અત્યારે આંતરવિગ્રહ ચાલે છે એ વાત સાવ સાચી છે. અનેક છોકરીઓ રાહત છાવણીમાં આશરો લઇને બેઠી છે. બળાત્કારો એ અહીંની રોજિંદી ઘટના બની ગઇ છે. અને જો કોઇ વિદેશી યુવક લગ્ન નિમિત્તે આવી યુવતીને અહીંથી છોડાવી શકે તો એ ખરેખર પુણ્યનું કામ ગણાશે'

વરદાને નક્કી તો કરી જ નાખ્યું કે શર્લીને શ્રીમતી વસાવડા બનાવી જ દેવી છે, પણ હજુ એના મનમાં થોડી-ઘણી શંકા રહી જતી હતી કે આ શર્લી પોતાને ક્યાંક 'બનાવી' ન જાય ! એક હજાર પાઉન્ડ (૨૦ વર્ષ પહેલા) એટલે આશરે પોણા લાખ રૂપિયાનો મામલો હતો, ભાઇ !

આ મૂંઝવણમાંથી બહાર નીકળવાનો રસ્તો આપોઆપ અને અનાયાસ વરદાનની સામે આવી ગયો. ગ્રેટ બ્રિટનના એક મોટા ગજાના રાજદ્વારી મિ. ગ્રેહામ ડલ્લાસનો ઇ-મેઇલ આવ્યો: 'મિ. વસાવડા ! વ્હોટ આર યુ ડુઇંગ ? તમને ભાન છે કે આટલું મોડું કરીને તમે શર્લીનો જાન જોખમમાં મૂકી રહ્યા છો ? તમને વિશ્વાસ ન પડતો હોય તો એકવાર જાતે સેનેગલ જઇને તપાસ કરી આવો ! હું તમને વિશ્વાસ અપાવું છું કે એ છોકરી સાચે જ તમને પરણવા માગે છે. અમારા દેશમાં એના પિતાના બેંક ખાતામાં ખરેખર પોણો કરોડ પાઉન્ડ જમા થયેલા છે. હું એક અધિકૃત ઉચ્ચ અફસર તમને આ બધું જણાવી રહ્યો છું. હું બ્રિટન તરફથી ઇન્ડિયા ખાતે નિમાયેલો હાઇકમિશ્નર ખુદ, જાતે, પોતે છું. હવે તો તમારી ચીકણાશ છોડો !'

વરદાને ઇ-મેઇલ કર્યો, 'મને પંચોતેર લાખ પાઉન્ડની લાલચ નથી, સર, મને તો મારા પંચોતેર હજારની ફિકર છે. એટલે જ આ બધું પૂછવું પડે છે.' મિ. ડલ્લાસ બગડ્યા: 'એમ વાત છે ? સારું, તો પછી આવતા અઠવાડિયે હું ઇન્ડિયા આવી રહ્યો છું. શર્લીના પિતાના પંચોતેર લાખ પાઉન્ડ સાથે લઇને આવું છું. બેંક સાથે હું સમજી લઇશ. તમે મુંબઇ આવી શકશો? નહીંતર હું અમદાવાદ આવી જઇશ.

સેનેગલની શર્લીની જિંદગી બચાવવા ખાતર અમદાવાદી યુવાન ભલે ઘરની બહાર ન નીકળી શકે, પણ બ્રિટનનો રાજદૂત છેક ગુજરાત સુધી લાંબો થઇ શકે છે. અને હા, એક

વાત યાદ રહે, શર્લીના પૈસા તમારા ખાતામાં તબદીલ કરવા માટે અહીંની બેંકને તમારે સાતસો પાઉન્ડ ટ્રાન્સફર મની પેટે આપવાના રહેશે. એ રકમ તૈયાર રાખજો !'

વરદાન હવે માની ગયો, પણ આખરે ગુજરાતી ખરો ને! છેલ્લે સળી કર્યા વગર એ ન રહ્યો : 'મિ. ડલ્લાસ, મારે આપનું ઓળખપત્ર જોવું છે. મોકલી આપશો ?'

અંગ્રેજ બચ્ચો ફરી પાછો બગડ્યો, 'તમને ભાન છે કે તમે કોનું અપમાન કરી રહ્યા છો ? જવા દો, તમારા જેવું કોણ થાય ? મારું આઇ-કાર્ડ સ્કેન કરીને મોકલું છું. આંખો ફાડીને વાંચી લેજો !' વરદાને આઇ-કાર્ડ વાંચી લીધું, સૂંઘી લીધું, ચાખી લીધું. પછી બ્રિટનના કોન્સ્યુલેટમાં તપાસ કરી. પાછો મિ. ડલ્લાસને મેઇલ મોકલ્યો: 'બ્રિટનના હાઇકમિશ્નરોની વિશ્વભરની યાદીમાં તમારું નામ કેમ નથી ?'

મિ. ડલ્લાસ હસ્યા, 'અરે, મૂર્ખ ! તને એટલું પણ જ્ઞાન નથી કે અમારી સરકાર હમણાં જ બદલાઇ ગઇ છે ? નવી સરકારે મારી નવી નિમણુંક તો કરી દીધી છે, પણ વિશ્વભરના કોન્સ્યુલેટોમાં નવા રાજદૂતોની યાદી મોકલવાની હજુ બાકી છે. મારું આઇ-કાર્ડ તને ઓછું પડે છે ?'

વરદાન મૂંઝાઇ ગયો. શું કરવું ? એક બાજુ શર્લી બીજી તરફ બેંકમાં પડેલું એના બાપનું ધન હતું અને ત્રીજી તરફ અમદાવાદી માણસનું શંકાશીલ મન હતું. દાળમાં કોકમ સિવાય બીજું જે કંઇ કાળું દેખાય એની ખાતરી તો કરી લેવી પડે ને ?

છેવટના ઘા તરીકે વરદાને ઇંગ્લેન્ડના વિદેશ મંત્રાલયને ઇ-મેઇલ મોકલ્યો. જવાબ સાંભળીને એ છળી પડ્યો. ઇંગ્લેન્ડનું વિદેશ ખાતું જણાવતું હતું: 'મિ. ગ્રેહામ ડલ્લાસ અમારા દેશનો એક જાણીતો ચીટર છે. અત્યાર સુધીમાં એ અસંખ્ય દેશોમાં અનેક પુરુષોને છેતરી ચૂક્યો છે.

શર્લી જેવી બે-બસ છોકરીઓની કપોળકલ્પિત કથાઓ ઉપજાવી કાઢીને અને ગુમનામ મોડલોની તસવીરો મોકલીને એ કુંવારા યુવાનોની લાગણી ઉત્તેજિત કરે છે અને પછી તગડી રકમ ખંખેરી લે છે. ઇન્ટરપોલને એની તલાશ છે. તમે એવા પહેલા યુવાન છો જે બચી ગયા. તમને હાર્દિક અભિનંદન !'

વરદાને છેલ્લો ઇ-મેઇલ મોકલી આપ્યો : 'તમારા અભિનંદન બદલ આભાર ! તમારી એક ભૂલ સુધારું ? હું છેતરાવામાંથી બચી ગયો કારણ કે હું ફક્ત યુવાન નથી, પણ હું ગુજરાતનો શિક્ષિત યુવાન છું. જય હો !

**રણમાં ખીલ્ય ગુલાબ, ડો. શરદ ઠાકર**

---

## ૫ મિનિટનો સમય લાગશે, વાંચો મજા આવશે...!

૧. ક્યારેક ફક્ત ફળો જ ખાઈને સૂઈ જાવ અને જુઓ સવારે કેટલા તાજગીથી ભરેલા લાગશો.

૨. ક્યારેક તમારા રૂમમાં લટકતા જાળાં સાફ કરો અને જુઓ જગ્યા કેટલી નવી લાગશે.

૩. ક્યારેક કલાકો સુધી ફોન બંધ કરી દો અને જુઓ મન કેટલું શાંત થઈ જાય છે.

૪. ક્યારેક તમારો રૂમ ફરીથી ગોઠવો અને જુઓ મૂડ કેવો ખીલી ઉઠે છે.

૫. ક્યારેક ફોન વગર ચાલવા જાઓ અને જુઓ વિચારો કેટલા સ્પષ્ટ થઈ જાય છે.
૬. ક્યારેક આખો દિવસ ફક્ત પાણી જ પીવો અને જુઓ શરીર કેટલું હળવું લાગે છે.
૭. ક્યારેક શાંતિથી એક સારું પુસ્તક વાંચો અને જુઓ કેટલી શાંતિ મળે છે.
૮. ક્યારેક જૂના કપડાં દાન કરી દો અને જુઓ દિલ કેટલું સંતોષથી ભરાઈ જાય છે.
૯. ક્યારેક અંધારામાં હળવું સંગીત સાંભળો અને જુઓ આત્મા કેટલો શાંત થઈ જાય છે.
૧૦. ક્યારેક સોશિયલ મીડિયાથી એક દિવસ રજા લો અને જુઓ મન કેટલું એકાગ્ર થાય છે.
૧૧. ક્યારેક અજાણ્યાઓ સામે સ્મિત કરો અને જુઓ તમારો દિવસ કેવો ઉજળો બની જાય છે.
૧૨. ક્યારેક તમારા વિચારો લખી નાખો અને જુઓ દિલ કેટલું હળવું લાગે છે.
૧૩. ક્યારેક "આભાર" વધુ વખત કહો અને જુઓ કેવા દરવાજા ખુલે છે.
૧૪. ક્યારેક વહેલા સૂઈ જાઓ અને જુઓ બીજો દિવસ કેટલો ઉત્પાદક બને છે.
૧૫. ક્યારેક વહેલા ઉઠો અને જુઓ તમે કેટલું બધું મેળવી શકો છો.
૧૬. ક્યારેક જેની સાથે લાંબા સમયથી વાત નથી કરી એની ખબર કાઢો અને જુઓ કેટલો આનંદ મળે છે.
૧૭. ક્યારેક એક અઠવાડિયું ઘરનું રાંધેલું જ ખાઓ અને જુઓ એનર્જીમાં કેટલો વધારો થાય છે.
૧૮. ક્યારેક તમારા બૂટ સાફ કરો અને જુઓ એ પહેરીને કેટલો આત્મવિશ્વાસ આવે છે.
૧૯. ક્યારેક તમારી જાતને બહાર લઈ જાઓ અને જુઓ પોતાની કંપની પર કેટલું ગર્વ થાય છે.
૨૦. ક્યારેક દલીલમાં મૌન રહો અને જુઓ પછી કેટલી શાંતિ લાગે છે.
૨૧. ક્યારેક માફ કરી દો અને જુઓ તમે કેટલા મુક્ત થઈ જાઓ છો.
૨૨. ક્યારેક તમારા લક્ષ્યો કાગળ પર લખો અને જુઓ એ કેટલા સાચા લાગવા માંડે છે.
૨૩. ક્યારેક ૧૦ મિનિટ સ્ટ્રેચ કરો અને જુઓ શરીર કેટલું હળવું થઈ જાય છે.
૨૪. ક્યારેક પ્રકૃતિની મુલાકાત લો અને જુઓ તમે કેટલા જીવંત લાગવા માંડો છો.
૨૫. ક્યારેક સૂતા પહેલા હૂંફાળું પાણી પીવો અને જુઓ કેટલી સરસ ઊંઘ આવે છે.
૨૬. ક્યારેક બારીઓ ખોલીને તાજી હવા આવવા દો અને જુઓ રૂમ કેટલો જીવંત લાગે છે.
૨૭. ક્યારેક ભગવાન સાથે દિલથી વાત કરો અને જુઓ તમારો બોજ કેટલો હળવો લાગે છે.
૨૮. ક્યારેક કોઈને કહો કે તમે એમને પ્રેમ કરો છો અને જુઓ તમારો સંબંધ કેટલો મજબૂત બને છે.
૨૯. ક્યારેક ૫ મિનિટ આંખો બંધ કરીને ઊંડા શ્વાસ લો અને જુઓ તમે કેટલા સ્થિર લાગો છો.
૩૦. ક્યારેક તમારું પાકીટ કે પર્સ વ્યવસ્થિત કરો અને જુઓ તમારા નાણાં કેટલા સુવ્યવસ્થિત લાગવા માંડે છે.

જીવન સરળ ક્રિયાઓથી ભરેલું છે જેની અસર ખૂબ ઊંડી હોય છે. ક્યારેક મોટા ફેરફારોની નહીં, પણ નાની, ઇરાદાપૂર્વકની ક્રિયાઓની જરૂર હોય છે જે આપણા મનને

ફરીથી સેટ કરે, ઉત્સાહ વધારે અને ઊર્જાને નવી કરે. જ્યારે તમે થોડી મિનિટો માટે પણ કંઈક અલગ કરો છો, ત્યારે તમે તમારા જીવનમાં સ્પષ્ટતા, શાંતિ અને આનંદને આમંત્રણ આપો છો. "ક્યારેક" ની તાકાતને ઓછી ન આંકશો. આ શાંત બદલાવો કાયમી પરિવર્તન લાવી શકે છે.

---

## હૂંફ

લેખિકા– પન્ના પાઠક

હેતલથી નાની ત્રણ બહેનો સવા વરસના અંતરે જન્મી હતી.સૌથી નાનો ભાઈ  હતો. હેતલની મમ્મી દક્ષાબેનની તબીયત સતત નરમ ગરમ રહેતી તેથી દાદી હેતલને સતત કામમાં રાખતા. હજુ ૧૨ વરસની થઈ ત્યા થોડી ઘણી રસોઇ તથા નાના ભાઇ બહેનોને સાચવવા, દક્ષાબેનને દવા આપવી વગેરેની જવાબદારી હેતલને માથે આવી ગઇ  હતી. દાદીનો સ્વભાવ પણ કડક અને કચકચીયો હતો.

દાદીનુ શરીર બહુ ચાલતુ નહીં તેથી હેતલને કામ ચીંધ્યા કરતા. હેતલ એકદમ નમણી અને ઘાટીલી હતી. દાદીના હાથ નીચે કામકાજમાં પણ હોંશિયાર થતી ગઈ.

હેતલ દસમાં ધોરણમાં આવી. અભ્યાસ પણ વધતો ગયો. તેને સાયન્સ લઈને મેડિકલ ફિલ્ડમાં જવાની બહુ ઇચ્છા હતી. નાના ભાઈ બહેનોને ભણાવવા,ઘરના કામકાજ છતા તે ૯૮% સાથે પાસ થઇ.  મહેશભાઈને ગારમેન્ટનો બિઝનેસ હતો. તે તેના બિઝનેસમાં રચ્યા પચ્યા રહેતા હતાં. હેતલે એક બે વખત મેડિકલમાં જવા માટે પરમીશન માંગી પરંતુ દાદીની જોહુકમી પાસે હેતલનું કંઇ ન ચાલ્યુ.

તુ મેડિકલમાં જાય પછી ક્યારે લગ્ન થાય. ક્યારે તારા ભાઈ બહેનો પરણે 'એ બહાને મેડિકલમાં ન જવા દીધી. હેતલ મનમાં સમસમીને રહી ગઈ.

સાયન્સ  કોલેજમાં મન મારીને એડમિશન લીધુ. નાની બહેનો રક્ષા, વર્ષા અને હર્ષા પણ સ્કૂલમાં સારા માર્ક્સ સાથે પાસ થતી ગઈ.

નાનો ભાઇ વિહંગ પણ અભ્યાસમાં હોંશિયાર હતો. ઘરમાં બધાનો લાડકો હતો.

હેતલ B.Sc થઈ. એ સમજી ગઈ કે મારે હવે આગળ અભ્યાસ માટે બોલવા જેવુ નથી. કારણકે દાદી અને મહેશભાઈએ તેના માટે લાયક યુવક શોધવાનુ શરૂ કર્યુ હતુ.

તેને ઈચ્છા હતી કે હું ભલે ડોકટર ન થઈ પણ કોઈ ડોકટર સાથે મારા લગ્ન થાય. પરંતુ મહેશભાઈએ તેના લગ્ન બેંક મેનેજર સાથે કરાવી દીધા. હેતલ મહત્વકાંક્ષી બહુ જ હતી. તેને કાં તો ડોકટર થવું કાં તો બીઝનેસ કરવો. એવી મનોમન ઇચ્છા હતી.ઘરમાં તો તે કોઈ પાસે પ્રગટ કરી શકે તેમ નહોતી.

લગ્નના થોડા સમય પછી પ્રિયાંકને કહ્યું, મને ઘરમાં બેસી રહેવુ નથી ગમતુ. કોઇક મનગમતી પ્રવૃતિ કરૂ ? પ્રિયાંક બહુ જ સમજુ હતો. તેણે તરત અનુમતિ આપી દીધી.

શરૂઆતમાં પ્રિયાંકને આજુબાજુ નાના ગામમાં ટ્રાન્સફર થતી. ત્યા હેતલને લઈ જવી ફાવે નહી. અહીં પણ સયુંક્ત કુટુમ્બ હતુ.

દેર તથા નણંદના લગ્નની જવાબદારી બહુ સુંદર રીતે નિભાવી.

પિયરમાં પણ ત્રણેય બહેનોના લગ્ન રંગેચંગે પતાવ્યા. વિહંગને મેડિકલમાં એડમિશન મળ્યુ ત્યારે મહેશભાઈએ બધાને મોટી પાર્ટી આપી. હેતલને બહુજ દુઃખ થયું. એકલી એકલી ઘણુ રડી.

પહેલા તો બ્યુટી પાર્લર ચાલુ કર્યુ. તેનામાં આર્ટ તો હતી જ. બ્યુટીપાર્લર ખુબ જ સરસ રીતે ચાલવા લાગ્યુ એટલે ટપરવેરની આઇટમ પાર્લરમાં મુકવાની શરૂ કરી. તેમાં તે રીજીઓનલમાં પહેલો નંબર આવી. તેને સિંગાપુર ફેમીલી સાથે અઠવાડીયુ ફરવા જવાની ટીકીટ મળી.

તેણે બહુજ હરખથી પ્રિયાંકને જણાવ્યુ પણ માર્ચ એન્ડીંગ છે એટલે જવુ નહી ફાવે. તને પછી લઈ જઈશ. આ ટિકીટમાં નાનોભાઇ અમિત અને નીલા જઇ આવે.

હેતલે નિરાશ થઈ તે ટીકીટ અમિતને આપી દીધી. જો કે પછીના મહિને પ્રિયાંક તેને સિંગાપુર લઈ ગયો. બહુ જ મજા કરાવી. પરંતુ હેતલને પોતાને મળેલ ઇનામથી ફરવા જવાનુ ન થયુ તેનો અફસોસ રહ્યો.

દર વરસે હેતલને ટપરવેરના સારા વેચાણથી ઘણી ગીફ્ટ મળતી. કોઈ વખત ક્રોકરી તો કોઈ વખત એક્ટીવા. પણ કોઈને કોઈ કારણથી એ ગીફ્ટ ઘરના કોઈ સભ્યને આપી દેવી પડતી. એક્ટીવા મળ્યુ ત્યારે તેના દિકરાને આપી દેવુ પડ્યુ. હવે તે હાર સ્વીકારતી થઈ ગઈ.

પ્રિયાંકને એક પછી એક બેંકમાં પ્રગતિ થતી રહી. બન્ને સરસ કમાતા રહ્યા. એક દિકરો મનન અને દિકરી શિલ્પા મોટા થતા ગયા. બન્નેને ડોકટર બનાવ્યા. તેની અભિલાષા બન્ને સંતાનોમાં પૂર્ણ કરી. ગૌરવ સાથે લોકોને કહેતી ફરતી કે મારા બન્ને સંતાનો ડોકટર થઈ ગયા છે.

હવે પ્રિયાંક રિટાયર્ડ થઈ ગયો હતો. બન્ને દેશ પરદેશ બહુ ફર્યા અને મુંબઈમાં બે ફ્લેટ ખરીદ્યા. બન્ને સંતાનોના લગ્ન સરસ રીતે કર્યા. શિલ્પા લગ્ન કરીને U.S શિફ્ટ થઇ ગઇ.

ઉપરના ફ્લેટમાં દીકરો વહુ અને નીચે ફ્લેટમાં એ બન્ને રહે તેવી ગોઠવણ થઈ. બે વરસમાં મનનને ત્યા દિકરાનો જન્મ થયો.

ઉપર નીચે ફ્લેટમાં હેતલને બહુ જ દોડાદોડી રહેતી. હવે તે થાકી હતી પણ ખરી ! પુત્રવધુ પણ ડોકટર હતી. તેથી પુત્રને સાચવવાની જવાબદારી હેતલ પર આવી ગઈ. સ્કૂલમાંથી આવે એટલે બસસ્ટેન્ડ પર લેવા જવુ. જમાડવુ બે વરસમાં મનને U.S.ની ફાઈલ મુકેલી એટલે તે ત્રણેય U.S. ઉપડી ગયા.

પણ કોરોનાના સમયે પ્રિયાંક ની તબિયત બગડી. હોસ્પિટલમાં એડમીટ કર્યો પરંતુ તે ઘરે પાછો ફરી ન શક્યો. હેતલ તેના છેલ્લા દર્શન પણ ન કરી શકી. ઘણી કાકલૂદી કરી પરંતુ ડોકટરે તેની એકપણ વાત ન માની.

ત્રણેય બહેનો મુંબઈની વ્યસ્ત જીંદગીમાં પરોવાઈ ગઈ હતી. કામ પુરતુ તે હેતલ પાસે આવી જતી. વિહંગ અને તેની પત્ની માયા બન્ને આવતા. પરંતુ હેતલને મહેશભાઈ એ મેડિકલ માં મુક્યો ત્યારથી વિહંગ પ્રત્યે નફરત થઈ ગઈ હતી. જ્યારે જ્યારે વિહંગ હેતલને મળવા આવે ત્યારે કોઈ ને કોઈ બહાનુ કાઢી તેની પાસે ન બેસે.

મનન અમેરીકાથી આવ્યો. હેતલને કહ્યું, મમ્મી હવે તુ એકલી અહી નહી રહે. મારી સાથે અમેરીકા ચાલ, આ ફ્લેટ વેચી દે. મારો ફ્લેટ તો છે જ. જ્યારે મન થાય ત્યારે ત્યા રહેજે."

હેતલ તરત સમંત થઈ ગઈ. તે મનન સાથે અમેરીકા ગઈ. ત્યા આવ્યા પછી ખબર પડી કે અહી દિકરા વહુની સગવડતા સાચવવા જ બોલાવવામાં આવી હતી. સોનાના પિંજરમાં જેમ પંખી પાંખો ફફડાવે તેવી દશા હેતલની થઈ. તે ઈન્ડિયામાં સતત સોશ્યલ ગૃપમાં એક્ટીવ હતી. અહીં એકલી પડી ગઈ હતી.

ઈન્ડીયા કોઈ ને ફોન કરવો હોય તો પણ સમયની અનુકુળતા ન હોય.

શની રવીની રાહ જોવે કે મનનના ફેમીલી સાથે સમય પસાર થશે પણ તેત્રણેયના વીક એન્ડ ના પ્રોગ્રામ તૈયાર જ હોય. તેમના માટે નાસ્તો બનાવવો, પ્લેટ તૈયાર કરવી એ બધુ હેતલ માથે આવી ગયુ. બહાર ફરીને આવે એટલે બધી વસ્તુઓ વ્યવસ્થિત કરવી. તેમને જાણે મફતની કામ માટે બાઇ મળી ગઈ હતી.

તેના ફોન પણ ચેક થતા. જાણે નજરકેદમાં પૂરાઇ ગઇ હતી.

હેતલની બેન રક્ષાની દિકરીના લગ્ન હતા.તેથી બધા ઇન્ડિયા આવ્યા .બધા ભાઈ બહેનો એકબીજાને હેતથી મળ્યા.

લગ્ન પત્યા પછી હેતલે મનનને કહ્યું, મનન, મારે હજુ ઇન્ડિયા રોકાવુ છે. મનને કહ્યું, ક્યા રોકાશો ? આ મારો ફ્લેટ હું ભાડે આપીને જવાનો છુ.મેં તમારી ટિકીટ લઈ લીધી છે.તમારે આવવુ જ પડશે."

હેતલ બહુજ મુંજાઇ ગઇ. એક દિવસ હેતલ ફ્લેટમાં એકલી હતી ત્યારે વિહંગ તેને મળવા આવ્યો. "મોટીબેન, કેમ છો ? હું જોંઉ છુ કે જયારથી તમે અહી આવ્યા છો. મુંજાયેલા લાગો છો. કાંઇ મુંઝવણ હોય તો કહેજો. તમારો નાનોભાઇ અડીખમ બેઠો છે." આ સાંભળી હેતલનુ હૈયુ ભરાઇ આવ્યુ," વિહંગ, હું તને કાયમ તિરસ્કાર કરતી આવી ,પણ અત્યારે તારી વહાલભરી વાત સાંભળી હૈયુ ભરાઇ આવ્યુ છે." વિહંગ બોલ્યો, "હું જાણુ છુ મોટીબેન, પપ્પાએ તમને ડોકટર ન બનવા દીધા અને મને ડોકટર બનાવ્યો. તમને મારી ઇર્ષ્યા થાય છે. પપ્પાનુ પ્રાયશ્ચિત હું કરવા માંગુ છુ. મમ્મી પપ્પાના અવસાન બાદ હું તમારી પાસે હૂંફની અપેક્ષાએ આવતો રહ્યો. પણ તમારૂ ઠંડુ વલણ જોઈ સમજી ગયો હતો." હેતલે પોતાની મુંઝવણ કહી.'મારે હવે અમેરીકા નથી જવુ.' વિહંગે કહ્યું," એ બધુ મારા પર છોડી દો."

થોડીવારમાં મનન આવ્યો. તેણે હેતલને તૈયારી શરૂ કરવાનુ કહ્યું. વિહંગ બોલ્યો," મોટીબેન હવે અમેરીકા નહી આવે"મનન ચોંકી ગયો",તો ક્યા રહેશે?'વિહંગે કહ્યુ," મારે ત્યા રહેશે પણ તારી સાથે અમેરીકા નહી આવે. ચાલો, મોટીબેન ,તમે તમારી બેગ લઈ ને મારે ત્યા ચાલો."

હેતલ રૂમમાં ગઈ. ત્યા તે અવઢવમાં પડી ગઈ કે હું ઉલમાંથી ચુલમાં તો નહી પડુ ને ! પછી વિચાર આવ્યો કે ઇન્ડિયામાં રહીશ તો કોઈ રસ્તો મળી જશે. બેગ લઈને બહાર નીકળી

મનન જોતો જ રહી ગયો. માયા એ પ્રેમથી આગતા સ્વાગતા કરી. એક દિવસ વિહંગે બે ચાવી હેતલના હાથમાં મુકી.

હેતલ નવાઈથી તેની સામે જોઈ રહી. વિહંગ બોલ્યો, મોટીબેન, આ ચાવી તમારા ફ્લેટની છે અને બીજી ચાવી આઈ–૨૦ની છે. તમારે જ્યા અને જ્યારે જવુ હોય ત્યા જઇ શકશો. અમારા પર આધાર રાખવો નહી પડે. તમે સ્વતંત્ર રીતે રહી શકો એટલે તમારા માટે ફ્લેટ

લીધો છે. મને ખબર છે તમારામાં ઘણી ખૂબી ઓ છે. તે નિખરશે. તમને ખુબ ખુબ અભિનંદન."

હેતલ પ્રેમથી વિહંગને ભેટી પડી અને બોલી," હું તને યોગ્ય સમયે હૂંફ ન આપી શકી. પરંતુ તે મને ભરપૂર હૂંફ આપી છે."

થોડા સમયમાં હેતલે તેના ફ્લેટના એક રૂમમાં બ્યુટી પાર્લર એક છોકરીને ટ્રેઇનીંગ આપી શરૂ કર્યુ.

ફરી તેના જૂના દિવસો તાજા થયા. દિલમાં સંગ્રહી રાખેલી અસંતોષની લાગણીને જાકારો આપી દીધો.

– પન્ના પાઠક

---

## ડોક્ટરની ડાયરીઃ ડો શરદ ઠાકર (સત્ય ઘટના)

ખૂન તૂટી પડ્યું છે, સાહેબ ! બાઇની માએ, જવાબ આપ્યો, 'અમે તો સૂતાં હતાં. ચંપાએ જગાડ્યાં ત્યારે ખબર પડી. ત્યાં સુધીમાં તો આખી ચાદર લોહીથી લથબથ હતી.'

પચાસ વર્ષ પૂરાં કરીને એકાવનમાં પ્રવેશી રહેલા અમદાવાદના જાણીતા, સફળ ગાયનેકોલોજિસ્ટ ડો. દર્શન નાયક એમની જિંદગીનુ સરવૈયુ કાઢવા બેઠા. અડધી જિંદગીની અર્થસભર યાત્રાના જમા ઉધાર ખાતાં તપાસવા બેઠા. જમાખાતું તો જબરદસ્ત હતું તગડું હતું.

એક કરોડ રૂપિયા હતા. રોકડા અને રણકતા હતા. બે બંગલાઓ હતા. ચાર ગાડીઓ હતી. પાંચ પ્લોટ્સ હતા જમીનના. છ બેન્ક લોકર્સ હતાં અને સાતપ ! સુખનું આ અંકગણિત શતક કે સહસ્રના આંકડા આગળ પણ સમા ન થાય એટલું લાંબુ હતું. વાંચનારનેય ઓડકાર આવી જાય, તો પછી ભોગવનારની તો ઇર્ષા જ કરવી રહી.

અને ઉધાર ખાતુ શું કહેતું હતું ? એ પણ સાવ ખાલી ન હતું. એમાંય થોડીક સારી નરસી વાતોનું પરચૂરણ ખખડતું હતું. ક્યાંક મિત્રોની મીઠી ઇર્ષા હતી, ઇન્કમટેક્સ ખાતાનો ખોફ હતો, ક્યાંક કો'ક રડ્યાખડ્યા દર્દીનો ઠપકો હતો, ફરિયાદ હતી, આક્રોશ હતો. 'ડોક્ટર તો ચીરે છે, લૂંટે છે, ગરીબોને પણ છોડતા નથી. એવો ખરોખોટો આક્ષેપ હતો. અને ક્યાંક યાદ કરવા ન ગમે એવા પ્રસંગો હતા. જેમ કેપ ! 'સાહેબ, મારી દીકરીને નોર્મલ ડિલિવરી નહીં જ થાય ?'

'ના, સિઝેરીઅન કરવું જ પડશે.'

'એમાં ખર્ચો કેટલો ?'

'પંદર હજાર ઓછામાં ઓછા. એમાં બે હજાર રૂપિયાની દવાઓ, પંદરસો રૂપિયા બેભાન કરવાના ડોક્ટરના, સારવારના, બાળકની સંભાળના અને ઓપરેશનના એમ બધું જ આવી જાય છે.'

'કંઇક વાજબી નહીં થાય ?'

'આ ફી તમને ગેરવાજબી લાગે છે ? તો હું તમને બીજા ગાયનેકલોજિસ્ટનાં સરનામાં આપું, ત્યાં જઇને ઓપરેશનના બિલનો આંકડો પૂછી આવો! ત્રીસ હજારથી માંડીને પચાર હજાર સુધીનો ભાવ ચાલે છે.'

'પણ સાહેબ, અમે તો ગરીબ.'

'તો સિવિલમાં જાવ. વી.એસ.માં જાવ. તદ્દન મફતમાં તમારુ કામ થઇ જશે.'

'પણ સાહેબ, થોડીક માનવતા રાખો તોપ'

'માનવતાનો ઠેકો એકલા ડોક્ટરોએ જ થોડો રાખ્યો છે ? કોઇ ફાઇવ સ્ટાર હોટલ વાળા માનવતા ખાતર ભિખારીને એની હોટલમાં જમાડે છે ખરા ? એક પણ પૈસો લીધા વગર એરલાઇન્સવાળા કોઇ ગરીબને વિમાનમાં બેસાડે છે ખરા ? સરકાર પણ બસમાં કે ટ્રેનમાં ગરીબો માટે ટિકિટ વિનાનો ડબ્બો દોડાવે છે ? માનવતા નામનો શબ્દ ત્યાં કેમ મરી જાય છે ?'

અને પછી દર્દીને લઇને એનાં સ્વજનોનું ચાલ્યા જવું. ગરીબ સ્ત્રીના બાપના ભાથામાં દલીલો ઓછી હોય છે અને આંસુ ઝાઝાં. ડો. દર્શનના ઉધાર ખાતામાં આવા થોડાંક આંસુઓ, ડૂમા, લાચારીઓ અને નિઃસાસાઓ ખખડતાં હતાં અને આજે વનપ્રવેશ વખતે ડોક્ટરે એક ક્રાંતિકારી નિર્ણય લઇ લીધો. હવે પછી પ્રાઇવેટ પ્રેક્ટિસની શૈલી સંપૂર્ણપણે બદલી નાખવી છે. કન્સલ્ટિંગ ફી બસો રૂપિયાને બદલે ફક્ત દસ જ રૂપિયા. એ પણ ન હોય તો ચલાવી લેવાનું. નોર્મલ સુવાવડનું બિલ ચારસો રૂપિયા. એટલો તો દવાઓ, વીજળી બિલ અને પથારીના ખર્ચને કારણે થઇ જાય. કમાવાનો તો એક રૂપિયો પણ નહીં.

એવું જ સિઝેરીઅન બાબતમાં. આખા ઓપરેશનનું પેકેજ ડીલ માત્ર બે હજાર રૂપિયામાં. આજ સુધીમાં સમાજે જે આપ્યું છે એને દસ ગણું કરીને પાછું વાળવાનું આ અભિયાન હતું. ડો. દર્શને એમનો આ માનવતાવાદી નિર્ણય મોટા પાટિયા ઉપર ચિતરાવીને એ જ દિવસે નર્સિંગ હોમના દ્વાર ઉપર લટકાવી દીધો.

જેમ જેમ વાત પ્રસરતી ગઇ, તેમ તેમ આસપાસના વિસ્તારમાં પ્રતિક્રિયાનો વાવંટોળ ઊઠતો રહ્યો. દર્દીઓની લાઇન લાગી ગઇ. સવાર સાંજ સો–સો દર્દીઓ આઉટડોર પેશન્ટ્સ તરીકે ઊમટવા લાગ્યા. સામાન્ય રીતે મહિનામાં સાતઆઠ સિઝેરીઅન થતાં હતાં એને બદલે હવે વીસપચીસ થવા માંડ્યાં. સુવાવડનો કુલ આંકડો દર મહિને સો ઉપર પહોંચી ગયો. ડોક્ટરને માટે જીવવું મુશ્કેલ બની ગયું. અંગત જિંદગી જેવું તો કશું રહ્યું જ નહીં.

ઘર, પત્ની, બાળકો ભુલાઇ ગયાં. દિવસ અને રાત નર્સિંગ હોમમાં ગૂજરવા લાગ્યાં. એમની સારવાર જે અત્યાર સુધી માત્ર મહેલોના માલિકો માટે અનામત હતી, એ હવે ગરીબોના કૂબા સુધી વિસ્તરી ગઇ. આને કારણે ત્રણ ઘટનાઓ બની ગઇ. દર્દીઓને જલસો પડી ગયો. ગરીબોને તો હવે મ્યુનિસિપલ હોસ્પિટલમાં જવું પણ મોંઘું થઇ ગયું. ત્યાંનો ખર્ચ પણ ડો. દર્શનની ફીની સરખામણીએ વધારે પડતો હતો. આસપાસના અન્ય ગાયનેકોલોજિસ્ટ્સના કેસો પણ ડો. દર્શન તરફ વળી ગયા. આ એક ઘટના.

બીજી ઘટના એટલે જે નર્સિંગ હોમ્સમાં દર્દીઓને બદલે કાગડા ઊડવા માંડ્યા એના માલિકો એટલે કે ડોક્ટરો ડો. દર્શનની આ 'નાલાયકી' ઉપર બળી ઊઠ્યા. આ માણસની સામે સ્પર્ધામાં ટકવું મુશ્કેલ બની ગયું.

અને ત્રીજી ઘટના ? એ સાવ અણધારી જગ્યાએ અણદારી રીતે ઘટી. એક રાત્રે ડો. દર્શનના નર્સિંગ હોમમાં એક પ્રસૂતાનો ઇમરજન્સી કેસ દાખલ થયો. પૂરા મહિના આડે બે અઠવાડિયાની વાર હતી. 'શેના માટે આવવું પડ્યું ?' ડોક્ટરે પૂછ્યું. 'ખૂન તૂટી પડ્યું છે,

સાહેબ!' બાઇની માએ, જવાબ આપ્યો, 'અમે તો સૂતાં હતાં. ચંપાએ જગાડ્યાં ત્યારે ખબર પડી. ત્યાં સુધીમાં તો આખી ચાદર લોહીથી લથબથ હતી.' ડોક્ટરે ચંપાને તપાસી. મરણોન્મુખ હાલત હતી.

પ્લેસેન્ટા પ્રીવિયાના નામે ઓળખાતી પરિસ્થિતિ હતી. વાત કરવાનો વખત ન હતો, સગાંને સમજાવવા જેટલો સમય ન હતો. લોહીનું તળાવ ફાટ્યું હતું., તાત્કાલિક સિઝેરીએન કરવું જરૂરી હતું. ડોક્ટરને ખબર હતી કે આ લોકો બે હજાર રૂપિયાની વાત સૂંઘીને એમના બારણે આવી ચડેલાં હતાં અને એમને એ પણ ખબર હતી કે મામલો વીસપચીસ હજારમાં પણ નીપટે એવો ન હતો. છતાં પણ એ કામે વળગ્યા. બાર બોટલ ખૂન ચડાવવું પડ્યું. માંડ ચંપા બચી. માંડમાંડ એનો દીકરો બચી શક્યો.

ચંપાનાં માબાપ ખુશ હતાં. રજા આપવાનો દિવસ નજીક આવતો ગયો. એ ગરીબ માણસ પાસે બે હજારની જોગવાઇ તો હતી જ. એ લઇને ચંપાનો બાપ દવાખાને જવા નીકળ્યો.

ત્યાં જ એક કલ્પનાતીત ઘટના બની ગઇ. ચંપાના બાપને એ વિસ્તારના એક નેતાનો ભેટો થઇ ગયો. ચૂંટણી નજીકમાં જ હતી અને એ અસભ્ય નેતાને એ વિસ્તારના ધારાસભ્ય બનવાની વાસના જાગી હતી. એમની નજર આ ગરીબ મતદાતા ઉપર પડી, 'કેમ, જીવણ ! ક્યાં જાય છે ?' 'સાહેબ, નાયક સાહેબના દવાખાને. દીકરીનાં ઓપરેશનનું બિલ ભરવા.'

'કેટલું બિલ છે ?' નેતાએ મામલો સંભાળી લીધો. જીવણ પાસેથી આંકડો જાણીને તરત એમણે મોબાઇલ ફોન પરથી ડો. નાયકનો નંબર લગાડ્યો, 'શું છે, ડોક્ટર ? તમે તો ગરીબોને લૂંટવા બેઠા છે ને કંઇ ! બે હજાર રૂપિયા કેમ કરીને ભેગા થાય છે એનું તમને ભાન છે? જીવણભાઇ મારી ચિઠ્ઠી લઇને આવે છે, પાંચસો રૂપિયા લઇને એમની દીકરીને છુટ્ટી કરો !'

જીવણો પણ ગેલમાં આવી ગયો. પંદરસો રૂપિયા સંતાડી દીધા. પાંચસોની નોટ ફરકાવતો દોડી ગયો દવાખાનાની દિશામાં આવા પાંચ-સાત બનાવો બની ગયા. એ પછી ડો. દર્શનને ભાન થયું કે કુપાત્રને દાન આપવું એ પણ પાપ છે.

એ હવે શુભ મુહૂર્તની પ્રતીક્ષામાં બેઠા છે કે ક્યારે પેલું પવિત્ર પાટિયુ ઉતારી લેવું !

---

જે દિવસે વૈભવે એક સુખી પરિવારને તોડી નાખ્યો.

એક વખત મારા પાસે કાનૂની સલાહ માટે એક બહુ જ અનોખો "કેસ" આવ્યો.

ન તો કોઈ મિલ્કતનો વિવાદ હતો. ન કોઈ ફોજદારી આરોપ. ન કોઈ છૂટાછેડાનો કેસ. ન કોઈ કોર્ટ કેસ છતાં પણ આખું ઘર યુદ્ધભૂમિ બની ગયું હતું!

વૃદ્ધ પિતા ઘરના દરેક માણસ પર ગુસ્સો કરતા અને અપશબ્દો બોલતા.

માતા સતત નિરાશ, દુ:ખી અને માનસિક રીતે તૂટી ગયેલી રહેતી હતી, અને ધીમે ધીમે સ્મૃતિભ્રંશ (ડિમેન્શિયા) તરફ જઈ રહી હતી.

દીકરો અને વહુ માનસિક રીતે સંપૂર્ણ થાકી ગયા હતા.

ઘરમાં દરેક વ્યક્તિ દરેક સાથે ઝઘડતી હતી.

દીકરા અને વહુએ મને કહ્યું : "અમને સમજાતું નથી કે આ બધું શું થઈ ગયું. અમે અમારા માતા-પિતાને દરેક સુખ-સગવડ આપીપ છતાં ઘરમાંથી શાંતિ ગાયબ થઈ ગઈ."

પછી તેમણે આખી વાત કહી.

બન્ને પતિ–પત્ની વર્ષો સુધી પુણેમાં મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓમાં કામ કરતા હતા.

અતિ વ્યસ્ત જીવન, મીટિંગ્સ, ડેડલાઇન, દોડધામ, આજના ઘણા આધુનિક લોકોની જેમ તેમણે પોતાના જીવનના લગભગ બધા ઘરકામ આઉટસોર્સ કરી દીધા હતા–

રસોઈ, સફાઈ, કપડાં ધોવાનું, કરિયાણું બધું.

પછી તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે દિલ્હી પરત આવ્યા અને ઘણા વર્ષો પછી પતિના ૮૦ વર્ષના માતા–પિતા સાથે રહેવા લાગ્યા.

ત્યાં જઈને તેમણે એક આશ્ચર્યજનક વાત જોઈ.

વૃદ્ધ દંપતીનું આખું જીવન રસોડું, કપડાં ધોવા–ગોઠવવા, શાકભાજી લાવવા, વાસણ ગોઠવવા, મસાલાની ચર્ચા કરવા અને નાનાં–નાનાં ઘરકામમાં જ વ્યસ્ત રહેતું હતું.

દીકરો અને વહુ ભાવુક થઈ ગયા.

તેમણે વિચાર્યું : “અમારા માતા–પિતાએ આખી જિંદગી આપણા માટે સંઘર્ષ કર્યો. હવે તેમને આરામ આપવાનો વારો આપણો છે.”

અને પછી તેમણે આખું ઘર બદલી નાખ્યું.

ફુલ–ટાઇમ રસોઈયા રાખ્યો.

Blinkit પરથી કરિયાણું આવવા લાગ્યું.

Amazon પરથી ઘરનું સામાન આવવા લાગ્યું.

માતા માટે ફુલ–ટાઇમ અટેન્ડન્ટ રાખી.

માતા–પિતા માટે અલગ કાર રાખી.

અટેન્ડન્ટ પગ દબાવતી, વાળમાં તેલ નાખતી, પાણી આપતી, ચા પીવડાવતી, ફરવા લઈ જતી.

બાળકોને લાગ્યું – હવે અમારા માતા–પિતા સાચે જ આનંદથી જીવન જીવશે.

પણ થોડા મહિનાઓમાં બધું તૂટી પડ્યું. સાસુએ કામ કરવાનું સંપૂર્ણ બંધ કરી દીધું.

ચાલવાનું બંધ, વિચારવાનું બંધ, દિવસભર ઊંઘવું, ફરિયાદો કરવી, ભાવનાત્મક રીતે સંપૂર્ણ નિર્ભર બની જવું, પછી ડિપ્રેશન આવ્યું અને પછી ડિમેન્શિયાના લક્ષણો દેખાવા લાગ્યા.

સસરા ચીડિયા અને કડવા બની ગયા.

ડિલિવરી બોય સાથે ઝઘડતા, મેઇડને અપમાનિત કરતા, રસોઈયાને બૂમો પાડતા, અટેન્ડન્ટ સાથે ખરાબ વર્તન કરતા.

દિવસભર બહાર નિરર્થક ભટકતા અને ગુસ્સે થઈને ઘરે પાછા આવતા.

ઘરનું વાતાવરણ ઝેરી બની ગયું.

દીકરો અને વહુ સંપૂર્ણ મૂંઝવણમાં મારી સામે બેઠા હતા : “અમે તેમની જિંદગીમાંથી બધા સંઘર્ષ દૂર કરી દીધાપ તો પછી જીવન વધારે ખરાબ કેમ બન્યું?”

અને સાચું કહું તો, આ કેસે મને ઘણા કોર્ટકેસ કરતાં વધારે ઊંડો પાઠ શીખવ્યો.

કારણ કે ધીમે ધીમે મૂળ સમસ્યા સમજાઈ.

વૃદ્ધ માતા-પિતા પહેલાં દુઃખી નહોતા કારણ કે જીવનમાં કામ હતું.

તેઓ હવે દુઃખી હતા કારણ કે જીવનનો અર્થ જ ખોવાઈ ગયો હતો.

પહેલાં પિતા સવારે ઉદ્દેશ સાથે ઉઠતા. પત્ની માટે ચા બનાવતા. સાથે અખબાર વાંચતા. કાપડની થેલી લઈને બજારમાં જતા. શાકભાજીની ચર્ચા કરતા.

ભાવ સરખાવતા. કરિયાણું ખરીદતા. માતા ભોજનનું આયોજન કરતી. મસાલા ચકાસતી. રોટલી બનાવતી. કપડાં ગોઠવતી. આવતીકાલના કામની ચર્ચા કરતી.

આ ફક્ત "ઘરકામ" નહોતું. આ તો એ અદૃશ્ય ભાવનાત્મક દોરા હતા, જે બે વૃદ્ધ લોકોને માનસિક રીતે જીવંત અને એકબીજા સાથે જોડાયેલા રાખતા હતા.

રસોડું ફક્ત રસોડું નહોતું. તે "સાથ-સંગાથ" હતું. બજાર ફક્ત ખરીદી નહોતું. તે "પોતાની ઉપયોગિતા" હતી. ધાણા અને મરચાં પર થતી નાની તકરારો ફક્ત ઝઘડા નહોતા.

તે "સંવાદ" હતા. આધુનિક લોકો ઘણીવાર વૃદ્ધાવસ્થાને ખોટી રીતે સમજે છે. અમને લાગે છે કે વૃદ્ધોને ફક્ત આરામ જોઈએ.

ના, માનવને માત્ર આરામની જરૂર નથી. માનવને જરૂરી છે-પોતાની ઉપયોગિતા અનુભવવાની. મગજને કોઈ કામ જોઈએ. શરીરને હલનચલન જોઈએ. હૃદયને લાગવું જોઈએ કે "હું હજુ પણ કામનો છું."

તેથી મેં તેમને એક ખૂબ જ અજીબ સલાહ આપી :

"સગવડો થોડી ઓછી કરો." ક્રૂરતા નહીં. ઉપેક્ષા નહીં. પણ અતિ નિર્ભરતા દૂર કરો.

ફુલ-ટાઇમ અટેન્ડન્ટ હટાવો. થોડી મદદ રાખો. પણ જવાબદારી ફરી આપો. મહત્ત્વ ફરી આપો. તેમને ફરી જરૂરી હોવાનો અહેસાસ કરાવો.

દીકરાએ માતાને કહેવાનું શરૂ કર્યું : "તમારા જેવી શાક કોઈ બનાવી જ શકે નહીં. રોજ એક શાક તો તમે જ બનાવો."

વહુએ સસરાને કહેવાનું શરૂ કર્યું : "તમે લાવો એ શાકભાજી વધારે તાજું હોય છે."

ધીમે ધીમે જીવનની જૂની લય પાછી આવી. ફરી ચર્ચાઓ શરૂ થઈ. ફરી આવતીકાલની યોજનાઓ બનવા લાગી. ફરી નાનાં ઝઘડા થયા. ફરી હલનચલન શરૂ થયું. ફરી જીવનમાં ઉદ્દેશ આવ્યો અને ધીમે ધીમે ખુશીઓ પણ પાછી આવી.

આ કેસે મને જીવનનો એક ખૂબ ઊંડો પાઠ શીખવ્યો:

૧. વૈભવ હંમેશા સુખ નથી આપતું.

૨. ક્યારેક જીવનના નાનાં રોજિંદા સંઘર્ષો જ માણસને અંદરથી જીવંત રાખે છે.

૩. માણસે સવારે ઊઠતાં એવું લાગવું જોઈએ—

"આજે કોઈને મારી જરૂર છે." એ જ લાગણીનું નામ જીવન છે.

**લેખક : અજ્ઞાત**

# નવો છેતરપિંડીનો રસ્તો !

માત્ર 30 મિનિટ તમારા સમગ્ર જીવનને આર્થિક રીતે બરબાદ કરી શકે છે.

આ સામાન્ય ફોન સ્કેમ નથી – આ તો ઘણો વધુ ખતરનાક છે.

તેઓને તમારા પૈસા, પાસવર્ડ કે વિશ્વાસની જરૂર નથી.

તેઓને માત્ર તમારી દયાળુતા જોઈએ છે.

તાજેતરમાં મોલ, મેટ્રો સ્ટેશન, બજારો અને જાહેર સ્થળોએ એક નવી મદદ માંગવાની છેતરપિંડી શરૂ થઈ છે.

સ્કેમર્સ સામાન્ય રીતે સજ્જન દેખાતા મધ્યવયસ્ક અથવા વૃદ્ધ લોકો હોય છે. તેઓ કહે છે કે તેમને ફોન વાપરવો આવડતો નથી, પેન્શન કે સહાય તપાસવી છે અથવા ભૂલથી ખોટું પેજ ખુલ્યું છે – અને તેઓ તમને તેમના ફોન ચલાવવા માટે મદદ માંગે છે.

ખતરનાક બાબત અહીંથી શરૂ થાય છે : જ્યારે તમે તેમનો ફોન હાથમાં લો છો, ત્યારે તે ઘણી વખત પહેલેથી જ વીડિયો કોલ પર હોય છે અથવા સ્ક્રીન રેકોડિંગ અને ફેશિયલ રિકગ્નિશનની પરવાનગીઓ ચાલુ હોય છે.

બીજી બાજુ કોઈ તમને જોઈ રહ્યું હોય છે. તમે સમજતા હો કે તમે મદદ કરી રહ્યા છો, પરંતુ હકીકતમાં તમારી બાયોમેટ્રિક માહિતી એકત્રિત થઈ રહી હોય છે.

આ સામાન્ય સ્કેમ નથી. આ એ.આઈ. આધારિત બાયોમેટ્રિક ઓળખ ચોરી છે.

તેઓને તમારા પૈસા નથી જોઈએ– તેઓ તમને જ જોઈએ છે.

જો તમે ફોનને સ્પર્શ કરો (ફિંગરપ્રિન્ટ), આંકડા અથવા વેરિફિકેશન કોડ બોલીને વાંચો (આવાજ), અથવા સ્ક્રીન તરફ જોઈને બોલો (ચહેરાની ઓળખ), તો તમારા ત્રણ મુખ્ય બાયોમેટ્રિક ઓળખ – ફિંગરપ્રિન્ટ, અવાજ અને

ચહેરો – ચોરી થઈ શકે છે.

આધુનિક એઆઈ તમારી લગભગ સંપૂર્ણ ડિજિટલ નકલ બનાવી શકે છે,

પછી શું થાય છે, તે ભયાનક છે.

સ્કેમર્સ તમારી ડિજિટલ ઓળખનો ઉપયોગ કરીને ઓનલાઇન લોન, કન્ઝ્યુમર ફાઇનાન્સિંગ, ક્રેડિટ કેશ–આઉટ માટે અરજી કરી શકે છે અને ચહેરા તથા અવાજની ચકાસણી સરળતાથી પાર કરી શકે છે.

માત્ર 30 મિનિટમાં તમે જેટલી લોન માટે પાત્ર છો, તે સંપૂર્ણ રકમ ઉઠાવી લેવામાં આવી શકે છે. જ્યારે બેંક તરફથી સૂચના મળે, ત્યારે સમજાય છે કે તમારા ખાતામાંથી પૈસા ગયા નથી પરંતુ તમે ભારે કર્જના ભાર નીચે દટાઈ ગયા છો, કદાચ લાખો કે કરોડો રૂપિયાનું.

આ 3 નિયમો યાદ રાખો:

(૧) અજાણ્યા વ્યક્તિનો ફોન ચલાવવા ક્યારેય મદદ ન કરો. (૨) ફોનને સ્પર્શ ન કરો, કશું ક્લિક ન કરો, સ્ક્રીન તરફ ન જુઓ અને કશું ઊંચા અવાજે ન વાંચો – ભલે તેઓ કહે, –ફક્ત એક ક્લિક જ છે. (3) અજાણ્યો વીડિયો કોલ આવે તો તરત જ બંધ કરી દો. કેમેરા સામે જોઈને બોલવા માટેની કોઈપણ વિનંતી સ્વીકારશો નહીં.

આ સંદેશ વૃદ્ધો, બાળકો અને દયાળુ સ્વભાવ ધરાવતા મિત્રો સાથે જરૂરથી શેર કરો.

હવે સ્કેમર્સ સારા લોકોનો નિશાન બનાવી રહ્યા છે.

અંતિમ યાદ :

ક્યારેય એવું ન વિચારો– "મારા સાથે એવું નહીં થાય" અથવા "હું એટલો સમજદાર છું કે મને કોઈ છેતી નહીં શકે."

એ જ આત્મવિશ્વાસ અને દયાળુતા સ્કેમર્સ માટે સૌથી મોટું હથિયાર છે.

કૃપા કરીને આ સંદેશ શેર કરો.

તમારો એક શેર – એક સંભવિત ભોગ બનનારને બચાવી શકે છે.

---

શહેરના જાણીતા સિનિયર ડેન્ટિસ્ટ ડૉ. અવિનાશ મહેતા એમના પ્રાઇવેટ ક્લિનિકમાં દર્દીઓ તપાસતા હતા. ત્યાં એક માજી ધીમા પગલે અંદર આવ્યાં, 'દીકરા, દાઢમાં બહુ દુખાવો ઉપડયો છે. કંઇક એવું કર ને કે મટી જાય !'

માજી સિત્તેર વટાવી ગયેલાં અને ડૉક્ટર પોતે પચાસના હતા, પણ મોટા ભાગના ડૉક્ટરો એમના દર્દીએ વહાલથી બાંધેલા સંબંધો સહર્ષ સ્વીકારી લેતા હોય છે. ડૉ. મહેતા પણ એ ક્ષણે વૃદ્ધ દર્દીના દીકરા બની ગયા. તેઓ પ્રેમથી બોલ્યા, 'ચોક્કસ બા, પહેલાં તમારું નામ લખાવો !'

'મંગળાબેન શાંતિલાલ મહેતા. પણ તું મંગુ બા કહીશ તોય ચાલશે.'

'ચલાવવું જ પડે ને, બા! આટલું મોટું નામ રાખ્યું છે, રોજ પૂરા નામે બોલાવવા જઈએ તો સાંજ પડી જાય!' ડૉ. અવિનાશ મહેતાએ હળવી મજાક કરીને માજીનાં મનમાં રહેલો ડૉક્ટરનો ડર પળવારમાં ભગાડી દીધો. ડૉ. મહેતા ખરેખર દિલના બહુ સાફ અને મળવા જેવા માણસ હતા.

ડૉક્ટર બન્યા પછી શરૂઆતના વર્ષોમાં તેમણે સરકારી હોસ્પિટલોમાં અંતરિયાળ ગામડાઓમાં સેવા આપેલી. તેમનો કદાવર દેહ અને કડક અવાજ જોઇને કોઈને ડેન્ટિસ્ટને બદલે મિલિટરી ઓફિસરનો ભ્રમ થઈ જાય. ડૉ. મહેતાએ મંગુબાનું જડબું ખોલાવીને બરાબર તપાસ કરી, પછી ગંભીરતાથી જાહેર કર્યું, 'મંગુબા, આઠ દાંત પાડી નાખવા પડશે, અંદરથી સાવ સડી ગયા છે.'

'તો પાડી આપ, દીકરા ! પણ ઊભો રહે, પહેલાં એ કહી દે કે તારી ફી કેટલી થશે ?'

'જુઓ, મંગુબા, તમે મને આવતાની સાથે જ દીકરો બનાવી દીધો, એટલે એવું ન સમજતા કે હું ફી નહીં લઉં. પૈસા તો તમારે મને ચૂકવવા જ પડશે હોં !'

મંગુબા થોડાં ચિંતિત બની ગયાં. 'દીકરા, પૈસા તો મારે આપવા જ છેપ પણપ તારી ફી કેટલી થશે એ તો કહે.'

'એક દાંત પાડવાના પચાસ રૂપિયા થાય. આઠ દાંતના પૂરા ચારસો રૂપિયા.'

'એટલા બધા રૂપિયા તો મારી પાસે નથી, બેટા!' માજીનો અવાજ ધીમો પડી ગયો અને તેઓ ઝંખવાણા પડી ગયાં.

'તો કેટલા લાવ્યા છો ?'

'હું તો માંડ બસો રૂપિયા લઇને આવી છું.'

'કેમ, આટલા ઓછા ? અત્યારે મોંઘવારી ક્યાં પહોંચી છે એની તમને ખબર નથી, બા ?'

'મને મોંઘવારીની બધી ખબર છે, પણ દીકરા, તને એ ખબર નથી કે હું બાળવિધવા છું. મારે દુનિયામાં ધણીયે નથી ને દીકરોયે નથી.' માજીની આંખોમાં આંસુ તગતગી ઊઠયાં.

'ત્યારે તો મંગુબા, આ બસો રૂપિયા પણ તમારી પાસે વધારે કહેવાય. પણ સાચું કહો, આટલી રકમ તમારી પાસે કયાંથી આવી ?'

માજી સહેજ હસ્યાં, 'હવે તું તારું કામ કર ને, દીકરા ! દાંત કાઢવાને બદલે મારી વાતો કઢાવવા કયાં બેસી ગયો !'

ડૉ. મહેતા ઊભા થયા. મંગુબાને આરામદાયક ખુરશીમાં બેસાડયાં અને એક પછી એક દાંત પાડવા માંડયા. ડૉ. મહેતાને આ ક્ષેત્રમાં ત્રીસ વર્ષનો અનુભવ હતો, એમનો હાથ એવો બેસી ગયો હતો કે વાતો કરતાં કરતાં દર્દીને ખબર ન પડે એમ દાંત પાડી આપતા. દસ-પંદર મિનિટમાં કામ પૂરું થઇ ગયું. મંગુબાએ કોગળા કર્યા અને ડૉક્ટરે દવાવાળું રૂ દબાવી આપ્યું. પછી તેઓ મંગુબાને બહારના રૂમમાં લાવ્યા.

મંગુબાએ સાડીના છેડે બાંધેલી ગાંઠ ખૂબ જ જતનથી છોડી. સો-સોની બે નોટો કાઢીને ડૉક્ટરના હાથમાં મૂકી દીધી.

ડૉ. મહેતાએ અવાજ કડક કર્યો, 'બસ, આટલા જ રૂપિયા લાવ્યાં છો ?'

'હા, બેટા ! મેં તને પહેલાં જ કહી દીધું હતું ને !' માજીના જીવને ફાળ પડી કે આ ડૉક્ટર અચાનક આટલો કડક કેમ થઈ ગયો ?

'હા કહ્યું તો હતું, પણ એ તો મારી ફી થઈ. તમારા ઘર સુધી જવાના રિક્ષા ભાડાંનું શું ?'

'અરે, દીકરા ! અમારે રિક્ષાની શી જરૂર ? હું તો ઘર સુધી પગપાળા ચાલી નાખીશ.'

'લો, આ સો રૂપિયા પાછા. સો હું રાખી લઉં છું, એ મારી ફી. સાવ મફતમાં આઠ દાંત પાડી આપું એવો હું ભોળો નથી.'

'સુખી રે'જે, બેટા ! ભગવાન તારું ભલું કરે. લે ત્યારે હું જાઉં હવે' માજી ઊભાં થયાં.

ડૉ. મહેતાને યાદ આવ્યું કે એક વાત પૂછવાની તો રહી જ ગઈ છે, 'બા, સો રૂપિયામાં રિક્ષાભાડું નીકળી જશે પણ તમારું ઘર આવ્યું ક્યાં ?'

'મારા જેવી વિધવાને પોતાનું ઘર કયાંથી હોય, દીકરા ? હું તો મારા ભત્રીજાની સાથે રહું છું. લગ્નના પંદર જ દિવસમાં વિધવા થઇને પિયર પાછી આવી હતી. ત્યારે મા-બાપ જીવતા હતા, પછી એ સ્વર્ગે સિધાવ્યા એટલે ભાઇએ સાચવી. હવે ભાઇ પણ નથી રહ્યો, એટલે ભત્રીજાના આશરે દિવસો કાપું છું.' માજીનો અવાજ ગળગળો થઇ ગયો.

ડૉ. મહેતાનું હૃદય પણ દ્રવી ઊઠ્યું, પણ પોતાની ભાવુકતા છુપાવવા તેમણે મનને મક્કમ કર્યું અને અવાજ કડક રાખીને બોલ્યા, 'સારું ! સારું ! ભાઇ હોય કે ભત્રીજો, બધું સરખું જ કહેવાય. સાચવે છે ને તમને બસ ! અને એક વાત કાન ખોલીને સાંભળી લો, તમે આમ રડશો એટલે કંઇ હું આ સો રૂપિયા પાછા નથી આપી દેવાનો! ઘોડો જો ઘાસ સાથે દોસ્તી કરે તો ખાય

શું ? જાવ હવે ! રિક્ષા મળી જશે ને ? કે મારા માણસને મોકલું ? અને હા, એ તો પૂછવાનું રહી ગયું, તમારો ભત્રીજો ક્યાં રહે છે ?'

મંગુબાએ અચકાતાં–અચકાતાં ભત્રીજાના ઘરનો નંબર અને સોસાયટીનું નામ જણાવ્યું. સોસાયટીનું નામ સાંભળતાં જ ડૉ. મહેતાની આંખો ઝીણી થઈ ગઈ, 'શું કહ્યું ? પેલી વીઆઇપી રોડ પર આવેલી ગ્રીનવૂડ સોસાયટીનો મોટો ત્રણ માળનો બંગલો ? એ તો શહેરના પ્રખ્યાત ટેક્સટાઇલ કિંગ નિલેશભાઈ શાહનું મકાન છે !'

'હા, એ નિલેશ જ મારો ભત્રીજો છે, ભાઇ !'

'શું ?' ડૉ. મહેતા આશ્ચર્યથી ફાટી આંખે જોઈ રહ્યા, 'મા, તું એ અબજોપતિની સગી ફોઇ છે ? અને તારી પાસે રિક્ષાના પૈસા નથી? આઠ દાંત પડાવવા માટે એણે તને માંડ બસો રૂપિયા આપીને મોકલી ?' અચાનક ડૉક્ટર માટે મંગુબા 'બા' માંથી 'મા' બની ગયાં.

'ના, ના, દીકરા ! એવું નથી. એણે મને પૈસા નથી આપ્યા. હું જ મારી વર્ષો જૂની બચતમાંથી આ બસો રૂપિયા લઇને છાનામાના ચાલી આવી છું.'

'પણ એને ખબર તો હશે ને કે ફોઇ દાંતના ડૉક્ટર પાસે જાય છે ?'

'હા, મેં સવારે કીધું તો હતું, પણ નિલેશ કંઇ બોલ્યો નહીં એટલે પછી મેં પણ એની સામે હાથ લાંબો ન કર્યો.' મંગુબાના ગાલ પર આંસુ સરી પડ્યા.

'રાખ, રાખ, માડી હવે! એ કંજૂસનો બચાવ કરવાનું બંધ કર. એ તને શું સાચવવાનો ? લે, મા, આ સો રૂપિયા પણ પાછા રાખી લે ! ના, રડીશ નહીં અને હવે એક પણ શબ્દ બોલતી નહીં ! ચાલ, હવે ઘરે જા, મારે બીજા દર્દી જોવાના છે. અને જો, કહી દઉં છું, આમ રડમસ મોઢે ઊભી રહીશ તોય મને તારી દયા નથી આવવાની. હું બહુ કડક માણસ છું, હા! રિક્ષા કરીને જ ઘરે જજે, હું કંઇ મારી ગાડીમાં તને મૂકવા નથી આવવાનો.'

મંગુબા વર્ષોના અનુભવી હતાં, એ સમજી ગયાં કે આ 'કડક' દેખાતો માણસ અંદરથી કેટલો કોમળ છે અને એ ખરેખર પોતાની ગાડીમાં જ એમને ઘરે મૂકવા મોકલશે. એટલે એ ઝટપટ આશીર્વાદ આપીને નીકળી ગયાં.

બીજા દિવસે સવારે, ટેક્સટાઇલ કિંગ ભત્રીજા નિલેશ શાહનો ડૉ. મહેતાના પર્સનલ નંબર ઉપર ફોન આવ્યો, 'ડૉ. મહેતા, ગઇકાલે મારી ફોઇ તમારી પાસે આવ્યા હતાં. તમે એમની બહુ સરસ સારવાર કરી. એ ઘરે આવીને તમારા બહુ વખાણ કરતા હતા. એમણે કહ્યું કે તમે ફી પણ નથી લીધી. બોલોને, કેટલા રૂપિયા થયા ? હું હમણાં જ ડ્રાઇવર સાથે મોકલી આપું.'

ડૉ. મહેતાએ ગંભીર અને સણસણતા અવાજે જવાબ આપ્યો, 'સોરી, શેઠ ! તમારી દાનત જો સાચે જ પૈસા આપવાની હોત, તો ગઇકાલે મંગુબા જ્યારે દુખાવાથી કણસતા તમારા ઘરેથી નીકળ્યા ત્યારે જ એમના હાથમાં પૂરા પૈસા મૂકી દીધા હોત. હવે તમારા પૈસાની કોઈ જરૂર નથી–ન તો મંગુબાને, ન તો મને. હવે આગળ એક પણ શબ્દ ન બોલતા, નહીંતર મારા મોંમાંથી એવી ભાષા નીકળશે જે તમારા કાન સહન નહીં કરી શકે.'

ડૉ. મહેતાએ સામેવાળાનો જવાબ સાંભળ્યા વિના જ જોરથી ફોન કટ કરી દીધો. નિલેશ શાહના કાનમાં ફોન કપાયા પછી પણ ડૉક્ટરના શબ્દો હથોડાની જેમ વાગતા રહ્યા.

## ડોક્ટરની ડાયરી : ડોક્ટર શરદ ઠાકર

રાજુ સરવૈયા નામનો માસૂમ છોકરો. ફક્ત આઠ જ વર્ષની ઉંમર. સૌરાષ્ટ્રના સાવ નાનકડાં ગામનાં ગરીબ પરિવારનું ફૂલ. પ્રથમ નજરે જ ગમી જાય એવો રૂપાળો ચહેરો. ઇશ્વરને પણ ગમી ગયો.

કદાચ એટલે જ એણે બ્લડ કેન્સર નામની બીમારી આ નાનકડા જીવનાં સરનામે મોકલી આપી. સાથે સંદેશ પણ, 'તારા વિના સ્વર્ગ ખાલી–ખાલી લાગે છે. આ કેન્સર નામની ટપાલ મળે કે તરત જ રૂબરૂ આવી જજે.'

રાજુના પરિવારમાં ખળભળાટ વ્યાપી ગયો. ડોક્ટરના મુખેથી નીકળેલું નિદાન સાંભળીને સૌથી પહેલી પ્રતિક્રિયા આઘાતરૂપે જન્મી. પછી આક્રંદ. અને પછી લાડકા દીકરાના પ્રાણ બચાવવા માટેની દોડધામ શરૂ થઇ ગઇ.

ડૉક્ટરોએ સ્પષ્ટ રીતે જણાવી દીધું, 'દીકરાના બુઝાતા દીપકમાં તેલસિંચન કરવું હોય તો આમતેમ, આડાઅવળા ક્યાંય પણ જવાને બદલે સીધા અને કેન્સર હોસ્પિટલમાં લઇ જાવ.'

'એ ક્યાં આવી?' રાજુના પિતા લક્ષ્મણભાઇએ પૂછ્યું.

'અમદાવાદમાં. સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં. હોસ્પિટલ નથી, પણ મંદિર છે અને ત્યાંના ડિરેક્ટર ડૉ. પંકજ શાહ મુખ્ય પૂજારી છે. જો તમારા રાજુના કિસ્મતમાં વધારે જીવવાનું લખાયું હશે તો એની સારવાર માત્ર ત્યાં જ કરાવવી પડશે.'

જૂનાગઢ જિલ્લાના અંતરિયાળ ગામડાંમાંથી ગરીબ મા–બાપ નાનકડા રાજુને લઇને અમદાવાદના સ્ટેશને ઊતર્યાં. સાથે એક–બે સગાં સંબંધીઓને પણ લીધા હતા. આવડું મોટું શહેર. એમાં કેન્સર હોસ્પિટલ શી રીતે જડે ?

ડૉક્ટરોએ રાજુને નવેસરથી તપાસ્યો. જૂનું નિદાન પાક્કું થયું. પછી એમણે સલાહ આપી, 'આને ખાસ પ્રકારની સારવાર આપવી પડશે. એ માટે રાજુને અહીંના વોર્ડમાં 'એડમિટ' કરવો પડશે. એના શરીરમાં લોહીનું પ્રમાણ ખૂબ જ ઘટી ગયું છે. એના માટે લોહીની જરૂર પડશે.'

'લોહીના બાટલા ચડાવવા પડશે, સાહેબ? કેટલા?' લક્ષ્મણભાઇએ પૂછ્યું.

'કંઇ કહેવાય નહીં. હાલ પૂરતું એક યુનિટ પણ પછી વધારેની જરૂર પડશે એ નક્કી.'

'ભલે. અત્યારે તો અમે ચાર જણાં હાજર છીએ. અમારા શરીરમાંથી જેટલું લોહી કાઢવું હોય એટલું કાઢી લો. બધે બધું ખેંચી લો તોયે ના નહીં પાડીએ. દીકરા માટે તો જિંદગીયે કુરબાનપ' પિતા ઇમોશનલ થઇ ગયા. પણ ડૉક્ટરને આવા લાગણીના પ્રવાહમાં ડૂબી જવું પાલવે નહીં.

'જુઓ, લક્ષ્મણભાઇ ! એમ તમે માનો છો એ પ્રમાણે ગમે તેના શરીરમાંથી ગમે તેટલું લોહી ખેંચી ન શકાય. અને ગમે તેને આંખો મીંચીને ચડાવી પણ ન દેવાય. પહેલાં તો લેનાર અને દેનારનું બ્લડગ્રૂપે તપાસવું પડે.'

રાજુના રક્તગ્રૂપનું પરીક્ષણ જ ચોંકાવનારું સાબિત થયું. એનું બ્લડગ્રૂપ હતું 'ઓ–નેગેટિવ.' આમાં 'ઓ'નું મહત્ત્વ એટલું બધું ચિંતાજનક ન ગણાય, જેટલું 'નેગેટિવ'નું

ગણાય. બ્લડગ્રૂપ ગમે તે હોય, પણ જો એ પોઝિટિવને બદલે નેગેટિવ હોય તો અને મેચ થતું લોહી મળવું મુશ્કેલ હોય છે.

રાજુની કમનસીબી કે એના માતા-પિતા બંને 'ઓ-પોઝિટિવ' નીકળ્યાં.

'હવે શું કરીશું, સાહેબ ?' રાજુના બાપની આંખોમાં ચિંતાના વાદળો જામ્યા. આ પ્રશ્ન ડૉક્ટરોને પણ સતાવી રહ્યો. હોસ્પિટલની પોતાની બ્લડ બેન્કમાં 'ઓ-નેગેટિવ' ગ્રૂપનું બ્લડ હતું એ તો રાજુને ચડાવી દીધું, પણ પછી શું ? ફરી વાર જરૂર પડે ત્યારે લોહી ક્યાંથી કાઢવું ?

ડૉક્ટરે બ્લડ બેન્કનો ચોપડો ઊઘાડયો. અંદરના પાનાંઓમાં જે-જે રક્તદાતાઓ ભૂતકાળમાં લોહીનું દાન કરી ગયા હતા એમના નામો સરનામા, ટેલિફોન નંબર્સ અને દરેકના રક્તનું ગ્રૂપ પણ નોંધાયેલા હતા. એમાંથી 'ઓ-નેગેટિવ' ગ્રૂપવાળા નામો જુદા તારવ્યા. બહુ ઓછા નામો નીકળ્યા. ડૉક્ટરે નર્સને સૂચના આપી, 'આ બધાં દાતાઓનો સંપર્ક કરો. એમને બોલાવો. જો એમણે તાજેતરમાં જ રક્તદાન ન કરેલું હોય તો એમને વિનંતી કરો કે આ બાળક માટે એક બોટલ જેટલું ખૂન આપવાની મહેરબાની કરે.'

સસ્ટિરે સહર્ષ કામ ઉપાડી લીધું. ફોનના ચકરડા ઘૂમાવવાનું શરૂ કર્યું. ક્યાંય હકારાત્મક પ્રતિસાદ ન મળ્યો. ક્યાંય ફોન નંબર લાગ્યો નહીં. કોઇકનો નંબર જ બદલાઇ ગયો હતો. તો કોઇક દાતા વળી એ સમયે બહારગામ હતો.

એક ફોન નંબર લાગી ગયો. એ રવિ નામનો ત્રીસેક વર્ષનો જુવાન હતો. પૈસાદાર મા-બાપનો એકનો એક પુત્ર. બાપદાદાના ધંધા પર બેસતો હતો. આમ સીધો હતો, પણ તેમ જોવા બેસીએ તો ફાટેલી ખોપડીનો માણસ. સેલફોન વાગ્યો એ સાથે જ એ બરાડી ઉઠયો.

'હેલ્લો ! કોણ છે ? કોનું કામ છે ?'

'જી, હું સસ્ટિર બોલુ છું.'

'કોણ સસ્ટિર ? કોની સસ્ટિર ? મારે બે જ બહેન છે અને બંને પરણી ગઇ છે. તમારો અવાજ એ બેયમાંથી કોઇના જેવો લાગતો નથી. અત્યારે ઘરાકીનો સમય છે. ખાલી-પીલી ખપાવવાનું બંધ કરો !'

'હું ખપાવતી નથી, ભાઇ ! મેં તો તમને દયાળુ સજ્જન માનીને ફોન કર્યોહતો.' 'એ તો હું છું જ.'

તો એક મિનિટ માટે ધ્યાન દઇને મને સાંભળો. હું સસ્ટિર બોલું છું. તમારી એકલાની બહેન નહીં, જગતના તમામ બીમાર ભાઇઓ અને બહેનોની સસ્ટિર કેન્સર હોસ્પિટલમાં નર્સિંગ વિભાગમાં સેવા આપું છું. અમારો ચોપડો બોલે છે કે તમારું બ્લડગ્રૂપ ઓ-નેગેટિવ છે'

'હા, છે જ. અને એ તમારા કીધે કંઇ બદલાઇ નથી જવાનું.'

'ભગવાન ન કરે કે એ બદલાય, ભાઇ ! એક નાનકડા જીવને અત્યારે એની જરૂર છે. રાજુ નામનો દીકરો બ્લડ કેન્સરને કારણે' 'બસ, બસ. આગળ કંઇ બોલવાની જરૂર નથી.

ક્યારે આવું, બોલો ? આજે જપ શક્ય હોય તો અત્યારે જપ અત્યારે તો વડાપ્રધાન મનમોહનસિંહ બોલાવે તોય જઇ શકું એમ નથી. ઘરાકી સોળ કળાએ ખીલી છે. પાંચ વાગ્યા પછી આવી શકું.'

'પાંચ વાગે તો લેબોરેટરી બંધ થઇ જશે. એક મિનિટ, પ્લીઝ! તમે પેશન્ટના પિતાની સાથે વાત કરો.' નર્સે આટલું કહીને ફોન લક્ષ્મણભાઇને પકડાવી દીધો. હકીકતમાં એ સેલફોન હતો. લક્ષ્મણભાઇનો પોતાનો હતો. સસ્તા ભાવનું રમકડું હતું. શોખ નહીં, પણ જરૂરિયાત હતું. ગમે ત્યારે દીકરાના કામ માટે જરૂરી હતું માટે રાખ્યું હતું.

રવિ મોટા અવાજે કંઇક બોલવા ગયો, પણ અજાણ્યા અવાજમાં રહેલી કરુણાએ એને અટકાવી દીધો, 'ભાઇ, તમે કોણ છો એ તમે જાણો, પણ અમારા માટે ભગવાન છો. ક્યારે આવશો ?'

'બસ, આવું છું. જેટલો બને એટલો વહેલો. આ નંબર તમારો જ છે ને ? હું હોસ્પિટલ પહોંચીને તમને ખોળી કાઢું છું.' રવિએ વાત પૂરી કરી. ઘરાકી પૂરી કરવામાં બે કલાક નીકળી ગયા. પછી એ પોતે નીકળી પડયો. હોસ્પિટલમાં પહોંચીને એણે લક્ષ્મણભાઇનો નંબર લગાડયો. આશ્ચર્ય! સેલફોન બંધ હતો.

રવિની ખોપડી હટી ગઇ. આ તે કેવી બેદરકારી કહ્યું હતું કે ફોન જીવંત રાખજો તો પણ ?

રવિની એક ખાસિયત હતી. કોઇને એક વાર ફોન કરે અને જો ન લાગે, તો બીજી વાર નહીં કરવાનો. પડે ખાડામાં. એને પોતાને ગરજ હોય તોયે ન કરે. આવી જીદમાં ને જીદમાં કંઇક વાર તો એણે ધંધોયે ગુમાવેલો અને ઉઘરાણી પણ જતી કરેલી. મિત્રો સાથે ફિલ્મ જોવાના કે ડિનર પર જવાના કાર્યક્રમો બનાવ્યા હોય એ પણ ફોન ન લાગવાને કારણે બગાડી નાખ્યા હતા.

એક ક્ષણ માટે એના મનમાં પાછા ફરી જવાનો વિચાર ઝબકી ગયો. ત્યાં જ કો'ક બાળકનો દયામણો ચહેરો એની આંખો સામે તરવરી ઉઠયો. એણે ફરી વાર ફોન લગાડયો. પાંચ–સાત વારની નિષ્ફળતા પછી એ કેન્સરના વોર્ડમાં દાખલ થયો. રિસેપ્શન પર બેઠેલી સ્ત્રીને મળ્યો. પોતાની ઓળખાણ આપી. હેતુ કહ્યો. પછી વિનંતી કરી, 'મને દર્દીનું નામ ખબર નથી. એના બાપે મારી સાથે વાત કરી હતી, એનું નામ પણ હું જાણતો નથી. બસ, એટલું જાણું છું કે એ છોકરાને બ્લડ કેન્સર છે અને એનું પણ બ્લડ ગ્રૂપ 'ઓ–નેગેટિવ છે.'

રિસેપ્શનિસ્ટે અડધા કલાકની મહેનત પછી ચોપડામાંથી રાજુ સરવૈયાને વીણી કાઢયો. 'ગો સ્ટ્રેઇટપ ધેન લેફ્ટપ વોર્ડ નંબર પથારી નંબરપ થેક્ન્ સપ !' અને રવિ એની મંઝિલે પહોંચી ગયો. રાજુના પિતાને મળ્યો, ત્યારે એ ગામડાના માણસને ફાળ પડી, 'બાપ રે ! સાહેબ, મારા ફોનની તો બેટરી જ ડાઉન છે. ચાર્જર શોધવામાં ટાઇમ નીકળી ગયો. પછીયે હું ફોનની સ્વીચ 'ઓન' કરવાનું ભૂલી ગયો.

અમને શોધવામાં તમને તકલીફ તો બહુ પડી હશે, નહીં ? મને માફ કરો, સાહેબ ! રવિ એંગ્રી યંગ મેન હતો, પણ આદ્ર બની ગયો. રાજુના કપાળ ઉપર હાથ ફેરવીને બોલી ઉઠયો, 'તકલીફ ? ના રે, એમાં શી મોટી વાત છે ! ફોન તો એક વાર નહીં, હજાર વાર પણ જોડવો પડે ! કોઇ બીજાના માટે થોડો કરીએ છીએ ?

આપણાં પોતાના માટે અને પછી એ બુલંદ બરાડાનો માણસ ખામોશ થઇ ગયો. થોડી વાર પછી બોલ્યો તે પણ બબડવા જેવું, 'ચાલો, સસ્ટિર લોહી આપવા માટે કયાં જવાનું છે ?

દુનિયામાં લોહીની કોઈ ફેક્ટરી નથી, તે માત્ર એક મનુષ્ય બીજા મનુષ્યને આપીને જ તેનો જીવ બચાવી શકે છે. ખાસ કરીને 'ઓ–નેગેટિવ' જેવા રેર (મુશ્કેલ) બ્લડ ગ્રૂપના સમયે જો રવિ જેવા દાતાઓ સમયસર આગળ ન આવે, તો કોઈ માસૂમનો જીવ જઈ શકે છે.

રક્તદાન એ ભગવાનની પૂજા સમાન છે.

---

## માવતર

–પારુલ મિતેષ શાહ

કરી તો શું શકવાની હતી પોતે ! મરવાનો જ વિકલ્પ ઉત્તમ છે. પણ પાછળથી કેટકેટલી વાતો થશે યાર ! ડૅડી, કૃપાર્થ એમનું શું થશે ?

શું જવાબ આપશે બધાંને એ લોકો ! હજી તો લગ્નને છ મહિના થયાં ત્યાં એવું તે કેવું દુ:ખ આવી પડ્યું કેસ, એક કામ કરું, હું એક ચિઠ્ઠી લખું. એમાં હું એવું લખીશ કે મેં ચેક–અપ કરાવેલું, એમાં મને છેલ્લા સ્ટેજનું બ્લડ–કેન્સર આવ્યું છે. હું બીજી કોઈ પીડા ભોગવવા માંગતી નથી એટલે પણ એના માટે પહેલાં તો મારે કોઈ એવી વ્યક્તિને શોધીને એવાં રિપોર્ટ બનાવડાવવા પડે, તો કદાચ કામ થાય પણ મર્યા પછી, પોસ્ટમોર્ટમમાં તો એ વાત ખુલી જ જવાની ને ! શું કરું એવું કે મને છુટકારો મળે ?"

આવાં વિચારોના વમળમાં અટવાયેલી એ અતીતમાં કરેલી ભૂલનાં ભયાવહ પડછાયાથી બચવા રસ્તો, ઊંઘની ગોળીઓ શોધી રહી હતી, ત્યાં મોબાઈલ રણક્યો. હૃદય ધબકારા ચૂકી ગયું એનું !

બે–ચાર વાર ઉપેક્ષા કર્યાં છતાંય ફોન વાગ્યે જ જતો હતો. એટલે આખરે કંટાળીને એણે ફોન હાથમાં લીધો. ડૅડીનું નામ સ્ક્રીન પર જોઈ, એને જરાક હાશ થઈ.

સ્વગત : એટલી તે શું ઇમરજન્સી હશે કે આમ આટલી રાતે ડૅડી.

પછી જોયું, તો મોબાઈલનાં નોટીફિકેશનમાં એમનાં પાંચ મેસેજ દેખાતાં હતાં. એ જોયાં નહિ, એટલે એમણે ફોન કર્યો હશે એમ વિચારી, મોબાઈલ અનલૉક કરી, એણે મેસેજીસ વાંચ્યા.

– જય શ્રીકૃષ્ણ બેટા.

– જનકલ્યાણ હવે ઓનલાઇન ઉપલબ્ધ છે. મેં લિંક મોકલી છે તને.

– એક ટોપિક બહુ સુંદર છે, 'સત્યનો સ્વીકાર.'

– મેં આખી બુક વાંચી લીધી છે.

– તું પણ સમય કાઢીને વાંચજે."

વનશ્રીને થયું લાવ જોઈ લઉં. એણે લિંક ખોલી. સૌથી પહેલી કૃતિમાં પ્રસંગ હતો, ઘણાં વર્ષે પોતાનાં બાળપણનાં ગામમાં રોકાવા આવેલ બહેન–ભાઈનો.'

ભાઈ : તને યાદ છે, નાનપણમાં હું તને કેવી ડરાવતો ?

બહેન : તે યાદ જ હોય ને ! પપ્પાની બીક બતાવી બતાવીને તું કેટલું કામ કઢાવી લેતો મારી પાસેથી લુચ્ચા !

ભાઈ : જરાય નહીં ! તું બુડથલ હતી. એમાં મારો શું વાંક ! પણ એય ! અચાનક તારામાં એટલી હિંમત ક્યાંથી આવેલી, કે તેં સીધું પપ્પાને જઈને કહી દીધું હેં ?

બહેન: હી, હી, હી મેં પપ્પાને ક્યારેય કંઈ કહ્યું જ ન હતું. એ તો એકવાર તારી નોટબુક પૂરી કરતાં મારી બહેનપણી મને જોઈ ગયેલી. એણે પૂછ્યું, એટલે મેં એને તારા દ્વારા થતી બ્લેકમેઈલિંગ વાળી વાત કહી. તો એણે મને સમજાવ્યું કે જો કૃષા, તેં કોઈ એવો મોટો ગુનો નથી કર્યો, કે તારા પપ્પા તને આકરી સજા કરે. તું એક કામ કર, તું તારા ભાઈને એક વાર કહી દે કે તારે ચુગલી કરવી છે ને ? તો કર ને બિન્દાસ કર ! મેં તો મારો ગુનો પણ કબૂલી લીધો છે અને તારી ફરિયાદ પણ કરી છે. બસ, પછી એ ક્યારેય તને કનડશે નહિ.'

મેં પૂછ્યું, મારે સાચ્ચે જ પપ્પા સામે ગુનો કબૂલ કરીને ભાઈની ફરિયાદ કરવાની ?

તો કહે, ના, હવે ! તારે ફક્ત તારા ભાઈને આવું કહેવાનું. સમજી ?

બસ, એણે કહ્યું એમ મેં કર્યું. પપ્પાને તો એ વાતની કંઈ જાણ જ નથી.

વાંચતા વાંચતા વનશ્રીનાં મનમાં ઝબકારો થયો.

સ્વગત: ડૅડી ! ફરી એકવાર અપ્રત્યક્ષ રહીને બચાવી લીધી તમે મને.

મગજમાં આ વાત ચાલી રહી હતી, ત્યાં ટી.વી.માં પોતાની ફેવરિટ સિરીઝ જોઈને કૃપાર્થ પણ હોલમાંથી રૂમમાં આવી ગયો. હળવી ફૂલ થયેલી એ, ભૂતકાળની યાદોમાં ગરકાવ થઈ ગઈ હતી. કેવાં દિવસો હતાં એ મુગ્ધાવસ્થાનાં ! બધું જ કેટલું સુંદર ભાસતું. ઉંમરનો એ પડાવ ખરેખર ખૂબસુરત હતો. કોલેજમાં પોતે નવી જ દાખલ થયેલી એટલે સ્વાભાવિક રીતે જ કોઈ સખી–સખા ન હોય માટે રીસેસમાં પોતાની બેન્ચ–મેટ રેણુનાં મિત્રવર્તુળ સાથે બેસવાનું શરુ કર્યુંને ઓળખાણ થઈ મનદીપ સાથે કોઈ ફિલ્મી અદાકાર જેવો એકદમ ફૂટડો, આકર્ષક લાગતો એ પણ કોલેજની બીજી બધી દેખાવડી છોકરીઓને છોડીને પોતેના જેવી દેખાવે સાવ સામાન્ય છોકરીને મનદીપ બહુ પોરસાવતો ત્યારે કેવું સ્પેશિયલ ફીલ કરતી પોતે ! એની દરેક વાતમાં બસ, પોતાનો જ ઉલ્લેખ અને પ્રશંસા જાણે પોતાનું વ્યસન લાગી ગયેલું એને. ધીમે ધીમે પોતે એની માયાજાળમાં એ એવી ફસાઈ કે હવે પોતાને એના સિવાય બીજું કોઈ દેખાતું જ ન હતું.

આ વાતની પાક્કી ખાતરી થયા પછી મનદીપે એની સામે પ્રસ્તાવ મૂક્યો, કાલે મારો જન્મદિવસ છે. મારા ઘરે પાર્ટી રાખી છે. બધાં જ ફ્રેન્ડ્સને ઇન્વાઇટ કર્યાં છે. તું આવીશને ?

વનશ્રી : ડૅડીને પૂછીને કહું.

મનદીપ : તું કહે, તો હું વાત કરું ?

વનશ્રી : ના, હું જ પૂછી લઈશ. પછી તને જણાવીશ.

મનદીપ : તું નહિ આવે, તો પાર્ટી કેન્સલ.

વનશ્રી : પ્લીઝ એવું નહિ કર. તારો સ્પેશિયલ ડે છે. તું એન્જોય કરજે હું આવું કે ન આવું.

મનદીપ : સવાલ જ નથી. તું આવીશ તો જ પાર્ટી થશે બાકી બર્થડે–વર્થડે જાય ખાડામાં. ડૅડીને વાત કરી કે એક બર્થડે પાર્ટીમાં જવાનું છે. એમણે એડ્રેસ, ફોન નંબર વગેરે વિગતો

માંગી અને પરમિશન આપી.

કેવી અપ્સરા જેવી તૈયાર થઈને ગયેલી પોતે ! પણ ત્યાં જઈને જોયું, તો ફક્ત એ અને મનદીપ. આમ તો ખૂબ સારું લાગેલું, પણ પછી બીક પણ હતી કે જો ડૅડીને ખબર પડી તો તો આવી જ બન્યું સમજો. સામાન્યપણે એ બહુ ગુસ્સો ન કરતા, પણ અમુક બાબતમાં ખૂબ જ શિસ્તપ્રેમી હતા. એટલે જો કંઈ પણ આડુંઅવળું થયું તો પોતાને જોઈને મનદીપ રીતસર દોડ્યો અને ગળે લગાડી દીધી. કેટલી શરમાઈ ગઈ'તી પોતે ! પછી પોતાને કંઈ જ ભાન ન હોય એમ યંત્રવત્ બધું કરી રહી હતી. કેક કાપી ત્યારે પણ ખબર નહીં કેમ, જેમ એ કહેતો જાય એમ જ એ કરતી રહી. એ પોતાને એક ઓરડામાં લઇ ગયો. દરવાજો બંધ કરી પોતાને બેડ પર સુવડાવી. પછી ધીમે ધીમે એક પછી એક ત્યાં અચાનક પોતાનો ફોન વાગ્યો. એ ઝબકી ગઈ, સજાગ થઇ ગઈ. મનદીપ ફોન કટ કરવા જઈ રહ્યો હતો, પણ પોતે ફોન રીતસર ઝુંટવી લઇ કોલ અટેન્ડ કર્યો. ડૅડીનો ફોન હતો. એ તેડવા આવેલા. પતનની ગર્તાથી એક જ ડગલું દૂર હતી પોતે, ત્યાં કોઈ દેવદૂતની જેમ આવી ડૅડીએ બચાવી લીધી પોતાને. રીતસર દોડી એ ઘરની બહાર જવા.

પછી તો ડૅડીની બદલી જ થઈ એટલે શહેર જ છોડી દીધેલું. પોતે લગ્ન પહેલાં કૃપાર્થને બધું જણાવી દેવા માંગતી હતી પણ હિમ્મત જ ન થઈ. ખેર ! જે થઈ ગયું તે થઈ ગયું. હવે બધું સાચેસાચું, અક્ષરસઃ જણાવશે અને મનદીપને સીધો દોર કરી નાખશે પોતે એવું નક્કી કરીને એ નીરાંતવે જીવે સૂઈ ગઈ.

વહેલી સવારે ઉઠી, શાંતિથી બધો નિત્યક્રમ પતાવી, ઘરમાં જે જૂનો મોબાઈલ પડ્યો હતો, એ લઈને બેઠી. એમાં બીજું સિમકાર્ડ નાખ્યું અને એમાંથી ધડાધડ ટેક્સ્ટ મેસેજ કર્યા.

– તું કૃપાર્થને પેલાં ફોટા દેખાડવા માંગે છે ને ! ચોક્કસ દેખાડજે. મેં તો એમની સામે અમારું સગપણ થયું એ પહેલાં જ બધી કબૂલાત કરી લીધી હતી. એટલે મને કોઈ વાતની બીક નથી.

– તને થશે, આ વળી કોણ ? તો જણાવી દઉં. હું, તારી ડાર્લિંગ, તારી વનશ્રી !

– બીજા મોબાઈલમાંથી મેસેજ કરી રહી છું. મારો ફોન તો પોલીસ ડીપાર્ટમેન્ટમાં પડ્યો છે. અત્યારે હું જે મેસેજ કરી રહી છું, એ પણ એ લોકો વાંચી રહ્યા હશે કેમકે તારો ફોન પણ સર્વેલન્સમાં છે.

– મારા વિશે બધી માહિતી મેળવ્યા બાદ તને એટલી તો જાણ હશે, જ કે અહીંના મેયર મારા પતિદેવનાં બેસ્ટ ફ્રેન્ડ છે.

મહિલા સુરક્ષા પ્રત્યે તેઓ ખૂબ જાગૃત છે. મેયર બનતાંની સાથે એમણે અહીંના પોલીસ ડિપાર્ટમેન્ટ સાથે મળીને એક એવું સોફ્ટવેર ડેવલપ કર્યું છે, કે કોઈ પણ સ્ત્રી ખાલી એક ર્જીજી કરી દે, કે તરત જ એમનાં ચક્રો ગતિમાન થઈ થઈ જાય.

– તેં ગઈકાલે મને ધમકીભર્યો ફોન કર્યો, એ સાથે જ મેં SOS કરી દીધેલો. બસ, હવે તું છે ને પેલાં યમદૂત છે.

– All the best... Enjoy Your Trip To The Hell.

બીજું કામ એણે કૃપાર્થ પાસે પોતાની ભૂલની કબૂલાત કરવાનું કર્યું પણ એ તો બધું પહેલેથી જ જાણતો હતો. ડૅડીએ એને બધું જ જણાવી દીધેલું.

કૃપાર્થ : બન્યું'તું એવું કે બર્થડેમાં જવાની ઉતાવળમાં કહો કે પેલાને મળવાની ઘેલછા, તું તારું પર્સ ઘરે જ ભૂલી ગયેલી. ડૅડીએ રેણુને ફોન કર્યો કે જો એ નીકળી ન હોય, તો પર્સ લેતી જાય અને નીકળી ગઈ હોય, તો જરૂર પડ્યે તને મદદ કરે. પણ એની સાથે વાત થઈ ત્યારે ખબર પડી, કે મનદીપનો જન્મદિવસ તો નવેમ્બરમાં આવે છે. એ બધું સમજી ગયેલા, એટલે જ તાબડતોબ તેડવા પહોંચી ગયા.

તારું કદાચ ધ્યાન નહિ હોય, પણ તે દિવસે તું ત્યાં એકલી નહોતી. બીજાં પાંચ પુરુષો / મનદીપનાં મિત્રો પણ હતાં એ ઘરમાં. ઘરની બહાર પડેલાં ચપ્પલ જોઈને ડૅડીને ખ્યાલ આવ્યો હતો. એટલું જ નહિ, તારો ફોન પણ એણે સ્વીચ ઓફ કરી દીધેલો. આ તો નસીબજોગે તારાં અને એનાં ફોનની રીંગ ટોન એક જ સરખી હતી, એટલે તું તંદ્રામાંથી બહાર આવી ગઈ બાકી ગઈકાલે તને જે ધમકી ભર્યો ફોન આવ્યો, એની પાછળ પણ ડૅડી જ હતા. એમણે જ પેલાને ભડકવ્યો. એને ફોન કરીને કહ્યું કે બે વર્ષ પહેલાં જે કબૂતરી તારાં હાથમાં આવતાં આવતાં રહી ગયેલી, એ આ જ શહેરમાં છે.

કેમ કે, કોલેજ કાળમાં એની ફરિયાદ નોંધાવી હોત, તો એને પકડાવવામાં તારી પણ બદનામી થાત પણ હવે એ તને બ્લેકમેઇલ કરવાની કોશિશ કરે એ ભેગો એને પોલીસને હવાલે કરી શકાય.

એમણે મને કહ્યું, હું એક બાપ છું. દીકરીને અમુક વાતો પૂછવામાં, કહેવામાં કે સમજાવવામાં મારી એક મર્યાદા આવી જાય. એવા સમયે હું પુસ્તકનો સહારો લઉં છું અને મોટાભાગે સફળ રહ્યો છું. મારી દીકરી બહુ જ ભોળી અને બિક્કણ છે. તમે સતર્ક રહેજો. ઘરમાં કોઈ એવી વસ્તુ ન રાખતાં કે આપણે પાછળથી પસ્તાવું પડે.

જૂનો મોબાઈલ તો પડ્યો હશે ને ઘરમાં ? એ ના ચાલતો હોય તો રિપેર કરાવી ને સાથે એક સિમકાર્ડ એ રીતે મુકજો, કે વનશ્રીનાં ધ્યાનમાં આવી જાય.

જ્યાં સુધી હું મારી દીકરીને ઓળખી શક્યો છું, એ એમ જ કરશે, જેમ મેં તમને જણાવ્યું. પણ છતાં આપનું સજાગ હોવું જરૂરી છે અને યાર ખરેખર સલામ છે ડૅડીને એ તને પરફેક્ટલી ઓળખે છે. તું એકદમ એમ જ વર્તી જેમ એમણે કહેલું ચાલ, આપણે સાઇબર ક્રાઇમમાં મનદીપ વિરૂદ્ધ ગુનો નોંધાવી આવીએ.

વનશ્રીને તો કાપો તો લોહી ન નીકળે. એણે અશ્રુભીની આંખે હાથ જોડીને માફી માંગી ડૅડી અને કૃપાર્થની. પછી ત્રણેએ મળીને મનદીપને બરાબરનો પાઠ ભણાવ્યો અને વનશ્રી જેવી બીજી લગભગ પંદર મહિલાઓને એનાં માનસિક ત્રાસ અને બ્લેકમેઇલિંગથી છુટકારો અપાવ્યો.

## ડૉક્ટરની ડાયરી : લેખક: ડૉ. શરદ ઠાકર

બાવીસ વર્ષની નંદિનીને લઈને તેના પિતા હર્ષદભાઈ અમદાવાદના યુવાન મનોચિકિત્સકને મળવા માટે આવ્યા. એમણે રજૂઆત કરી, અમે રાજકોટથી આવીએ છીએ. અમારા રાજકોટમાં પણ સારા ડૉક્ટરો છે પણ તેમની પાસે મારી દીકરીને સારવાર માટે લઈ જાઉં તો વાત ફેલાઈ જાય.

નંદિની હજુ અનમેરિડ છે, એ વગોવાઈ જાય તો એને સારો વર ન મળે.

ડૉક્ટરે માથું હલાવીને સૂચવ્યું કે તેમણે પરિસ્થિતિની ગંભીરતા સમજી લીધી છે. એમના ચૂપ રહેવાનું કારણ એટલું કે હર્ષદભાઈ ઔપચારિક વાતોમાં વધારે સમય ન બગાડે, જલ્દી મુદ્દાની વાત પર આવે. હર્ષદભાઈ મુદ્દાની વાત પર આવી ગયા, આમ તો મારી દીકરી સાવ સાજી–સારી છે. તમે જોઈ શકો છો કે ચહેરે–મ્હોરે તે સુંદર લાગે છે, ઘરકામમાં પણ એ કુશળ છે, બધી વાતે ગુણિયલ છે. બસ, એક જ તકલીફ છે, એ આખો દિવસ વિચારોમાં ખોવાયેલી રહે છે. નાની–નાની વાતમાં એ ખૂબ વિચાર કર્યા કરે છે. એ વિચારો નેગેટિવ વધુ હોય છે. ઉપરાંત એ હંમેશાં ઉદાસીમાં રહે છે. તમે એને આ સ્થિતિમાંથી બહાર કાઢી આપો. અમે બહુ મોટી અપેક્ષા રાખીને તમારી પાસે આવ્યાં છીએ.'

આમ, તો ડૉક્ટર આટલાં વર્ણન પરથી જ સમજી ગયા કે નંદિની ડિપ્રેશનનો ભોગ બની બેઠી છે. એની સાથે વાતચીત અને થોડીક પૂછપરછ કર્યા બાદ એમનું નિદાન પાકું બન્યું. ડૉક્ટર આગળ કંઈ સૂચન કરે તે પહેલાં જ હર્ષદભાઈ બોલી ગયા, સાહેબ, હું એક વાતની ચોખવટ કરી દઉં, મારે મારી દીકરીને કોઈ દવા આપવી નથી. મેં સાંભળ્યું છે કે તમે માત્ર કાઉન્સેલિંગથી જ દર્દીને સારું કરી આપો છો. ડૉક્ટરે કહ્યું, હા, કેટલાંક પેશન્ટ્સમાં ફક્ત કાઉન્સેલિંગથી જ સારું થઈ જાય છે, જેમને જરૂર જણાય તેમને દવાઓ પણ આપવી પડે છે.'

'ના, સાહેબ, દવાની તો વાત જ ન કરશો.' હર્ષદભાઈ એમની વાતમાં મક્કમ હતા. ઠીક છે. ડૉક્ટરે નમતું જોખ્યું, મારા ક્લિનિકમાં ત્રણ સાયકોલોજીસ્ટ યુવતીઓ છે. હું નંદિનીને એમાંથી એકની પાસે મોકલું છું. એ બે કલાક જેટલો સમય ફાળવશે. તમે બાજુની રૂમમાં નંદિનીને મોકલો અને તમે વેઈટિંગ રૂમમાં બેસો. નંદિની કાઉન્સેલિંગનું સેશન પૂરું કરીને, ફી ચૂકવીને એના પપ્પાની સાથે રવાના થઈ ગઈ.

ડૉક્ટર તો પોતાના વ્યસ્ત શિડ્યૂલમાં ડૂબી ગયા, થોડાક દિવસો પછી નંદિનીની વાતને ભૂલી ગયા. પાંચેક સેશન્સ પૂર્ણ કર્યા બાદ એક દિવસ બાપ–દીકરી ડૉક્ટરને મળ્યાં. હર્ષદભાઈના અવાજમાં ચિંતા ઝલકતી હતી, સાહેબ, નંદિનીની સ્થિતિમાં ખાસ કંઈ સુધારો વર્તાતો નથી. હજી પણ એ કહો દિવસ ભાઈ, મેં તો તમને પહેલા જ દિવસે કહ્યું હતું કે માત્ર કાઉન્સેલિંગથી તમારી દીકરીનો પ્રશ્ન હલ નહીં થાય, તેનાં માટે મેડિસિન્સની જરૂર પડશે.' ડૉક્ટરે યાદ કરાવ્યું. હર્ષદભાઈએ કચવાતાં મન સાથે કહ્યું, 'ભલે, સાહેબ. તમે દવાઓ લખી આપો.' ડૉક્ટરે પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું, સાથે સૂચના આપો, એક મહિના સુધી આ ગોળીઓ લો અને પછી મને બતાવવા માટે આવજો.

એક મહિનો પૂરો થઈ ગયો. હર્ષદભાઈ દીકરીને લઈને આવ્યા. એમના અવાજમાં ઘેરી નિરાશા હતી, સાહેબ, મારી દીકરીની હાલતમાં એક ટકા જેટલોયે સુધારો થયો નથી. એવું બને જ નહીં. મારું નિદાન સાચું છે. મેં દવાઓ પણ સારી આપી છે. સુધારો કેમ ન થાય ? તમે મને દવાઓનું બિલ બતાવો અથવા ગોળીઓની ખાલી સ્ટ્રિપ બતાવો. ડૉક્ટરને પૂરો આત્મવિશ્વાસ હતો એમના નિદાન પર અને સારવાર પર હર્ષદભાઈએ હવે સાચું કહેવું પડ્યું, સાહેબ, નંદિનીએ એક પણ ટેબ્લેટ ગળી નથી.' ડૉક્ટરને આંચકો લાગ્યો, અરે ! એણે આવું કેમ કર્યું ?

પછી એમણે સવાલનું સુકાન નંદિનીની દિશામાં ફેરવ્યું, કેમ તું દવાઓ નથી લેતી ? તારી ઈચ્છા સાજા થવાની નથી ? નંદિનીએ જવાબ આપ્યો, મારે સાજા તો થવું છે સર, પણ દવા લીધા વગર. મને ડર છે કે જો હું દવા લેવાનું શરૂ કરીશ તો મને એની આદત પડી જશે. પછી મારે જીવનભર એ ચાલુ રાખવી પડશે. માટે મેં એક પણ ગોળી ખાધી નથી. ડૉક્ટર આ દર્દીની જીદ સામે હારી ગયા, એમણે કહી દીધું, હર્ષદભાઈ, તમારી ઈચ્છા જો દવા ન જ લેવાની હોય તો નંદિનીને બીજે ક્યાંક લઈ જાવ. હું પાણી મંતરનારો કે ઝાડ ફૂંક કરનારો લેભાગુ નથી, હું મેડિકલ સાયન્સનો માણસ છું. હું મારા શાસ્ત્ર અનુસાર જ સારવાર કરીશ. હર્ષદભાઈ એમની દીકરીને લઈને ચાલ્યા ગયા.

ડૉક્ટર બબડ્યા, આ માણસને પસ્તાવાનો વારો આવશે. ક્યારે અને કેવી રીતે આવશે એ ઈશ્વર જાણે ! વધારે સમય ન લાગ્યો. છ એક મહિના થયા ત્યારે બાપ–દીકરીનું ફરીથી આગમન થયું. આ વખતે હર્ષદભાઈ પણ નંદિનીની જેમ જ ઉદાસ અને હતાશ દેખાતા હતા. ડૉક્ટરે પૂછ્યું, શું થયું, હર્ષદભાઈ ? તમે કેમ ચિંતિત લાગો છો ? નંદિનીને કેવું છે ? કોઈ બીજા ડૉક્ટર પાસે દવા કરાવી કે નહીં ? હર્ષદભાઈ રડવા માંડ્યા, અરે, સાહેબ ! જો અમે તમારું કહેવું માન્યું હોત તો આવું ન થયું હોત. તમારી પાસેથી ચાલ્યા ગયા પછી અમે બીજા કોઈ ડૉક્ટર પાસે ગયાં ન હતાં.

યોગાનુયોગ એ દિવસોમાં નંદિની માટે સારાં–સારાં ઘરમાંથી માગાં આવવા લાગ્યાં હતાં. અમે સૌથી સારો મુરતિયો પસંદ કરીને નંદિનીની સગાઇ કરી દીધી. ઘર પણ સારું હતું. એક મહિના બાદ લગ્ન કરી દીધાં. નંદિની પરણીને સાસરે ગઈ અમે રાહતનો શ્વાસ લીધો. હર્ષદભાઈ બોલતા રહ્યા અને ડૉક્ટર સાંભળતા રહ્યા. નંદિની પરણીને સાસરે ગઈ તેમાં અને બીજી નોર્મલ યુવતીઓ પરણીને સાસરે જાય તેમાં ખૂબ મોટો ફરક હતો. મનદુરસ્ત કન્યાઓ સાસરે જતી હોય ત્યારે એમનાં હૈયાંમાં ઉલ્લાસ ઉભરાતો હોય છે, નવી જિંદગીનાં સપનાંઓ છલકાતાં હોય છે. પણ નંદિની તો વિચારવાયુનો અને નકારાત્મક ખ્યાલોનો ભોગ બનેલી માનસિક રીતે બીમાર યુવતી હતી. એનું મન સતત નેગેટિવ વિચારો કરતું રહ્યું. પતિ મારી સાથે કેવું વર્તન કરશે ? સાસુ મારી પાસે બહુ કામ કરાવશે? સસરા કડક હશે ? નણંદ ચૂગલીખોર હશે ?

આવા વિચારોના કારણે નંદિની ડિપ્રેશનમાં સરી પડી. એના પતિને તો ખબર ન હતી કે નંદિની લાંબા સમયથી ડિપ્રેશનનો ભોગ બનેલી છે, જો ખબર હોત તો કદાચ એણે સારી અને સાચી સારવાર કરાવી હોત. લગ્નજીવન બે જ મહિનામાં ડામાડોળ થવા લાગ્યું. ત્રીજો મહિનો પૂરો થયો ન હતો ત્યાં તો નંદિનીનો પતિ એની હરકતોથી કંટાળી ગયો. સાસુ–સસરા પણ હિંમત હારી ગયાં.

એક દિવસ વેવાઈ હર્ષદભાઈને બોલાવીને કહી દીધું, અમને બીજો કોઈ જ વાંધો નથી પણ તમારી દીકરી આ ઘરમાં ચાલી શકે એવું નથી લાગતું. નંદિનીએ પણ કહ્યું, પપ્પા, મને ઘરે પાછી લઈ જાવ. મારે અહીં નથી રહેવું.' બાપ બીમાર દીકરીને લઈને પોતાના ઘરે આવી ગયો.

હર્ષદભાઈ આજ–કાલ ડૉક્ટરને મળવા આવે છે પણ એમની વાત એની એ જ છે : સાહેબ, નંદિનીને તમે સાજી કરી આપો. મારે એને એના સાસરે પાછી મોકલવી છે. હું ક્યાં ના

પાડું છું ? ડૉક્ટર સમજાવે છે : હું તો દવાઓ લખી આપવા તૈયાર છું, નંદિની લેવા માટે તૈયાર છે ? દવાની તો વાત જ ન કરશો, સાહેબ. એક વાર દવા લેવાનું શરૂ કરો એટલે જીવનભર એની આદત પડી જાય. હર્ષદભાઈની કેસેટ વાગવી શરૂ થઇ જાય.

દવાની આદત પડી જાય એ માન્યતા ખતરનાક છે. એવી ઘણી બીમારીઓ અથવા શરીરની સ્થિતિઓ છે જેમાં આખી જિંદગી દવાઓ લેવાની જરૂર પડે છે. જેવી કે હાઈ બી. પી., ડાયાબિટીસ, અમુક પ્રકારનાં તત્ત્વોનો ઊણપ, બ્લડ–બ્રેઈન–હાડકાંની કેટલીક બીમારીઓ. ડૉક્ટર સલાહ આપે છે અને દર્દીઓ એ સલાહને અનુસરે પણ છે. તો પછી માનસિક બીમારી માટે દવાઓ લેવામાં આનાકાની કે ઇન્કાર શા માટે ? આ પ્રશ્ન વિચારવા જેવો છે અને એને સમજીને ઉકેલવા જેવો છે.

---

## શીર્ષક: બોલી નહીં, બદલાવ

## શ્વેતામ્બર જૈન સમાજની નવી પરિભાષા

પાલી જિલ્લાનું નાનું કસબું હતું સોજત ત્યાં શ્વેતામ્બર જૈન સમાજનું ૪૦૦ વર્ષ જૂનું આદિનાથ મંદિર હતું. આરસની કોતરણી, સોનાના કળશ, ચાંદીના દરવાજા. દર વર્ષે મહાવીર જયંતી પર આરતીની બોલી ૭ લાખ સુધી જતી. ગામવાળા ગર્વથી કહેતા, અમારા ભગવાન સૌથી ધનવાન છે.

એ જ કસબામાં ૨૨ વર્ષનો વિપુલ જૈન રહેતો. પિતા પાપડ–વડીનો ઠેલો લગાવતા. વિપુલે બી.ટેક કર્યું હતું, GATE માં ૯૯ પર્સેન્ટાઇલ લાવ્યો હતો. IIT બોમ્બેમાં http://M.Tech નું એડમિશન પાક્કું હતું. ફી : ૧.૨ લાખ વાર્ષિક. સ્કોલરશિપ મળી નહીં.

વિપુલના પિતા શેઠ મોહનલાલ જૈન પાસે ગયા. મોહનલાલ ટ્રસ્ટના અધ્યક્ષ હતા. દર વર્ષે આરતીની બોલી એ જ લગાવતા.

શેઠજી, બસ ૫૦ હજારની લોન આપી દો. વ્યાજ સાથે પાછી આપી દઈશ. દીકરો ભણી–ગણીને નામ કરશે.

મોહનલાલે માથું ધુણાવ્યું, બેટા, ટ્રસ્ટનો પૈસો ભગવાનનો છે. એ ફક્ત ધર્મના કામમાં લાગે. મંદિરનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. ૧૫ લાખની નવી પ્રતિમા આવી રહી છે. સમજી લે.

એ જ રાત્રે વિપુલે સોજત છોડી દીધું. અમદાવાદમાં એક ફેક્ટરીમાં ૧૨ હજારની નોકરી પકડી લીધી. IIT નું સપનું ત્યાં જ દમ તોડી ગયું.

૩ વર્ષ પછી, ૨૦૨૬ ની ચૈત્ર સુદ તેરસ સોજતના મંદિરમાં મહાવીર જન્મ કલ્યાણક હતો. આરતીની બોલી શરૂ થઈ.

૧ લાખ, ૨ લાખ મોહનલાલ ઊભા થયા, ૫ લાખ એક રૂપિયો. ત્યાં પાછળથી અવાજ આવ્યો, ૫ લાખ ૧૧ હજાર.

બધાએ પાછા ફરીને જોયું. કોટ–પેન્ટમાં વિપુલ ઊભો હતો. સાથે ૪ છોકરા–છોકરીઓ. મોહનલાલ ચોંક્યા, તું ?

વિપુલે હાથ જોડીને કહ્યું, શેઠજી, બોલી હું નહીં લગાવું. બસ આપની પાસેથી ૨ મિનિટ માંગુ છું.

સભા શાંત થઈ. વિપુલે માઈક સંભાળ્યું :

૩ વર્ષ પહેલાં હું આ જ મંદિરમાં ૫૦ હજાર માંગવા આવ્યો હતો. મળ્યા નહીં. હું તૂટી ગયો હતો. પછી અમદાવાદમાં મને માહેશ્વરી સમાજના 'એજ્યુકેશન લોન ફાઉન્ડેશન'ની ખબર પડી. તેમણે વગર વ્યાજે ૧.૫ લાખ આપ્યા. શરત ફક્ત એક હતી – ભણીને ૨ બીજા બાળકોને ભણાવવા.

મેં IIT કર્યું. કેમ્પસમાં ૨૮ લાખનું પેકેજ મળ્યું. આજે હું બેંગલુરુમાં છું. મારી સાથે આ ચારેય બાળકો ઊભા છે. રેખા, એના પિતા આપણા મંદિરમાં સફાઈ કરે છે. રમેશ, એની મા વિધવા છે, લોકોના ઘરે વાસણ માંજે છે. બંનેને મેં CAT ની કોચિંગ અપાવી. આજે રેખા IIM અમદાવાદમાં છે, રમેશ IIM કલકત્તામાં."

સભામાં સન્નાટો હતો. વિપુલ અટક્યો નહીં. "શ્વેતામ્બર પરંપરાએ આપણને અપરિગ્રહ શીખવ્યો – જરૂરિયાતથી વધારે ભેગું ન કરો. અનેકાંતવાદ શીખવ્યો – બધાનો દૃષ્ટિકોણ સમજો. ભગવાન મહાવીરે રાજપાટ છોડીને સત્ય શોધ્યું, મહેલ ન બંધાવ્યા. તેમણે કહ્યું હતું – જીવ દયા સૌથી મોટો ધર્મ છે.

તો કહો શેઠજી, શું ભગવાન ૧૫ લાખની મૂર્તિથી વધુ ખુશ થશે કે રેખાના IIM જવાથી ? શું સોનાના કળશ પર ચડાવેલું ઘી, રમેશની ચોપડીઓ પર ખર્ચાયેલા પૈસા કરતાં વધુ પવિત્ર છે ? મોહનલાલની આંખો ઝૂકી ગઈ. વિપુલે ખિસ્સામાંથી ચેક કાઢ્યો.

આ ૫ લાખ ૧૧ હજારની બોલી હું મંદિરમાં નથી લગાવતો. આજે અમે ૫ લોકો મળીને સોજત શ્વેતામ્બર શિક્ષા નિધિ શરૂ કરી રહ્યા છીએ. એમાં પહેલું દાન મારું છે. એનું વ્યાજ નહીં હોય. ફક્ત એક વચન હશે – લેનાર કાલે ૨ બીજાને આપશે.

અગ્રવાલ સમાજ હોસ્પિટલ બનાવે છે. માહેશ્વરી સમાજ સ્ટાર્ટઅપ ફંડ આપે છે. રાજપુરોહિત સમાજ UPSC કોચિંગ ચલાવે છે. સીરવી સમાજ લોજિસ્ટિક હબ બનાવી રહ્યો છે. તો આપણે જૈન, જેનો મૂળ મંત્ર જ જીઓ અને જીવવા દો છે, ફક્ત પથ્થર પર પૈસા કેમ વેડફીએ ?

હું આરતીની બોલીનો વિરોધી નથી. પણ જ્યારે મારા સમાજનું બાળક ફી માટે રડે, અને આપણે લાખોની પ્રતિમા મંગાવીએ – તો એ ધર્મ નહીં, દેખાડો છે. તીર્થંકરોએ આપણને ત્યાગ શીખવ્યો હતો, તિજોરી ભરવી નહીં.

સભામાં સૌથી પહેલો હાથ ચૌધરી સાબે ઊંચક્યો. સીરવી સમાજના મુખિયા હતા. વિપુલ બેટા, મારા તરફથી ૨ લાખ આ નિધિમાં. મારો પૌત્ર પણ તારી સાથે IIT માં ભણે છે.

પછી માહેશ્વરી સમાજના વેપારી બોલ્યા, અમારી કોમર્સ કોલેજમાં જૈન બાળકોને ૫૦% સ્કોલરશિપ. મોહનલાલ ઊભા થયા. આંખો ભીની હતી. ૭૦ વર્ષના જીવનમાં પહેલી વાર એ મંચ પર લથડિયા.

વિપુલ, આજે તેં મારી આંખો ખોલી નાખી. ૪૦ વર્ષથી હું બોલી લગાવતો આવ્યો. વિચાર્યું પુણ્ય મળી રહ્યું છે. પણ સાચું પુણ્ય તો તારા ચહેરા પર છે.

તેમણે માઈક લીધું, આજથી સોજત શ્વેતામ્બર ટ્રસ્ટનો ૬૦% પૈસો શિક્ષણ અને સ્વાસ્થ્ય પર લાગશે. ૪૦% મંદિર નિભાવ પર. અને હા, જૈન લોન ફાઉન્ડેશન આજથી જ શરૂ. પહેલી

લોન રેખાની નાની બહેનને – MBBS ની ફી માટે.

આખી સભા ઊભી થઈને તાળીઓ પાડી રહી હતી. ઘંટડીઓના અવાજ વચ્ચે એક નવી આરતી શરૂ થઈ ચૂકી હતી – આત્મનિર્ભરતાની આરતી.

૬ મહિના પછીનું સોજત મંદિર એ જ હતું. પણ હવે એની પાછળ 'મહાવીર કોચિંગ સેન્ટર' ચાલતું હતું. ૮૦ બાળકો ફ્રીમાં ભણતા હતા. ૧૨ બાળકો NEET-JEE કાઢી ચૂક્યા હતા. ટ્રસ્ટે ૩ પરિવારોને બિઝનેસ લોન આપી હતી. એક પાપડનું કારખાનું, એક કેમિકલ યુનિટ, એક ડિજિટલ માર્કેટિંગ ફર્મ.

દિવાળી પર મોહનલાલે જાહેરાત કરી : આ વર્ષે આરતીની બોલી નહીં થાય. બોલી લાગશે સંકલ્પોની. કોણ કેટલા બાળકોને ભણાવશે, કેટલા રોજગાર આપશે – એની બોલી લાગશે."

વિપુલ દિવાળી પર સોજત આવ્યો. મંદિરમાં નવી આરસની તકતી લાગી હતી લખ્યું હતું : "न स देवेसु बंदामि, जे अन्नं न पहावए।"

જે બીજાને આગળ ન વધારે, હું એ દેવને નથી પૂજતો.

નીચે નાનું લખ્યું હતું – સોજત શ્વેતામ્બર શિક્ષા નિધિ : ૧.૨ કરોડ, લાભાર્થી : ૪૭ વિદ્યાર્થી મોહનલાલે વિપુલને ગળે લગાવ્યો, "બેટા, તેં સાબિત કરી દીધું – ભગવાન મૂર્તિમાં નહીં, મજબૂરની મદદમાં વસે છે. અમે વર્ષો સોનાના સિંહાસન પર ભગવાન બેસાડ્યા. તેં ભગવાનને બાળકોની ચોપડીઓમાં બેસાડી દીધા."

નિષ્કર્ષ : શ્વેતામ્બર જૈન દૃષ્ટિએ શ્વેતામ્બર આગમોમાં 'દાન'ને ૪ પ્રકારનું કહ્યું છે – આહાર દાન, ઔષધ દાન, જ્ઞાન દાન, અભય દાન. જ્ઞાન દાનને સવર્શ્રેષ્ઠ કહ્યું છે. ભગવાન મહાવીર સ્વયં રાજાના પુત્ર હતા. તેમણે મહેલ, હીરા, સેના બધું ત્યાગીને કેવળજ્ઞાન પસંદ કર્યું.

આજે જ્યારે આપણે ? ૧૦ લાખની બોલી લગાવીને ક્ષણિક અહંકાર તૃપ્ત કરીએ છીએ, ત્યારે આપણે મહાવીરના અપરિગ્રહ વ્રતની વિરુદ્ધ જઈએ છીએ. મંદિર બનાવવું ખોટું નથી – પણ મંદિરની બહાર ઊભો ભૂખ્યો, બેરોજગાર, અશિક્ષિત જૈન યુવાન, એ આરસ કરતાં વધુ મહત્વનો છે.

શ્વેતામ્બર પરંપરા સંઘને મહત્વ આપે છે. સંઘ એટલે સાથે ચાલવું. જો સંઘનો એક સભ્ય પાછળ છૂટી જાય, તો આખી યાત્રા અધૂરી છે. બોલી નહીં, બદલાવનો મંત્ર એ જ છે – પૈસો ત્યાં વાપરો જ્યાંથી આગલો મહાવીર, આગલો આર્ય સુધર્મા, આગલો વૈજ્ઞાનિક, આગલો ઉદ્યમી નીકળે.

ધર્મ એ નથી જે દિવાલોને સોનાથી મઢી દે. ધર્મ એ છે જે ઇન્સાનના ભવિષ્યને રોશન કરી દે. કારણ કે અંતે તીર્થંકરો પણ એ જ પૂછશે – મારા નામે કેટલા દીપ પ્રગટાવ્યા ? નહીં મારા બતાવેલા રસ્તે કેટલા જીવન સવાર્યા ?

તો નિર્ણય આપણે કરવાનો છે – પથ્થર પૂજવા છે કે ભવિષ્ય ઘડવું છે ? આરતીની બોલી લગાવવી છે કે આત્મનિર્ભરતાનો પાયો નાખવો છે ? જવાબ મંદિરની ઘંટડીઓમાં નહીં, એક બાળકના કિલકિલાટમાં મળશે.

## અન્વેષણ-૭ - સાવ વેતાં વગરની છે

થોડા સમય અગાવ એક મિત્ર દંપતી ઘરે બેસવા આવ્યા. એમના દીકરા માટે કોઈ દીકરી શોધતા હતા. એમણે કહ્યું કે ફલાણાભાઈની દીકરી છે તમારો અભિપ્રાય શું છે ? મેં કહ્યું કુટુંબ સારું , દીકરી સારું ભણેલી પણ છે. પપ્પાનો સ્વભાવ પણ ખૂબ સારો પરંતુ દીકરી વિશે વિશેષ ખબર નથી. પણ મેં કહ્યું કે એ મારા એક શિક્ષક મિત્ર છે એમને ત્યાં એ ટ્યુશનમાં જતી. મેં જ એમનો દીકરીને શિક્ષકનો રેફરન્સ આપેલો. આપણે સાહેબને જ ફોન કરીને અભિપ્રાય લઈએ. આથી સ્પીકર ચાલુ રાખી એ શિક્ષકને ફોન કર્યો. થોડી આડીઅવળી વાતો પછી એ દીકરી વિશે પૂછ્યું એટલે કહ્યું કે ભણવામાં તો હોશિયાર હતી, ચાલ ચલગતમાં પણ ખૂબ સારી પછી ધીમેક રહીને એ શિક્ષક બોલ્યા આમ બધું સારું પણ વેતાં વગરની. હવે આ અમદાવાદી મિત્ર મારી સામું જોવા લાગ્યા કે આ બધું સારું એમ કહે છે ને પછી ધીમે રહીને કહે છે કે વેતાં વગરની એટલે સમજાણું નહીં ? મને કહે આ વેતાં વગરની એટલે શું ? બે મિનિટ તો મને થયું કે આમને કેમ સમજાવું કે વેતાં વગરની એટલે શું ? મને એ કહે ચારિત્ર્ય વગરની મેં કહ્યું ના ના એવું નહિ તો મને કહે ભણેલી નહિ એવું મેં કહ્યું ના આજની કહેવાતી ડીગ્રી ધારક તો છે જ. મને કહે તો પછી આ વેતાં વગરની એટલે ? મેં કહ્યું આ અમારો કાઠિયાવાડી શબ્દ છે. જેનો અર્થ એવો થાય કે જેમનામાં વ્યવહારિક સૂઝબૂઝ કે વ્યવહાર કુશળતા ન હોય તેને વેતાં વગરની કહેવાય. મને કહે એટલે ? મારે ટૂંકમાં પતાવવું હતું પણ મિત્રના પત્નિને પણ હવે તો એ જાણવામાં વધારે રસ પડ્યો મને કહે જરા વિગતે જણાવો ને !. પછી મારે એમને કહેવું પડ્યું કે વેતાં વગરની દીકરી એટલે કે જેમના ઘરે તમે મહેમાન બનીને જાવ અને તે ૧૭-૧૮ વર્ષની દીકરી સોફામાં બેઠી હોય અને તેને ઉભા થઈને મહેમાનને આવકારવાની અક્કલ ન સુજે કે મહેમાનના ખબર અંતર ન પૂછે, કે પછી તેની મમ્મી ઉભી થઈને પાણીનો ગ્લાસ લેવા જાય તો પણ પોતાને ઉભા થઈને પાણી આપવું જોઈએ એવી જેને ખબર ન પડે તેને અમારા કાઠિયાવાડમાં વેતાં વગરની કહે. મહેમાન આવ્યા પછી ટીવી બંધ કરીને અથવા તો વોલ્યુમ ધીમું કરીએ અને મહેમાન સાથે વાતો કરીએ આવી જેને સમજણ ન હોય તેને વેતાં વગરની કહે. આ બધી વાતો શિક્ષણમાં ભણાવાતી નથી અને પરિણામે માંને પણ ખબર નથી અને માંને ખબર નથી એટલે દિકરીમાં નથી આવતું. મહેમાન જમવા બેઠા હોય તો પોતાની થાળી સિવાય બીજો ધ્યાન જ ન આપે કે મહેમાનની થાળીમાં શું ખલાસ થયું છે તો એ પીરસીએ - આવી ખબર ન પડે તેને વેતાં વગરની કહેવાય , મહેમાન ચમચી માટે આજુબાજુ જોતા હોય કે દૂધપાક પીરસ્યો પણ ચમચી નથી તો મહેમાનની ચકળવકળ આંખો જોઇને જે સમજી ન જાય તેને વેતાં વગરની કહેવાય. જમી લીધા પછી મમ્મી ઉભી થઈને પોતું કરતી હોય કે ડાઇનિંગ ટેબલ સાફ કરતી હોયને દીકરી ઉભી ઉભી ઇન્સ્ટા ઘુમડતી અને તે પણ મહેમાનની હાજરીમાં તો તેને વેતાં વગરની કહેવાય.આ વાત બે પરિપેક્ષ માં હોય છે એક તો સમજણ હોય પરંતુ ડાંડ વેડા કરતી હોય ત્યાં મને ફરી પ્રશ્ન કર્યો આ ડાંડ વેડા એટલે ? હું ફરી મુંજાયો કે આમને ડાંડવેડા કેમ સમજાવું ? મેં કહ્યું કે ખબર બધીજ પડતી હોય પરંતુ કામ કરવાની દાનત ન હોય તેને કાઠિયાવાડમાં ડાંડવેડા કહેવાય. બીજું

પરિપેક્ષ્ય એટલે જેને ખરેખર આવી સમજ જ નથી પડતી એટલે કે વેતાં વગરની. આ બન્ને કક્ષાને અમારા કાઠીયાવાડના અનુભવી બહેનો જોઈને સમજી જાય કે આ ડાંડ છે કે વેતાં વગરની.આજ કાલ ભણવાના ઓઠા હેઠળ દીકરીઓ કાં તો વેતાં વગરની રહે છે અને સમજણ હોય તો ડાંડ થાય છે. આજે જે બહેનો ડોકટર, એન્જીનયર કે સી.એ જેવી ઉચ્ચ ડીગ્રી ધરાવે છે એ જ્યારે યુવાન હતી ત્યારે અત્યાર જેટલો જ અભ્યાસક્રમ અઘરો હતો , આવી મોટી ટયુશનની ભરમાળ ન હતી આમ છતાં આ બધીજ બહેનો કે આજે ૫૦ની આસપાસની ઉંમરની છે એ દરેક બહેનો એ આ બધીજ જવાબદારીઓ નિભાવી છે. તેઓ આ વેતાં વગરની અને ડાંડ વચ્ચેનો તફાવત તરત સમજી જાય છે.

પરંતુ આજે ખબર નહિ આવો વેતાં વગરનો વર્ગ વધતો જાય છે જેમ યુવતીઓમાં આવો વર્ગ છે એવોજ વર્ગ યુવાનોમાં પણ છે જ .પિતા સ્કુટરનું સ્ટેન્ડ ચડાવવા મથતા હોયને દીકરો જુવે છે પણ મિત્રો સાથે ગપાટા મારવા માંથી નવરો નથી પડતો કે FB પર પોસ્ટ મુકવામાં મસ્ત છે અને પિતાને કહેતો નથી કે લાવો હું સ્ટેન્ડ ચડાવી આપું તો તેને પણ વેતાં વગરનો જ કહે છે. આ યુવાનો પણ લગ્નમાં કોઈ વડીલ મળે તો ખબર અંતર પૂછવા જેટલી પણ દરકાર ન કરે તો કાઠિયાવાડમાં વડીલ માપી લે કે સાવ વેતાં વગરનો છે. આ વાત યુવક યુવતી બન્ને માટે સરખી જ છે.

દીકરી માટે વિશેષ અપેક્ષા હોય છે કારણ દીકરી એક નહિ બે ઘરને ઉજળે છે એટલે સો શિક્ષક બરાબર એક માતા છે (દસ શિક્ષક બરાબર એક પિતા એવું તો બોલાતું પણ નથી એટલે માતાનું સ્થાન પિતા કરતા ઘણું ઊંચું છે ) .આથી બાળકોના ઘડતરનો પાયો તેની માતા હોય છે. આ રામાયણ વતા ઓછા અંશે મારા તમારા સૌના ઘરે હોય છે. કુવામાં હોય તો હવેડા (કે અવેડા)માં આવે ? હવે આ હવેડો કે અવેડો એટલે શું એવું ન પૂછતાં.

## ઉદારતા

અઢાર વર્ષનો યુવાન નામ બાબુ. સિદ્ધપુરની બાજુમાં આવેલા ગામમાં રહેતા એક ગરીબ કઠિયારાનો દીકરો. બાપની આંગળી પકડીને જંગલમાં જઇને સૂકાં લાકડાં કાપવાનું કામ શીખ્યો હતો. કઠોર મહેનત કર્યા પછી બે ટંકનો રોટલો–દાળ કમાઇ લેતો હતો. એક દિવસ સાવ નાની ઘટના બની ગઇ. બાબુ બે હાથમાં કુહાડો પકડીને ઝાડના જાડા થડિયા પર ઘા વીંઝી રહ્યો હતો. થડિયું ગાંઠવાળું હતું. પત્થર જેવું મજબૂત. કેમેય કરીને મચક આપતું ન હતું. બાબુએ શરીરમાં હતું એટલું બળ એકઠું કરીને કુહાડો હવામાં તોળીને લાકડાંના થડિયા ઉપર ઠોક્યો. અગ્નિના તણખા ખર્યા. લાકડું તો ન ભાંગ્યું પણ કુહાડાના એક છેડા પર બેસાડેલા લોઢાના ધારદાર ફણાની કરચો હવામાં ઊડી. સાવ ઝીણી, લોઢાના વહેર જેવી કરચો. એમાંથી એક કરચ તીરની ગતિએ બાબુની જમણી સાથળના અંદરની તરફના ભાગમાં ઘૂસી ગઇ. પેન્ટના કાપડને વિંધીને ચામડીમાં ઊંડે સુધી ઊતરી ગઇ.

આપણને બધાને એક અનુભવ છે, ક્યારેક લાકડાંની ફાંસ હથેળીમાં અથવા નખના અંદરના ભાગમાં ઘૂસી જાય છે, ત્યારે કેવી સખત વેદના થાય છે ! એ સમયે ભલે ઝાઝું લોહી નથી નીકળતું, પણ વેદના એટલી બધી હોય છે કે આપણું મન ત્યાં ને ત્યાં જ ચોંટેલું રહે છે.

આપણે એને બહાર કાઢવા માટે સતત મથતા રહીએ છીએ. મેડિકલ સાયન્સની દૃષ્ટિએ પણ આવી કોઇ બહારની વસ્તુ (ફોરેન બોડી અથવા ઓબ્જેક્ટ)ને બહાર કાઢી નાખવું ખૂબ હિતાવહ છે, નહીંતર એ ચામડીની નીચે કે સ્નાયુની અંદર રહીને પાકે છે અથવા બીજી દૂરગામી તકલીફોને જન્મ આપે છે. નમતી બપોરનું ટાણું હતું. બાબુ લાકડાં ફાડવાનું પડતું મેલીને ઘરે આવ્યો. ગામના ડિગ્રી વિનાના ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરને કશી જ ગતાગમ પડી નહીં, 'મને લાગે છે કે લોઢાની કરચ તમારી ચામડીમાં અંદર ઘૂસી જ નથી.

નાનું એવું છિદ્ર કરીને બહારની તરફ પડી ગઇ લાગે છે. બ્લીડિંગ થતું નથી, એવો મોટો કોઇ જખમ પણ દેખાતો નથી. દુખાવાની ગોળીઓ આપું છું. ગળી લેજે અને આ મલમ ચોપડજે. સારું થઇ જશે.' ડિગ્રી વગરના ડૉક્ટરો દર્દીઓની કેવી પથારી ફેરવતા હોય છે એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બાબુ છે. પૂરા સાત દિવસ બાબુએ પસાર કરી નાખ્યા. દુખાવો વધી ગયો. તાવ આવવા માંડ્યો. એના પિતા એને સિદ્ધપુર લઇ ગયા. ત્યાં પ્રેક્ટિસ કરતા ઓર્થોપેડિક સર્જન ડૉ. વીરેન્દ્ર શુક્લ પાસે ગયા, ડૉ. શુક્લે બાબુને તપાસીને કહ્યું, 'લોઢાની કરચ શરીરની અંદર જ છે. ચેકો મૂકીને કાઢવી પડશે. પણ એ પહેલાં મારે જાણવું પડશે કે સાથળની અંદર કયા ચોક્કસ ભાગમાં એ અટકેલી છે.

' ડૉ. શુક્લ પાસે આઇ. આઇ. ટી. વી. મશીન હતું. આઇ. આઇ. ટી. વી. એટલે ઇમેજ ઇન્ટેસીફાયર ટી. વી. મશીન. એની મદદથી જાણવા મળ્યું કે લોખંડની કરચ સાથળમાં એવી જગ્યાએ ફસાયેલી હતી, જ્યાંથી આખા પગને બ્લડ સપ્લાય પૂરું પાડતી મોટી ધમની અને એની સાવ પડખે મોટી શિરા પસાર થતી હોય છે. ફોરેન બોડી કાઢવું એ સાવ સરળ કામ છે, પણ એની આસપાસના મહત્ત્વનાં અંગને ઇજા ન પહોંચે તે વાતની તકેદારી રાખવી એ ખૂબ મહત્ત્વનું કાર્ય છે.

બાબુને એનેસ્થેસિયા આપવામાં આવ્યું. ડૉ. શુક્લે ચેકો મૂક્યો. સાથળની ચામડી અને પછી અંદરના સ્નાયુને ડિસેક્ટ કર્યા. ઊંડે સુધી પહોંચ્યા ત્યારે જે દેખાયું તે હોશ ઉડાવી દે તેવું હતું. લોખંડની ધારદાર કરચનો એક છેડો ધમનીની દીવાલમાં હતો અને બીજો છેડો શિરાની દીવાલમાં હતો. શુદ્ધ અને અશુદ્ધ લોહીને લઇ જતી બે મુખ્ય રક્તવાહિનીઓ વચ્ચે આ બારીક કરચે જાણે નાનો પુલ બનાવી દીધો હતો! જ્યારે આ બન્યું હશે ત્યારે અવશ્ય બ્લીડિંગ થયું હશે, પણ પછી જાતે જ એ કરચના કારણે રક્તવાહક નળીઓની દીવાલમાં થયેલાં છિદ્રો બંધ થઇ ગયા હશે.

પણ હવે જો એ 'બ્રિજ' એટલે કે કરચને બહાર કાઢવામાં આવે તો એ જ ક્ષણે જોરદાર બ્લીડિંગ શરૂ થઇ જવાની પૂરી સંભાવના હતી. ડૉ. શુક્લે પૂરી સાવધાનીથી એ કરચ દૂર કરી દીધી. એ સાથે જ ધમનીમાં પડેલા છિદ્રમાંથી જોરદાર બ્લીડિંગ શરૂ થઇ ગયું. ફીમોરલ આર્ટરીના નામથી ઓળખાતી આ રક્તવાહિની હૃદય તરફથી આવતા શુદ્ધ લોહીને પગની દિશામાં લઇ જાય છે. એમાં કાણું પડે તો જે બ્લીડિંગ થાય છે તેનું પ્રમાણ અને વેગ બંને વધારે હોય છે.

આંખનો પલકારો મારતામાં તો ખાબોચિયું ભરાઇ જાય તેમ ઓપરેશનવાળો ખાડો ભરાઇ ગયો. ડૉ. શુક્લે ઓપરેશનમાં વપરાતા લંબચોરસ નેપ્કિન જેવા જાળીદાર કપડાંના ગોટાથી

લોહી ખાલી કર્યું, પણ એ તરત જ પાછું જમા થઇ ગયું. ધમનીને ટાંકો મારવાનું કામ સરળ ન હતું. બાબુનું બ્લડ પ્રેશર ઝડપથી ઓછું થઇ રહ્યું હતું અને બ્લીડિંગ ચાલુ હતું. ડૉ. શુક્લે ત્વરિત નિર્ણય લઇ લીધો, નર્સને સૂચના આપી, 'ડૉ. અજાણીને ફોન કરો. એમને કહો કે જલદી આવી જાય.' આવો અર્જન્ટ કોલ આવે એ પછી કોઇ પણ ડૉક્ટર મોડું કરે જ નહીં.

ડૉ. અજાણી આવી પહોંચ્યા. તેઓ જનરલ સર્જન હતા. સિનિયર હતા, આવી સ્થિતિને હેન્ડલ કરવાનો એમને બહોળો અનુભવ હતો. સ્ક્રબ થઇને તેઓ ઓપરેશનમાં જોડાઇ ગયા. એક ક્ષણમાં તેમણે પરિસ્થિતિનો ક્યાસ કાઢી લીધો. 'ડૉ. શુક્લ, પેશન્ટની જિંદગી બચાવવાનો એક જ ઉપાય છે. એની ફીમોરલ આર્ટરી બાંધી દેવી પડશે. એમાંથી વહેતું લોહી અટકી જશે. પણ એમ કરવાથી આખા પગને મળતો રક્ત-પુરવઠો અટકી જશે.

આ કામચલાઉ ઉપાય છે. આવનારા બે-અઢી કલાકમાં બંધ કરી દીધેલી ધમની પાછી ખોલીને જોડી દેવામાં નહીં આવે તો પેશન્ટના પગમાં ગેન્ગ્રીન થઇ જશે. પછી આખો પગ કાપી નાખવો પડશે.' આ બધી બે-ત્રણ કલાક પછીની વાત હતી. અત્યારે તો બાબુનો જીવ બચાવવાનો હતો. ડૉ. અજાણીએ ધમનીને બંધ કરી દીધું. બ્લીડિંગ થંભી ગયું. ડૉ. શુક્લે એક્સો આઠને બોલાવી લીધી. હવે પછી જે માઇક્રો વાસ્ક્યુલર સર્જરી કરવાની હતી તે સિદ્ધપુરમાં શક્ય ન હતી. અમદાવાદની જાણીતી કોર્પોરેટ હોસ્પિટલમાં ફરજ બજાવતા વાસ્ક્યુલર સર્જન ડૉ. કિરણ દવે આ ક્ષેત્રનું જાણીતું નામ. ડૉ. શુક્લે એમને ફોન કર્યો, 'સર, હું જાતે પેશન્ટને લઇને આવું છું. આપણે સમયની સાથે સ્પર્ધા કરવાની છે.

દોઢેક કલાક તો અમને અમદાવાદ પહોંચતા થઇ જશે. મેં હોસ્પિટલ જોઇ નથી. એ શોધવામાંપ' 'તમે જરા પણ ચિંતા ન કરો. હું ઓપરેશન થિયેટર તૈયાર કરાવી દઉં છું. તમે અમદાવાદમાં દાખલ થાવ ત્યારે નજીકના કોઇ જાણીતા સ્થળે હું ઊભો હોઇશ, તમને રસ્તો બતાવવા માટે.' ડૉ. દવેએ પૂરેપૂરો સહકાર આપ્યો. બે કલાક પછી બાબુ કોર્પોરેટ હોસ્પિટલના આધુનિક ઓ. ટી. પર હતો. બે કલાક પહેલાં જ લીધેલા ટાંકા ખોલી નાખવામાં આવ્યા. સારવાર શરૂ થાય તે પહેલાં હોસ્પિટલના નિયમાનુસાર સૂચના આપી દેવામાં આવી, 'એક લાખ રૂપિયા જમા કરાવી દો.' બાબુના ગરીબ પિતાએ આ આંકડો આખી જિંદગીમાં ધાર્યો ન હતો, કમાયો તો ક્યાંથી હોય? ડૉ. શુક્લે એડવાન્સ રકમ ભરી દીધી. જટિલ વાસ્ક્યુલર સર્જરી બે કલાક સુધી ચાલતી રહી.

ડૉ. દવેએ ફીમોરલ આર્ટરીમાં જે સ્યૂડો એન્યુરીઝમ હતું તે દૂર કર્યું. બીજી નાની ધમનીમાંથી નળીનો ગ્રાફ્ટ લઇને ફીમોરલ આર્ટરીમાં લગાડી દીધો. ઉપર બાંધેલો ટાંકો દૂર કર્યો. રક્તનો સંચાર ચાલુ થઇ ગયો. બાબુનો પગ પણ બચી ગયો, બાબુનો જીવ પણ બચી ગયો. સાજો થઇ ગયા પછી એ સિદ્ધપુર ડૉ. શુક્લની હોસ્પિટલમાં પણ રહ્યો; પૂરેપૂરું સારું થઇ ગયું એ પછી જ ઘરે ગયો. ડૉ. શુક્લને બાબુના બાપે વચન આપ્યું, 'તમારી પાઇ-પાઇ દૂધે ધોઇને, ટુકડે-ટુકડે ચૂકતે કરી દઇશ.' ડૉ. શુક્લે ઉદારતાપૂર્વક કહ્યું, 'મને મારી ફી મળી ગઇ. બાબુ બચી ગયો એ જ મારી કમાણી માણસને મારવા માટે સાવ નાના કારણની જરૂર હોય છે, પણ એને જીવાડવા માટે મોટી જહેમત જરૂરી બની જાય છે

લેખકઃ ડૉ. શરદ ઠાકર

# પરમાર્થ

– નટવરભાઈ રાવળદેવ

લીલાબેન વિધવા સ્ત્રી. તેમને એક મોટી દીકરી મધુ અને નાનો દિકરો દિનેશ. મધુ દશ વર્ષની અને દિનેશ આઠ વર્ષનો હતો ત્યારે તેમના પતિનું સર્પદંશથી મોત થયેલું. આર્થિક રીતે સાવ સામાન્ય પરિવાર પર આભ તૂટી પડ્યું. લીલાબેનના પિયરમાં એક સગો ભાઈ પણ મજુરી કરીને એના પરિવારનું માંડમાંડ ગુજરાન ચલાવતો હતો તો અહીં સાસરી પક્ષમાં પણ સૌની આવી જ પરિસ્થિતિ હતી.

આ પરિસ્થિતિમાં ચોથા ધોરણમાં ભણતી મધુનું ભણતર તો એ દિવસથી જ પુરૂ થઇ ગયું.

લીલાબેન ઉત્તમ પ્રકારનાં દાયણ.એમના હાથે એવો જશ લખાયેલો છે કે કોઈ પ્રસૂતિમાં એમના હાથે બાળક કે એની માને જોખમ ઉભું થયું હોય તેવો બનાવ આજદિન સુધી બન્યો નથી. લીલાબેનને પ્રસૂતિ વિશે એટલો બહોળો અનુભવ કે જોખમ જેવું લાગે કે તરત જ પ્રસૂતાનાં ઘરવાળાંને જણાવી દે કે મારાથી કારી નહીં લાગે. સારા દવાખાને લઈ જાઓ.

ઘરનાં બધાં કામ પડતાં મૂકીને આવા પ્રસંગે લીલાબેન સાથે દવાખાને પહોંચી જાય. ત્યાં જઈને ડોકટરને બધી હકીકત સમજાવે આ અભણ લીલાબેન! ડોકટર પણ મોઢામાં આંગળાં નાખી જાય એમના અનુભવને જાણીને! કેશની પરિસ્થિતિ સો ટકા લીલાબેનના કહ્યા મુજબ જ હોય. લીલાબેનની હાજરીમાં જ્યારે દવાખાને લઈ જવાનો મામલો આવી પડે ત્યારે સૌને ખબર પડી જાય કે પરિસ્થિતિ ગંભીર છે અને લગભગ એવું જ બને. કાં તો બાળક મૃત અવતર્યું હોય કે પછી માએ જીવ ગુમાવ્યો હોય !

આજુબાજુના પંદર વીસ ગામોમાં લીલાબેન દાયણ તરીકે પ્રખ્યાત.

સાવ સામાન્ય પરિસ્થિતિનાં લીલાબેન સ્વાભાવે ઘણાં ઉદાર. ભગવાન કૃષ્ણનાં ઉતમ ભક્ત. રાત દિવસ શ્રી કૃષ્ણનું નામ મોંઢે હોય. સવારે વહેલાં ઉઠીને પૂજાપાઠ કરતાં લીલાબેનના પ્રભાતિયાને તો સૌ કોઈ આડોશી પાડોશી સરવા કાન કરીને સાંભળતાં હોય.

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા.<br>
તૂજ વિના ધેનુંમાં કોણ જાશે !<br>
જળકમળ છાંડી જાને બાળા,<br>
સ્વામી અમારો જાગશે.<br>
હું નહીં જાઉં રે ગાવલડી ચારવાને, જશોદા માવલડી

તીણા અને ભાવમયી મધૂર સાદે લીલાબેનના મુખે ગવાતાં આ પ્રભાતિયાં વહેલી સવારને આહ્લાદક કરી મુકતાં  હતાં.

લીલાબેને દાયણકામને ક્યારેય વ્યવસાય ગણ્યો નથી. આ પરમાર્થી સેવાકાર્યમાં લીલાબેન બધુ જ વિસરી જાય! ઘેર લોટ કે સીધુ સામાન છે કે નહીં એની પણ પરવા ના હોય.લીલાબેનનાં બન્ને બાળકો પણ એટલાં સ્વમાની કે માની ગેરહાજરીમાં કંઇ પણ વસ્તુ ના હોય તો અડધાં ભુખ્યાં રહે પરંતુ કોઈને જણાવે તો નહીં જ! કેટલીય વાર દિનેશ ભુખ્યો ને ભુખ્યો નિશાળે ચાલ્યો જાય.

લીલાબેનનું કાર્ય ઘણી વખત પ્રસૂતિની સાથે પુરૂ ના થાય.ક્યાંક ક્યાંક એવું પણ બને કે

પ્રસૂતાના ઘરમાં હાંડલાં કુસ્તી કરતાં હોય ! આવી પરિસ્થિતિમાં લીલાબેન તાત્કાલિક ઘેર આવીને ઘરમાં ગોળ, લોટ, ભરડાની સગવડ હોય એ લઈને ગામમાં સગવડવાળા ઘેર ઉપડી જાય અને હકીક્ત જણાવી ખુટતી ચીજ વસ્તુ મેળવી લે. આવા પરમાર્થી સેવાકાર્યમાં લીલાબેનને કોણ ના કહે ?

હા, એમણે એમના માટે દાયણકામના બદલામાં કોઈની પાસે હક્કથી કંઈ માગ્યું નથી. કોઈએ કંઈ આપ્યું તોય ઠીક છે ને ના આપ્યું તોય હરિ હરિ ! ઘણીવાર તો ખમતા ઘરવાળાં સામેથી કંઈક વધારે આપવાનો પ્રયત્ન કરે તો લીલાબેન સવિનય ઈન્કાર કરી દે. "હા, બાળક સવા મહિનાનું થાય ત્યારે લીલાબેન એક નાળિયેરનો હક્ક જરૂર કરે. બીજું અખાત્રીજ ઉપર સારા ઘેર લગ્ન પ્રસંગે દરજી બેસે તો લીલાબેનના પરિવારનાં ત્રણેય સભ્યો માટે એક જોડી કપડાં હોય જ અને એ લીલાબેને સ્વિકારવાં જ પડે.

ગામમાં ગોદડાં, રજાઈ-ભરવાં, મરચાં-મસાલા ખાંડવા -જેવાં ઘરકામ કરીને પોતાના પરિવારના પેટનો ખાડો ભરે. મધુ પણ આવા કામોમાં ટેકારૂપ બને.

લીલાબેનના સંતોષી પરિવારના દિવસો સુખરૂપ પસાર થઈ રહ્યા છે. દિનેશે પણ દશમું ધોરણ ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કરી દીધું છે. આખા ગામમાં દિનેશની વાહ વાહ થઈ ગઈ. સૌના મોંઢે એક જ વાત છે.આ લીલાબેનનો સેવાભાવ ઉગી નિકળ્યો છે. દિનેશે પીટીસીમાં એડમીશન લઈ લીધું છે. લીલાબેને ઉછી ઉધારા કરીને દિકરાને પીટીસીમાં મોકલ્યો છે. પરંતું મુખ્ય ચિંતા મધુના પીળા હાથ કરવાની છે. એ અત્યારે યુવાનીના ઉંબરે આવીને ઉભી છે ને એનાં સાસરિયાં તરફથી ઝડપી વિવાહ કરવાની વિનંતી આવી ચુકી છે.

વેવાઈને લીલાબેનની ઘરની પરિસ્થિતિની ખબર હોવાથી સંકોચાતાં સંકોચાતાં આર્થિક ટેકા માટે પણ કહી જોયું પરંતુ સ્વમાની લીલાબેને વેવાઈને બે હાથ જોડીને કહ્યું કે, "તમારી લાગણી માટે ખુબ ખુબ આભાર પરંતુ મારે કંઈ ના ખપે.મધુના હાથ માગશર મહિનામાં પીળા કરી દઈશ.

દિવાળી ચાલી ગઈ.માગશર મહિના આડે એક જ મહિનો બાકી રહ્યો. આમ તો લીલાબેન ગામમાં ગમે ત્યાં ઉભાં રહીને એક તાળી પાડે તોય મધુના વિવાહની બધી જ સગવડ થઈ જાય પરંતુ આ તો પરગજુ અને સ્વમાની બાઈ !

લીલાબેને ગામનાં બે ત્રણ પૈસાદાર ખોરડાં તરફ નજર દોડાવી.મનમાં નક્કી થઈ ગયું કે ત્યાં મારૂ કામ થઈ જ જશે. પરંતુ રૂપિયા મફતના તો નહીં જ લઉં. લઈશ તો વ્યાજ આપવાની શરતે. કાલે દિકરો નોકરી કરીને દેવું ભરી દેશે.અને હુંય થોડી બેઠી બેઠી ખાઈશ? હાથ પગ હજી ઘણાય ચાલે છે.

મધુના વિવાહનું લીલાબેન મનોમંથન કરી રહ્યાં હતાં ત્યાં જ એક જીપગાડી ઝાંપે આવીને ઉભી રહી. જીપમાંથી એક બેન નીચે ઉતર્યાને લીલાબેન નામનો ટહુકો કર્યો. લીલાબેન ઝડપથી ઝાંપે ગયાં. પરિસ્થિતિને પામી જઇને લીલાબેન ઝડપથી ઝાંપે ગયાં. પરિસ્થિતિને પામી જઇને લીલાબેન ઝડપથી બોલ્યાં, દિકરીને મારા ઘેર લઈ આવો.

પ્રસુતાને ઘરમાં લાવવામાં આવી.સાથે આવેલ બહેને ઝડપથી કહ્યું, હું તમારી દિકરીનું સગપણ જ્યાં કર્યું છે એ તારાપુર ગામના રતનચંદ શેઠની પત્નિ છું. આ મારી દિકરી છે.

નજીકના દવાખાનેથી ડોકટરને ઘેર બોલાવ્યા હતા પરંતુ, કેશ ગંભીર છે કહીને ડોકટર મોટા દવાખાને લઈ જવાનું કહીને ચાલ્યા ગયા.તાબડતોબ દવાખાને જવા નિકળ્યાં પરંતુ  તમારાં વેવાણની તમને બતાવવાની ને સાથે લઇ જવાની ભલામણ મળી એટલે ઝડપથી અહીં આવ્યાં છીએ.

હે હજાર હાથવાળા મારા નાથ ! તેં આજ એક દિકરીને મારા આંગણે લાવી છે. હે ગોપાળ ! આગળ રહેજે મારા વ્હાલા ! સ્મરણ કરીને લીલાબેને શેઠાણીને હૈયાધારણ આપીને કહ્યું, મને થોડીવાર જોઈ લેવા દો. દિકરીનાં રખોપાં મારો દિનાનાથ કરશે.

શેઠાણી અને સાથે આવેલ સૌના અધ્ધર જીવ હતા ત્યાં તો અડધોએક કલાકમાં બાળકનો રડવાનો અવાજ આવ્યો.

લીલાબેને બહાર આવીને શેઠાણીને કહ્યું,"દિકરો આવ્યો છે.બન્ને મા દિકરો હેમખેમ છે.

શેઠાણી લીલાબેનને ભેટી પડ્યાં.એમની પાસે કહેવા માટે કોઈ શબ્દો નહોતા.

લીલાબેનના આખા પરિવારને સોનેથી મઢવાની શેઠાણીએ આજીજી કરી પરંતુ લીલાબેન એટલું જ બોલ્યાં, તમારી આટલી બધી લાગણી છે તો સવા અગિયાર રૂપિયા આ મારી મધુના હાથમાં આપી દો. તમે તો મારી દિકરીના સાસરીના ગામનાં છો. મારે બીજું કંઈ ના ખપે.સવા મહિનો થાય એટલે એક નાળિયેર મોકલાવી દેજો અને હા, એ વખતે મધુનાં લગ્ન પણ છે એટલે અમારા તરફથી તમને અત્યારથી આમંત્રણ છે.

ચાર કલાક રોકાઈને શેઠાણી અતિ ભાવસભર ચહેરે લીલાબેનનો આભાર માનીને મધુને સવા અગિયાર રૂપિયા આપીને દિકરીને લઈને વિદાય થયાં.

મધુના લગ્ન આડે વીસ દિવસ બાકી છે. લીલાબેન ગામમાં કરસનભાઈને ત્યાં દિકરીના લગ્ન ખર્ચ માટે શ્રી કૃષ્ણનું સ્મરણ કરીને રૂપિયા લેવા નિકળ્યાં. ઘેરથી બહાર નિકળવાનું કર્યું ત્યાં તો આખા ઘરમાં અચાનક તેજોમય આભા પ્રસરી ગઇ. એ તેજોમય આભામાંથી બે આકારો દેખાયા.શ્યામવર્ણ અતિ તેજસ્વી પુરુષ અને રૂપરૂપના અંબાર સમી નમણી સ્રી લીલાબેનના રસ્તા આડે આવીને ઉભાં રહ્યાં. સ્રીએ અતિ કોમળ સ્વરે કહ્યું, ક્યાં જાઓ છો !

સ્રીએ શ્યામવર્ણ પુરુષ તરફ નજર કરીને મૃદુ સ્વરે કહ્યું, તમારે આમના જેવા ધનાઢ્ય ભાઈ છે ને તમે કોઈકના ઘેર હાથ લાંબો કરવા ઉપડ્યાં છો ?

લીલાબેન તો આ બધું જોઈ જ રહ્યાં.એમના મોંઢેથી કોઈ શબ્દો નિકળતા નહોતા. બન્નેને ધરાઈને જોઈ લીધા પછી ભાવુક બનીને બોલ્યાં, હે મારા નાથ ! હે મુરલીધર ! હે મા લક્ષ્મી ! તમે મારે આંગણે ! હું ધન્ય બની ગઈ.મારો મનખો લેખે લાગ્યો.

લીલાબેન ચરણે નમીને રડવા લાગ્યાં, હે પ્રભુ ! અમારી ગરીબીને લીધે તમારે આટલે લાંબું થવું પડ્યું.

શ્રી લક્ષ્મીજીએ લીલાબેનને ઉભાં કર્યાં. મરક મરક હસતાં દામોદર બોલ્યા, બહેન લીલા ! હું તારા પર અતિ પ્રસન્ન છું. જો આ દિકરીના પ્રસંગ માટે આ બધા દર દાગીના, કપડાં

લતાં અને રોકડ લઈને આવ્યો છું. એક પણ વસ્તુનો ઈન્કાર ના કરતાં બહેન.

ગિરધારી એક એક એક વસ્તુ દર્શાવતા ગયા. અચાનક લીલાબેન જોરથી બોલી ઉઠ્યાં, બસ કરો પ્રભુ ! બસ કરો પ્રભુ !

શું થયું મા ! શું થયું મા ! મધુ આંખો ચોળતી ઉભી થઈને લીલાબેનના ખાટલા પાસે આવી. સવારના સાડા ચાર વાગી ચુક્યા હતા. સ્વપ્નમાંથી લીલાબેન બહાર નિકળીને ચકળવકળ આંખે મધુ સામે જોઈ રહ્યાં હતાં.

આહ્લાદક સ્વપ્નનું લીલાબેને અડધો કલાક સુધી મધુ આગળ વર્ણન કર્યું. તેમના ચહેરા પર સાક્ષાત શ્રીહરિ મળ્યાનો આનંદ હતો.

શું વહેલી સવારનાં સ્વપ્ન સાચાં હોય !

સવારના નવેક વાગ્યે હકીકતમાં લીલાબેન કરસનભાઈને ત્યાં રૂપિયાના બંદોબસ્ત માટે ઘેરથી નિકળી રહ્યાં હતાં ત્યાં એક જીપગાડી ઝાંપે આવીને ઉભી રહી. એ જીપગાડી રતનચંદ શેઠનાં શેઠાણી લઈને આવ્યાં હતાં એ જ હતી. એમાંથી ત્રણ જણ નીચે ઉતર્યાં. એક પુરુષ અને બે સ્ત્રી.બન્ને સ્ત્રીઓના હાથમાં મોટી પેટીઓ હતી.

એક તો મધુનાં સાસુ હતાં એ લીલાબેનને ઓળખતાં વાર ના લાગી.

લીલાબેને પાછાં વળીને ત્રણેયને ભાવભીનો આવકાર આપ્યો. મધુએ સૌને પાણી આપ્યું. ચા પાણી પુરાં થતાં મધુનાં સાસુએ બાકીનાં બે જણની ઓળખાણ આપી.

એ બન્ને જણ રતનચંદ શેઠનાં પુત્ર અને પુત્રવધૂ હતાં. રતનચંદ શેઠના પુત્ર વૈભવે કહ્યું, મારાં મમ્મી પપ્પાના આદેશથી અહીં આવ્યો છું. એ દિવસે તમે મારી બહેન અને ભાણાને મોતના મુખમાંથી બચાવ્યાં છે. એ દિવસે મારી બહેનને તમે દિકરી ગણીને એક રૂપિયો પણ ના લીધો. મારી બહેનને તમે એ દિવસે દિકરી ગણી હતી તો હું પણ તમારો દિકરો થયો કે નહીં ?

મા ! તમે આ ઋણ ચૂકવવાનો અમને મોકો નહીં આપો તો અમને જીંદગીભર વસવસો રહી જશે – કહીને વૈભવ અને તેની પત્ની લીલાબેનના પગે પડી ગયાં.

લીલાબેને બન્નેને ઉભાં કરીને આશિર્વાદ આપ્યા ને પછી લાગણીભરી એક નજર મધુનાં સાસુ તરફ નાખીને બોલ્યાં, વેવાણ ! તમેય સબંધભાવ નિભાવ્યો ખરો ! વેવાણ પણ લીલાબેનને ભેટી પડ્યાં.

પેટીઓ ખોલતાં જ લીલાબેનના ચહેરા પર અનેરી ચમક ઉપસી આવી. સ્વપ્નમાં જોયેલ દરેક વસ્તુ અહીં અદ્દલ દેખાઈ રહી હતી. એટલે જ તો વારેઘડીએ તેઓ વૈભવ અને તેની પત્ની સામે જોઈ લેતાં હતાં.

મધુની ખુશીનો કોઇ પાર નહોતો.લીલાબેન સ્વગત બોલ્યે જતાં હતાં. હે નટખટ નટવર ! મારી કાલાવાલા જેવી ભક્તિને આ જણસોના તાજવે ના તોળતો ! અંતે તારા ચરણોમાં સ્થાન આપજે.

# એક હૃદય સ્પર્શી વાર્તા

દીકરીના લગ્નના આગલા દિવસે જેઠે ભાભીના હાથમાં પચાસ હજાર રૂપિયા મૂકીને કહ્યું આ લે, ને કાલે મંડપમાં તારું મોઢું ના બતાવતી. પણ બીજા દિવસે જ્યારે કલેક્ટર સાહેબની ગાડી રોકાઈ અને એ સીધા ચા વેચતી ભાભીના પગે પડ્યા, ત્યારે આખા ખાનદાનનું ઘમંડ ધૂળમાં મળી ગયું.

**ભાગ ૧ :**

નડિયાદના જૂના બસ સ્ટેન્ડની બાજુમાં, પતરાંની એક નાનકડી કેબિનમાં છેલ્લાં અઢાર વર્ષથી કેસરબહેનની ચા ઊકળતી હતી.

સવારના પાંચ વાગ્યે, જ્યારે આખું શહેર ઊંઘતું હોય, ત્યારે કેસરબહેનનો ચૂલો સળગી ઊઠતો. એસ.ટી.ના ડ્રાઇવરો, વહેલી પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓ, મજૂરો–સૌના માટે એ કેબિન જાણે બીજું ઘર હતી.

કેસરબહેનના પતિ મનુભાઈ અઢાર વર્ષ પહેલાં ગુજરી ગયા હતા. પાછળ મૂકી ગયા હતા આ નાનકડી ચાની કેબિન અને છ વર્ષનો દીકરો જિજ્ઞેશ. લોકોએ કહ્યું હતું, બાઈ માણસ ચાની કેબિન કેવી રીતે ચલાવશે ? પણ કેસરબહેને હાર ન માની. એ જ કેબિનની કમાણીથી જિજ્ઞેશને ભણાવ્યો, મોટો કર્યો.

એક ખાસ વાત હતી કેસરબહેનની જે કોઈ ભૂખ્યો, હારેલો, પૈસા વગરનો એમની કેબિન પાસે આવતો, એને એ ક્યારેય ખાલી પેટે પાછો ન મોકલતાં. પૈસા પછી આપજે, બેટા. પહેલાં પેટ ભર, આ એમનું વાક્ય આખા સ્ટેન્ડમાં જાણીતું હતું.

કેસરબહેનના જેઠ – ધીરુભાઈ. શહેરમાં મોટો ફર્નિચરનો શોરૂમ. ગાડી, બંગલો, વટ. પણ ધીરુભાઈને પોતાની આ વિધવા ભાભીની ચાની કેબિનથી હંમેશા શરમ આવતી. લોકો શું કહેશે કે ધીરુભાઈ શેઠની ભાભી બસ સ્ટેન્ડ પર ચા વેચે છે !

આ વખતે ધીરુભાઈની દીકરી ખુશાલીના લગ્ન હતા – શહેરની સૌથી મોંઘી વાડીમાં. અને સૌથી મોટી વાત – મુખ્ય મહેમાન તરીકે આવી રહ્યા હતા જિલ્લાના કલેક્ટર સાહેબ. ધીરુભાઈ છેલ્લા મહિનાથી સૌને કહેતા ફરતા હતા, કલેક્ટર સાહેબ તો મારા અંગત સંબંધી જેવા છે, મારા ખાસ આમંત્રણથી આવે છે.

લગ્નના આગલા દિવસે રાત્રે, ધીરુભાઈ કેસરબહેનની કેબિન પર આવ્યા. ખિસ્સામાંથી નોટોનું બંડલ કાઢ્યું અને ગલ્લા પર મૂક્યું.

ભાભી, આ પચાસ હજાર છે. કાલે લગ્નમાં મોટા મોટા માણસો આવવાના છે, કલેક્ટર સાહેબ આવવાના છે. તમે તમે કાલે મંડપમાં ના આવતા. તમારી આ ચાવાળી ઓળખાણથી મારી ઈજ્જત જશે. આ પૈસા રાખો ને બે દિવસ ક્યાંક બહાર જતા રહો.

કેસરબહેનના હાથમાં ચાનો કપ ધ્રૂજી ગયો. અઢાર વર્ષ સુધી એમણે આ ખાનદાનની ઈજ્જત માટે ક્યારેય હાથ ન ફેલાવ્યો અને આજે એ જ ઈજ્જત એમના માટે કલંક બની ગઈ હતી.

બાજુમાં ઊભેલા જિજ્ઞેશનું લોહી ઊકળી ઊઠ્યું, - કાકા ! તમારી હિંમત કેવી રીતે-

જિજ્ઞેશ. કેસરબહેને દીકરાને રોક્યો પછી ધીમેથી નોટોનું બંડલ ધીરુભાઈ તરફ સરકાવ્યું.

પૈસા પાછા લઈ લો, ભાઈ. હું નહીં આવું. ખુશાલી મારી દીકરી જેવી છે, એના સારા દિવસે હું એના બાપની ઈજ્જત નહીં બગાડું.

ધીરુભાઈ સંતોષથી પૈસા લઈને ચાલ્યા ગયા. એમને લાગ્યું કે વાત પતી ગઈ.

પણ બીજા દિવસે બપોરે, જ્યારે વાડીના દરવાજે કલેક્ટર સાહેબની સફેદ ગાડી આવીને રોકાઈ, ત્યારે જે થયું એની કોઈએ કલ્પના પણ નહોતી કરી.

**ભાગ ૨ :**

કેસરબહેન મંડપમાં તો નહોતાં આવ્યાં. એ તો બસ પાછળના દરવાજે, ખુશાલી માટે પોતાના હાથે વણેલી એક ચાદર અને થોડી મીઠાઈ આપીને ચૂપચાપ નીકળી જવાનાં હતાં. પણ નીકળે એ પહેલાં જ કલેક્ટર સાહેબની ગાડી આવી ગઈ.

કલેક્ટર સાહેબ, અનિલ પરમાર, ગાડીમાંથી ઊતર્યા. ધીરુભાઈ દોડીને હાર લઈને સામે ગયા, ચહેરા પર ગર્વ છલકાતો હતો. કેમેરા, મહેમાનો, સૌની નજર કલેક્ટર સાહેબ પર હતી. પણ કલેક્ટર સાહેબની નજર ધીરુભાઈ પર નહોતી. એમની નજર વાડીના એક ખૂણે અટકી ગઈ, જ્યાં, સાદી સુતરાઉ સાડીમાં, કેસરબહેન ઊભાં હતાં.

કલેક્ટર સાહેબ ધીરુભાઈનો હાર બાજુ પર મૂકીને, ધીમે પગલે એ ખૂણા તરફ ચાલવા લાગ્યા. આખી વાડીમાં સન્નાટો છવાઈ ગયો. ધીરુભાઈ સમજ્યા નહીં, કલેક્ટર સાહેબ ક્યાં જઈ રહ્યા છે ?

કલેક્ટર સાહેબ સીધા કેસરબહેન સામે જઈને ઊભા રહ્યા. અને પછી, સૌની સામે, એ ઝૂકી ગયા. એમણે કેસરબહેનના પગે હાથ લગાવ્યો. આખી વાડી સ્તબ્ધ. ધીરુભાઈના હાથમાંથી હાર પડી ગયો.

મા તમે મને ઓળખ્યો ? કલેક્ટર સાહેબની આંખો ભીની હતી.

કેસરબહેન ગભરાઈ ગયાં, સાહેબ, આ શું કરો છો, હું તો સામાન્ય ? કલેક્ટર સાહેબ આખી ભીડ તરફ ફર્યા અને ઊંચા અવાજે બોલ્યા : આજથી બાવીસ વર્ષ પહેલાં, હું એક ગરીબ છોકરો હતો. સતત બે વાર સ્પર્ધાત્મક પરીક્ષામાં નાપાસ થયો હતો. ઘરના પૈસા ખલાસ થઈ ગયા હતા. ભણવાનું છોડીને હું આ જ નડિયાદના બસ સ્ટેન્ડ પર બેઠો હતો, એ વિચારીને કે હવે જીવીને શું કરવું. ત્રણ દિવસથી પેટમાં અન્નનો દાણો નહોતો ગયો.

ભીડ શ્વાસ રોકીને સાંભળી રહી હતી.

ત્યારે આ માએ, આ કેસરબાએ, મને એમની કેબિન પર બોલાવ્યો. ગરમ ચા ને ગાંઠિયા આપ્યા. મેં કહ્યું, બા, મારી પાસે પૈસા નથી. એમણે કહ્યું, પૈસા પછી આપજે, બેટા. પહેલાં પેટ ભર. પછી છ મહિના સુધી, રોજ, આ માએ મને મફતમાં ખવડાવ્યું. એક રૂપિયો પણ ન લીધો. અને જે દિવસે હું હાર માનીને ગામ પાછું જવાનો હતો, એ દિવસે એમણે કહેલું એક વાક્ય આજે પણ મારા કાનમાં ગૂંજે છે.

કલેક્ટર સાહેબનો અવાજ ધ્રૂજી ગયો 'બેટા, ભૂખ્યા પેટે કોઈ મોટું નથી બન્યું, ને હાર માનીને કોઈ આગળ પણ નથી વધ્યું. તું ખા, ને ફરી લડ.' એ ચા ને એ શબ્દોના જોરે હું આજે આ જિલ્લાનો કલેક્ટર છું. આ મા ન હોત, તો અનિલ પરમાર ક્યારનોય ખતમ થઈ ગયો હોત."

આખી વાડીમાં તાળીઓનો ગડગડાટ થઈ ગયો. કોઈની આંખ સૂકી નહોતી.

ધીરુભાઈ માથું ઝુકાવીને ઊભા હતા. ગઈ રાતનું એ પચાસ હજારનું બંડલ, એ "મોઢું ના બતાવતી", બધું એમના કાનમાં હથોડાની જેમ વાગી રહ્યું હતું. જે ભાભીને એ કલંક સમજતા હતા, એ જ ભાભીના કારણે આજે કલેક્ટર સાહેબ એમના ઘરે પગ મૂકવા આવ્યા હતા.

કલેક્ટર સાહેબે કેસરબહેનનો હાથ પકડ્યો અને એમને મંડપની વચ્ચે, મુખ્ય ખુરશી પર બેસાડ્યાં.

"આજે આ લગ્નનાં મુખ્ય મહેમાન હું નહીં, આ મા છે."

ધીરુભાઈ ધ્રૂજતા પગે ભાભી પાસે આવ્યા. એમની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એ કંઈ બોલી શકે એ પહેલાં જ કેસરબહેને એમના માથે હાથ મૂક્યો

"રડ નહીં, ધીરુ. ખુશાલીના લગ્નનો દિવસ છે. આજે કોઈ નાનું-મોટું નથી. આજે બસ આનંદ છે."

ધીરુભાઈ ભાભીના ખોળામાં માથું મૂકીને બાળકની જેમ રડી પડ્યા.

એ દિવસે આખા શહેરને સમજાઈ ગયું

માણસની સાચી કિંમત એની તિજોરીમાં પડેલા પૈસાથી નહીં, પણ એણે કોઈના ખરાબ દિવસોમાં આપેલી હૂંફથી અંકાય છે. જે હાથ ભૂખ્યાને રોટલો આપે છે, એ હાથ ભગવાન પણ ક્યારેય ખાલી નથી રાખતા.

**હૃદયસ્પર્શી ગુજરાતી વાર્તાઓ માટે ગુજરાતી વાર્તાઓનું આંગણું**

## WebSite પર પત્રિકા મેળવવા માટે

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

## What's APP પર પત્રિકા મેળવવા માટે

*પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

**(M) 9898535030, 9974127810**